કર ભલા હોગા ભલા
- છગનભા

વર્ષ : 4 • અંક : 3
મે-જૂન 2014
સળંગ અંક : 21

માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે



# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

## કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

The ancient and classical creations of the Sanskrit tongue both in quality and in body and abundance of excellence, in their potent originality and force and beauty, in their substance and art and structure, in grandeur and justice and charm of speech and in the heigh and width of the reach of their spirit stand very evidently in the front rank among the world's great literatures. The language itself, as has been universally recognised by those competent to form a judgment, is one of the most magnificent, the most perfect and wonderfully sufficient literary instruments developed by the human mind, at once majestic and sweet and flexible, strong and clearly-formed and full and vibrant and subtle, and its quality and character would be of itself a sufficient evidence of the character and quality of the race whose mind it expressed and the culture of which it was the reflecting medium.

Aurobindo

❊

Ths Sanskrit language, whatever be its antiquity, is of a wonderful structure; more perfect than the Greek, more copious than the Latin, and more exquisitely refined than either, yet bearing to both of them a stronger affinity, both in the roots of verbs and in the forms of grammar, than could possibly have been produced by accident; so strong, indeed, that no philologer could examine them all three, without believing them to have sprung from some common source, which, perhaps, no longer exists.

Sir William Jones



# સર્વ વિદ્યાલયનું ગૌરવ



**શ્રી અનિલકુમાર રામજીભાઈ રાણાવાસિયા** I.A.S.

**શેઠ સી. એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ**, ગાંધીનગરના ભૂતપૂર્વ વિદ્યાર્થી (વર્ષ ૨૦૦૨-૨૦૦૪) અને **મમતા આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટર, ગાંધીનગર**ના પ્રશિક્ષણાર્થી શ્રી અનિલકુમાર રામજીભાઈ રાણાવાસિયા I.A.S. થયા. તેમણે ઓલ ઇંડિયા રેન્ક AIR-434 મેળવીને ઉચ્ચતમ સિદ્ધિ હાંસલ કરી છે. ઉલ્લેખનીય છે કે તેમણે I.A.S.ની પરીક્ષા માટે વૈકલ્પિક વિષય તરીકે ગુજરાતી પસંદ કર્યો હતો અને SPIPAમાં પ્રશિક્ષણ મેળવ્યું હતું, પરંતુ Test Series માટે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત મમતા આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટર, ગાંધીનગરનો લાભ લીધો હતો.

શ્રી અનિલકુમારે નિરમા યુનિવર્સિટી, અમદાવાદ (૨૦૦૪-૨૦૦૮)માં B.Tech (E.C.)ની ડિગ્રી મેળવ્યા બાદ Tech Mahindra Ltd.માં સોફ્ટવેયર એન્જિનિયર તરીકે ત્રણ વર્ષ સુધી (૨૦૦૮-૨૦૧૧) સેવાઓ આપી હતી. આ દરમિયાન એક વર્ષ બ્રિટિશ ટેલિકોમ, લંડનમાં પણ સેવાઓ આપી હતી. આર્થિક સમૃદ્ધિની દષ્ટિએ લોભામણી આ નોકરી છોડીને આઈ.એ.એસ. થવાનો મક્કમ નિર્ધાર કરીને પ્રાયઃ ત્રણ વર્ષના કઠોર પરિશ્રમ બાદ તેમણે આ સિદ્ધિ હાંસલ કરી છે. કહેવાયું છે કે અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી તે શ્રી અનિકુમારે પોતાના ધ્યેયનિષ્ઠ પુરુષાર્થ થકી પુરવાર કરી આપ્યું.

ઉલ્લેખનીય છે કે શ્રી અનિલકુમારનું વતન પાલનપુર છે. તેમણે ધોરણ ૧થી ૬ સુધીનું પ્રાથમિક શિક્ષણ ડીસાની આદર્શ હાઈસ્કૂલના પ્રાથમિક વિભાગમાંથી મેળવ્યું હતું, ત્યાર બાદ ગાંધીનગરની સરકારી શાળામાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મેળવ્યું હતું. હાલમાં, તેઓશ્રી પોતાના પિતાશ્રીના નોકરીના સ્થળે ગાંધીનગરમાં નિવાસ કરે છે. સરનામું : બ્લોક નં. ૧૧૯/૪, ચ ટાઇપ, સેક્ટર-૨૧, ગાંધીનગર-૩૮૨૦૨૧ મો. ૯૭૨૬૭૮૧૯૩૭

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના પ્રેસિડેન્ટ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી- ગાંધીનગરના ચેરમેન શ્રી વલ્લભભાઈ એમ. પટેલ અને સમગ્ર સર્વ વિદ્યાલય પરિવાર પોતાના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી અનિકુમારને તેમની જ્વલંત સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન પાઠવે છે અને સફળતાનાં ઉચ્ચતમ શિખરો સર કરે તેવી અભિલાષા સેવે છે.

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

कर भला होगा भला

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

વર્ષ : ૪, અંક : ૩, મે-જૂન, ૨૦૧૪; સળંગ અંક : ૨૧

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ


- સંપાદકીય : સંસ્કૃત : ભારતનો આત્મા — મણિભાઈ પ્રજાપતિ ૧
- શ્રદ્ધાંજલિ : ગુજરાતની મહાજન પરંપરાના મોભી શ્રેષ્ઠીવર્ય શ્રી શ્રેણિકભાઈની ચિર વિદાય... ૬

૧. સંસ્થા પરિચય
  – સી. એમ. પટેલ કૉલેજ ઑફ નર્સિંગ, ગાંધીનગર — ડૉ. આર. જે. વ્યાસ ૮

૨. મિલ્ટનનું એક અંગત કાવ્ય — મોહનલાલ પટેલ ૧૧

૩. મહાત્મા ગાંધીજી મૅટ્રિક કેવી રીતે ભણ્યા ને પાસ થયા ? — ડૉ. મફતલાલ પટેલ ૧૩

૪. એહમદમિયાં ટાંગાવાળો — પ્રિ. કેશુભાઈ પટેલ ૧૫

૫. વલ્લભ વિદ્યાનગર અને અમદાવાદ — વિઠ્ઠલભાઈ અં. પટેલ ૧૯

૬. ડૉ. પ્ર. ચુ. વૈદ્ય — ડૉ. અરુણ મ. વૈદ્ય ૨૨

૭. વૈદ્યસાહેબ — આઈ. એચ. શેઠ ૨૬

૮. ઝૂંપડપટ્ટીમાં રહેતાં શ્રમજીવી બાળકોનો ‘અક્ષરજ્ઞાન’ વર્ગ — ડૉ. સોમભાઈ સી. પટેલ ૩૦

૯. ગ્રંથસૌરભ ૩૪
  – એક અષાઢે અમદાવાદ
  – ધ્રુવતારક : શ્રી માણેકલાલ પટેલની જીવનકથા
  – લોકસ્મૃતિમાં સયાજીરાવ


## સંપાદકીય

### સંસ્કૃત : ભારતનો આત્મા

સંસ્કૃત વાઙ્મય ભારતનો આત્મા છે – ભારતની અને ભારતીય અસ્મિતાની આગવી ઓળખ છે – સંસ્કૃતવિહીન સ્થિતિ આત્માવિહીન દેહ સમાન છે અને તેથી જ અનેકવિધ સુભાષિતો અને સૂક્તિઓમાં સંસ્કૃતનું મહિમાગાન કરવામાં આવ્યું છે. ઉદા. તરીકે : ‘ભાષાસુ મુખ્યા મધુરા દિવ્યા ગીર્વાણભારતી’ / ‘સંસ્કૃતમ્ સંસ્કૃતેર્મૂલમ જ્ઞાનવિજ્ઞાનવારિધિઃ । વેદતત્વાર્થ સંજુષ્ટમ્ લોકાલોકકરમ શિવમ્ ॥’ / ‘યાવદેવ પ્રતિષ્ઠા સ્યાત્ ભારતસ્ય મહીતલે । જ્ઞાનામૃતમયી તાવત્ સેવ્યતે સુરભારતી ॥’

સંસ્કૃત ભારતની પ્રાચીનતમ ભાષા હોવાનું અને આધુનિક ભારતીય ભાષાઓની જનની હોવાનું ગૌરવ ધરાવે છે. અરે ! ભારતની જ કેમ ? વિશ્વની પ્રાચીનતમ ભાષાઓ ઉદા. તરીકે ગ્રીક, લેટિન વગેરે ઉપર સંસ્કૃતનો પ્રભાવ હોવાનું વિશ્વના અગ્રણી ભાષાવૈજ્ઞાનિકોએ તેમનાં સંશોધનો દ્વારા સિદ્ધ કરી આપ્યું છે. આ સંદર્ભે આજથી પ્રાયઃ સવા બસો વર્ષ પૂર્વે રોયલ એશિયાટિક સોસાયટી, કોલકતામાં તા. ૨ ફેબ્રુઆરી, ૧૭૮૬ના રોજ ભાષણ આપતાં લબ્ધપ્રતિષ્ઠ પૌર્વાત્યવિદ સર વિલિયમ જોન્સે કહ્યું હતું કે ‘‘સંસ્કૃત ભાષાની પ્રાચીનતા ગમે તે હોય, પરંતુ તેની રચના અદ્‌ભુત છે. ગ્રીક ભાષાની તુલનાએ

**પત્રવ્યવહારનું સરનામું :**
**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કૅમ્પસ, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫ ફોન : ૦૭૯-૨૩૨૪૪૬૯૦, મો. ૯૬૦૧૨૭૩૮૩૬

અધિક પૂર્ણ, લેટિન ભાષાની અપેક્ષાએ અધિક શબ્દબહુલ (copious) અને આ બંનેની તુલનાએ અધિક પરિષ્કૃત છે. આ બંનેનાં ધાતુ, ક્રિયાઓ અને વ્યાકરણનાં સ્વરૂપોની દષ્ટિએ એકબીજા સાથે સુદઢ સાદશ્ય ધરાવે છે. કોઈ ભાષાવૈજ્ઞાનિક તેનું પરીક્ષણ કરીને એ નિષ્કર્ષ ઉપર પહોંચ્યા વિના ન જ રહી શકે કે આ બધી ભાષાઓ એક જ સ્રોતમાંથી નીકળી છે, જે આજે સંભવતઃ અસ્તિત્વમાં નથી.'' જ્યારે will Durant એ 'Sanskrit the mother of Europe's languages' અને Dr. David Frawley એ 'Sanskrit is the oldest most continually used language in the world' તરીકે ઓળખાવી છે. વીસમી સદીના અંતિમ ચરણમાં અમેરિકાની વિશ્વવિખ્યાત વૈજ્ઞાનિક શોધ સંસ્થા નાસાના વૈજ્ઞાનિક રિક બ્રિગ્સ (Rick Briggs) દ્વારા ઈ.સ. ૧૯૮૫માં પ્રકાશિત તેમના લેખમાં સંસ્કૃત ભાષા અને પાણિનિ વ્યાકરણને કમ્પ્યૂટર માટે વિશ્વની નેચરલ ભાષાઓ પૈકી સંસ્કૃત ભાષાને સર્વાધિક સમર્થ હોવાનું સ્વીકાર્યું છે. આ બાબત આપણા માટે ઘણી જ ગૌરવપ્રદ છે. અત્રે ઉલ્લેખનીય છે કે પાણિનિએ ઈ.સ. પૂર્વે પાંચમી સદીમાં સંસ્કૃત ભાષાનું વ્યાકરણ 'અષ્ટાધ્યાયી' રચ્યું હતું, જે આજે વિશ્વની પ્રમુખ ભાષાઓનાં વ્યાકરણોમાં એક શ્રેષ્ઠ વ્યાકરણ તરીકેની પ્રતિષ્ઠા ધરાવે છે.

સંસ્કૃત ભારતની સાંસ્કૃતિક એકતા અને અખંડતા જાળવી રાખતી કડી ભાષા છે. સંસ્કૃતમાં રચાયેલ વેદો, બ્રાહ્મણો, આરણ્યકો, ઉપનિષદો, પુરાણો, સ્મૃતિઓ, ધર્મશાસ્ત્રીય તથા દાર્શનિક ગ્રંથો, મહાકાવ્યો – રામાયણ અને મહાભારત વગેરે ભારતીય અધ્યાત્મવિદ્યાનો વારસો ધરાવે છે. યોગવિદ્યા પોતાની આગવી છે. ઉપનિષદો તો ભારતીય દર્શનનું સર્વોચ્ચ શિખર છે. ભગવદ્ગીતા ઉપનિષદોનું નવનીત છે અને તેથી જ કહેવાયું છે કે ''સર્વોપનિષદો ગાવો દોગ્ધા ગોપાલનન્દનઃ। પાર્થોવત્સુધીર્ભોકતા દુગ્ધંગીતામૃતમ ॥ અર્થાત્ 'ભગવદ્ગીતા તો ઉપનિષદ રૂપી ગાયો દોહીને શ્રીકૃષ્ણે એકઠું કરેલું દુગ્ધામૃત છે, કે જેનો ભોક્તા અર્જુનરૂપી વાછરડો છે.' આપણા ઋષિઓએ અધ્યાત્મની સાધનાની સાથે સાથે જ્ઞાનવિજ્ઞાનનાં અનેકવિધ ક્ષેત્રો જેમકે જ્યોતિષ, ગણિત, ખગોળશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, કૃષિવિજ્ઞાન, જીવવિજ્ઞાન, વૈદકસાસ્ત્ર, શિલ્પ-સ્થાપત્ય વગેરેમાં પણ ગૌરવવંતુ પ્રદાન કર્યું છે. આ બધા વિષયો સંબંધી સંસ્કૃતમાં રચાયેલ સમૃદ્ધ સાહિત્યની જાણકારી માટે ''History of Science, Philosophy and Culture in Indian Civilization''ના શીર્ષક હેઠળ પ્રગટ થઈ રહેલી વિદ્વત્ત ગ્રંથમાળા અંતર્ગત પ્રગટ થયેલા ગ્રંથોમાં ડોકિયું કરવું રહ્યું. આ ગ્રંથમાળા હેઠળ આ જ સુધી ૩૦ જેટલા બૃહદકાય ગ્રંથો પ્રગટ થયા છે, જેમાં દેશના શીર્ષસ્થ વિદ્વાનોનું અધીત પ્રગટ થયું છે. આ ઉપરાંત કવિઓએ સાહિત્ય અને સાહિત્યશાસ્ત્ર, નાટ્યશાસ્ત્ર, લલિતકળા વગેરે વિષયોના વિશ્વસાહિત્યમાં સ્થાન પામે તેવા ઉત્તમોત્તમ ગ્રંથોનું સર્જન કર્યું છે. 'મહાભારત' માટે કહેવાયું છે કે : ''ધર્મે ચાર્થે કામે ચ મોક્ષે ચ ભરતર્ષભ। યદિહાસ્તિ તદન્યત્ર યન્નેહાસ્તિ ન તત્ ક્વચિત્ ॥ અર્થાત્ 'ધર્મ, અર્થ, કામ એ મોક્ષના સંદર્ભે જે મહાભારતમાં છે તે અન્યત્ર પણ છે, જે અહીં નથી તે અન્યત્ર પણ નથી.' આ વાત પ્રાચીન – મધ્યયુગમાં પ્રચલિત જ્ઞાન-વિજ્ઞાન વિષયોના સંદર્ભે સંસ્કૃત માટે પણ કહી શકાય.

પ્રવર્તમાનકાળમાં પ્રવર્તી રહેલ કેટલીક દારુણ સમસ્યાઓ ઉદા. તરીકે પર્યાવરણ, પારિવારિક, ધાર્મિક, પ્રદેશવાદ, ભ્રષ્ટાચાર, વર્ગસંઘર્ષ વગેરેના ઉન્મૂલન તથા શાંતિ અને સમૃદ્ધની પ્રસ્થાપના માટે સંસ્કૃત વાઙ્મયમાં અનેકવિધ યુક્તિ-પ્રયુક્તિઓ દર્શાવવામાં આવી છે.

માનવસૃષ્ટિના કલ્યાણ માટે વિશુદ્ધ પર્યાવરણ અનિવાર્ય હોવા છતાં ઔદ્યોગિકરણની આંધળી દોટના કારણે વનસ્પતિશ્રીનો નાશ કરવામાં આવી રહ્યો છે. પર્યાવરણની સુરક્ષાએ આજની વૈશ્વિક સમસ્યા બની ગઈ છે. નદીઓ અને પાતાળનું પાણી પણ પીવા લાયક રહ્યું નથી, તો હવા પણ પ્રદૂષિત થઈ ગઈ છે. સજીવસૃષ્ટિ માટે વિશુદ્ધ પર્યાવરણ જાળવી રાખવાની ચિંતા આપણા ઋષિ-મુનિઓ અને કવિઓ સદીઓથી કરતા આવ્યા છે. આપણા આર્ષગ્રંથો અને પરવર્તીયુગીન કવિઓએ તેમની કૃતિઓમાં પ્રકૃતિનું ભારે ગૌરવપૂર્ણ રીતે મહિમાગાન કર્યું છે. 'શાઙ્ર્ગધરપદ્ધતિ'નાં સુભાષિતોમાં ધર્મ અને અર્થથી રહિત પુત્રોની નિરર્થકતા દર્શાવી વૃક્ષ રોપવા જણાવી

વૃક્ષારોપણને 'ધર્માર્થકામમોક્ષાણાં દ્રુમેભ્યઃ સાધનં યત્' અર્થાત ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું સાધન ગણવામાં આવ્યું છે. આ બધા ગ્રંથોમાં વૃક્ષોને પિતૃવંશનાં ઉદ્ધારક, પરલોક તારનાર, પુત્રવત હિતકારી, યજ્ઞસમાન ફળ આપનાર, ઈશ્વર સમાન પૂજા યોગ્ય વગેરે દર્શાવીને વૃક્ષચ્છેદનની પ્રવૃત્તિને દંડનીય અપરાધ ગણાવેલ છે. સર જગદીશચંદ્ર બોઝે વનસ્પતિમાં જીવ છે તે આધુનિક સમયમાં સાબિત કરી આપ્યું, પરંતુ સદીઓ પૂર્વે મહાભારતકારે સ્પષ્ટ દર્શાવ્યું છે કે – 'સુખદુઃખયોશ્ચ ગ્રહણાચ્છિન્નસ્ય ચ વિરોહણાત્ ! જીવં પશ્યામિ વૃક્ષાણામચૈતન્યં ન વિદ્યતે' (શાન્તિ. ૧૮૪/૮૭) અર્થાત્ 'વૃક્ષો સુખ-દુઃખ અનુભવ કરે છે, વૃક્ષો કપાઈ ગયા પછી પુનઃ અંકુરિત થાય છે એટલા માટે વૃક્ષોમાં જીવન દેખાઈ આવે છે. વૃક્ષ અચેતન અથવા જડ નથી. તે તો જીવિત પ્રાણી સમાન છે.' આ ઉપરાંત કાલિદાસ, ભવભૂતિ, બાણ વગેરે કવિઓએ કરેલાં પ્રકૃતિવર્ણનો અને તેમાં કરેલું માનવીયભાવોનું આરોપણ દર્શનીય બની રહે છે. માનવજાતના કલ્યાણ હેતુથી પર્યાવરણની મધુરતા અને સુંદરતાની ઋગ્વેદ (૪.૫૭.૩)માં મંગળકામના કરવામાં આવી છે, તેમ જ વૈદિક શાંતિમંત્રોમાં પર્યાવરણની સમતુલા જાળવવા સ્તુતિ પણ કરવામાં આવી છે. જેમકે 'ૐ દ્યૌઃ શાન્તિરન્તરિક્ષં....વનસ્પતયઃ શાન્તિઃ' વગેરે.

પારિવારિક સમસ્યાઓના ઉકેલ માટે 'રામાયણ' સર્વોત્તમ આદર્શ છે. તેનું પ્રત્યેક પાત્ર રોલ મોડેલનું ચિત્ર પ્રસ્તુત કરે છે. મહાભારત (શાન્તિપર્વ ૭.૮-૧૭)માં યુધિષ્ઠિર પણ રક્તરંજિત યુદ્ધબાદ મેળવેલ વિજયથી ઉદ્વિગ્ન છે અને અર્જુનને રાજ્ય સોંપીને દૂર જતા રહેવાની ઇચ્છા વ્યક્ત કરતા જોવા મળે છે. વૈચારિક એકતા જાળવી રાખવા માટે ઋગ્વેદ (૧૦.૧૯૧.૨)માં 'સં ગચ્છધ્વં સં વદધ્વં સં વો મનાંસિ જાનતામ' અર્થાત્ તમે સાથે સાથે ચાલો, તમે સાથે સાથે વાતો કરો, તમારાં સૌનાં મન એક બની જાય' અને 'સમાની વઃ આકૂતિઃ સમાના હૃદયાનિ વઃ । સમાનમસ્તુ વો મનો યથા વઃ સુસહાસતિ ॥' (૧૦, ૧૯૧.૪) અર્થાત્ 'તમારો સંકલ્પ એક સમાન બનો, તમારું હૃદય એક સમાન બનો, તમારું મન એક સમાન બનો કે જેથી સુંદરરૂપે તમારા સૌનું સાથે સાથે રહેવાનું થઈ શકે.' આ ઉપરાંત નારી સન્માન અને ગૌરવ જાળવવાની ભાવનાનાં સમગ્ર સંસ્કૃત વાઙ્મયમાં અત્ર-તત્ર દર્શન થાય છે, ઉદા. તરીકે 'યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતાઃ' (મનુ. ૩/૬૬). પ્રદેશવાદથી ઉપર ઊઠીને વસુધૈવ કુટુમ્બકમની ભાવના જાળવી રાખવા, 'પ્રચલિત રીતરિવાજ, પરમ્પરાઓ, ધર્મો વગેરેને માન્યતા આપવાની વાત પણ ગૌતમધર્મસૂત્ર (૧૧.૨૦) વગેરેમાં કહેવામાં આવી છે, 'મનુસ્મૃતિ'માં જાતિપ્રથા વિશે અને સવિશેષતઃ શુદ્રો વિશે અનુચિત વાત કરવામાં આવી છે, પરંતુ 'શ્રીમદ્ભગવદગીતા'માં ભગવાન શ્રીકૃષ્ણના મુખે તેનું નિરસન કરવામાં આવ્યું છે. પ્રામાણિક અને નીતિમય જીવન જીવવા સંબંધી ભર્તૃહરિ કૃત શતકત્રય, વિદુર કૃત વિદુરનીતિ ચાણક્યશતક વગેરે અનેકવિધ ગ્રંથોમાં ભરપૂર મહિમાગાન કરવામાં આવ્યું છે. સંસ્કૃતનું સુભાષિત સાહિત્ય વિશ્વસાહિત્યની એક અણમોલ નિધિ છે, તેમાં કાન્તાસમ્મિત ઉપદેશની સાથે સાથે ચેતવણીનો સ્પષ્ટ સૂર પણ જોવા મળે છે. આમ સંસ્કૃત વાઙ્મય રત્નોની ખાણ સમાન જ્ઞાન-વિજ્ઞાનની જાણકારી માટે આપણી અણમોલનિધિ છે. ભારતીય અધ્યાત્મ અને સંસ્કૃતથી અત્યંત પ્રભાવિત સુશ્રી જટસ્કૂએ ઈ.સ. ૧૯૭૭માં ડેનમાર્કમાં ભરાયેલ સાર્વજનિક ધર્મસંમેલનમાં તેના અધ્યક્ષપદેથી ઉચ્ચારેલ શબ્દો : 'O ye assembled scholars of the earth, if you desire to keep the atmosphre of the world quiet and calm, go to the saints in caves and forests of India : sit at their feet and learn divine wisdom from their holy lips and then propagate it in Europe and America !' અર્થાત્ 'અહીં એકત્રિત થયેલા વિશ્વના વિદ્વાનો જો તમે વિશ્વના પર્યાવરણને શાંત તથા સુખદાયક બનાવવા ઇચ્છતા હોય તો ભારતના સંતો પાસે તેમની ગુફાઓ અને વનોમાં જાઓ અને તેમનાં ચરણોમાં બેસીને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરો અને તેને યુરોપ અને અમેરિકામાં ફેલાવીને શાંતિનું રાજ્ય સ્થાપો' આપણા માટે ગર્વરૂપ બની રહે છે.

સંસ્કૃતમાંથી ઉદ્ભવેલ આધુનિક ભારતીય ભાષાઓએ બોલચાલ, લેખન, શિક્ષણ એ રાજભાષા તરીકે દરજ્જો હાંસલ કરતાં કાળક્રમે સંસ્કૃતનો ઉપયોગ

ઘટતો ગયો. આમ છતાં લેખનના માધ્યમ તરીકેનો તેનો અજસ્ર પ્રવાહ આજે પણ ચાલુ રહ્યો છે. હાલમાં એકાદ શતક જેટલી સંસ્કૃત પત્ર – પત્રિકાઓનું દૈનિક, પાક્ષિક, માસિક વગેરે ધોરણે નિયમિત રીતે પ્રકાશન થતું રહે છે. ઉદા. તરીકે સુધર્મા, ગાંડીવમ, શારદા, સંસ્કૃતશ્રી, ભારતી, અર્વાચીન સંસ્કૃતમ, સાગરિકા, વિશ્વસંસ્કૃતમ વગેરે ઉલ્લેખનીય છે. વિવિધ સાહિત્યસ્વરૂપોમાં પણ ગ્રંથરચનાઓ નિયમિત રીતે પ્રકાશિત થાય છે. આ લેખકના સર્વેક્ષણ અનુસાર સ્વાતંત્ર્યોત્તર સમયમાં સંસ્કૃત ભાષામાં ૩૦૦૦થી અધિક સંસ્કૃત ગ્રંથોનું અને આ પૈકી ૨૫૦ જેટલાં મહાકાવ્યોનું સર્જન – પ્રકાશન થયું છે. ભારતમાં એનાયત કરવામાં આવતો સાહિત્ય ક્ષેત્રનો સર્વોત્તમ ‘જ્ઞાનપીઠ પુરસ્કાર’ મહાકવિ ડૉ. સત્યવ્રત શાસ્ત્રીને તાજેતરનાં વર્ષોમાં એનાયત થયેલો છે. આમ છતાં સંસ્કૃતને ઉપેક્ષાવૃત્તિથી ‘Dead Language’ – ‘મૃતભાષા’ તરીકે ઓળખાવવામાં આવે તે કેટલા અંશે ઉચિત ગણાય ?

સંસ્કૃત ભાષા – સાહિત્યની અનેકવિધ રીતે મહત્તા અને ઉપયોગિતા હોવા છતાં તેના અધ્યયન અને અધ્યાપન કરનારાંઓની સંખ્યા દિનપ્રતિદિન ઘટતી જઈ રહી છે. ક્વચિત્ સાંભળવા પણ મળતું હોય છે કે સંસ્કૃત ભણીને શું મેળવવાનું ? શો ફાયદો ? ક્યાં અને કોણ નોકરી આપશે ? આ પૈકી પ્રથમ બે પ્રશ્નોમાં ભૌતિકવાદી દૃષ્ટિકોણ કારણભૂત છે, જે બદલવાની જરૂર છે, જ્યારે રોજગારી મેળવવાના પ્રશ્નના ઉત્તર માટે નિરુત્તર રહીએ તેનાં કેટલાંક કારણો દૃશ્યમાન છે. માધ્યમિક શિક્ષણમાં ત્રિભાષા ફોર્મ્યુલાના કારણે ધોરણ-૯ બાદ સંસ્કૃત વિષય પસંદ કરનારા વિદ્યાર્થીઓની સંખ્યા ઘણી ઘટી જાય છે, જેની સીધી અસર કૉલેજ શિક્ષણ દરમિયાન સંસ્કૃત મુખ્ય વિષય રાખનારાઓ ઉપર પડે છે, અર્થાત્ ધોરણ-૯ પછી જેણે સંસ્કૃતનો અભ્યાસ કર્યો નથી તે સ્વાભાવિક રીતે જ કૉલેજમાં ઐચ્છિક વિષય તરીકે સંસ્કૃત પસંદ ન કરે. એફ.વાય.બી.એ.માં પ્રશિષ્ટ ભાષા તરીકે સંસ્કૃત ફરજિયાત છે. અગાઉ પ્રિ. યુનિ. આર્ટ્સ અને એફ.વાય.બી.એ.માં સંસ્કૃત ફરજિયાત હતું, તેના સ્થાને હવે એક જ વર્ષ ફરજિયાત થયું. વળી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીએ એક ડગલું આગળ જઈને ફરજિયાત સંસ્કૃતના વિકલ્પે ગુજરાતી અને હિન્દી પસંદ કરવાની છૂટ આપવામાં આવતાં સંસ્કૃતના વિદ્યાર્થીઓની સંખ્યા ઉપર માઠી અસર થઈ રહી છે. પ્રશ્ન અહીં સંખ્યાનો નથી. પરંતુ મુખ્ય મુદ્દો છે સંસ્કૃત ભાષા-સાહિત્ય અને ભારતીય સંસ્કૃતિના સંવર્ધન અને સંરક્ષણનો અને આ હેતુસર ઉચ્ચ માધ્યમિક શિક્ષણ સુધી અને વિનયન વિદ્યાશાખાના સ્નાતક સુધીના અભ્યાસક્રમમાં સંસ્કૃતનું ફરજિયાત વિષય તરીકે અધ્યાપન દાખલ કરવું જોઈએ. આ ઉપરાંત વિનયન વિદ્યાશાખામાં એફ.વાય. અને એસ.વાય.બી.એ.માં દ્વિતીય ગૌણ વિષયોનું તથા CBCS યોજના હેઠળના વિષયોનું અધ્યાપન કરાવવામાં આવી રહ્યું છે. આ બધા વિષયોનું અધ્યયન કરનારા અને કરાવન્પપારા પ્રાયઃ ઉદાસીન વલણ ધરાવતા જોવા મળ્યા છે. આ વિષયોના સ્થાને સંસ્કૃતમાં રચાયેલ જ્ઞાન-વિજ્ઞાનના પસંદગીના વિષયોનું અધ્યાપન અનેકવિધ રીતે ફળદાયી બની રહેશે. પરિણામસ્વરૂપે વિદ્યાર્થી સંસ્કૃત ભાષા-સાહિત્ય ઉપરાંત ભારતીય ઇતિહાસ, સંસ્કૃતિ, ધર્મ-દર્શન, કાનૂન, જ્યોતિષ, વિજ્ઞાન, ટૅક્નૉલૉજી, વૈદક, ગણિત વગેરે અનેકવિધ વિષયોનો જ્ઞાતા બની રહેશે. ધ્યાને લેવું રહ્યું કે આજે આપણા ટોચના વૈજ્ઞાનિકો સંસ્કૃતમાં રચાયેલ વૈદક, વિજ્ઞાન, ટૅકનૉલૉજી, જ્યોતિષ વગેરે વિષયોની કૃતિઓના અધ્યયનમાં વિશેષ રસ–રુચિ લઈ રહ્યા છે. જો આપણા ભાવિ વૈજ્ઞાનિકો સંસ્કૃત ભાષાના જ્ઞાનથી પરિચિત જ નહીં હોય તો તે સંસ્કૃત ભાષામાં રચાયેલી જ્ઞાનસમૃદ્ધિનો ઉપયોગ કરવા કઈ રીતે સક્ષમ બનશે ? સંસ્કૃત ભાષામાં સંસ્કૃતના અધ્યયન પ્રતિ ગંભીરતાથી લક્ષ આપવામાં આવશે નહીં તો ફિરોજશાહ તઘલખ અને મોગલ બાદશાહ અકબરના સમયમાં પ્રાચીન અભિલેખોની લિપિ ઉકેલનાર લિપિવિદો રહ્યા ન હતા તેવી સ્થિતિ ભવિષ્યમાં સંસ્કૃત માટે સર્જાઈ પણ શકે છે. સંસ્કૃત હસ્તપ્રતોમાં ધરબાયેલ વિપુલ જ્ઞાનરાશીને ઉજાગર કરવા પંડિતોની જરૂરિયાતને તથા સંસ્કૃતને જીવંત ભાષા બનાવી રાખવા માટે સરકારે યોગ્ય પગલાં લેવાં જરૂરી બની રહે છે. અંગ્રેજી ભાષાના જ્ઞાનની અનિવાર્ય આવશ્યકતાની સાથે જ સંસ્કૃતનું મહત્ત્વ પણ સ્વીકારવામાં આપણું શ્રેય છે. આઝાદીનાં ૬૫ વર્ષ બાદ

ભારતીયતાની આગવી ઓળખ ધરાવનાર ભારતીય જનતા પક્ષની સરકાર શાસનનાં સૂત્રો સંભાળી રહી છે ત્યારે ભારતીય અસ્મિતાની આગવી ઓળખ એવી સંસ્કૃત ભાષાને ખરા અર્થમાં જીવંત ભાષા તરીકે પ્રસ્થાપિત કરવાની અપેક્ષા બની રહે છે. આ સંબંધી ઇઝરાયેલનું ઉદાહરણ લેવા જેવું છે. ઇઝરાયેલે મૃતપ્રાય હિબ્રૂભાષાને જીવંત કરીને રાષ્ટ્રીય ભાષાનો દરજ્જો આપ્યો છે. ઉલ્લેખનીય છે કે ખ્રિસ્તી ધર્મગ્રંથ 'બાઇબલ'ની મૂળભાષા હિબ્રૂ છે.

સંસ્કૃતના ભાવિ વિકાસ સંદર્ભે એક ખાસ પ્રોત્સાહક સમાચાર એ કે વર્ષ ૨૦૧૪ના જાન્યુઆરી માસમાં ભારત સરકાર દ્વારા ડૉ. સત્યવ્રત શાસ્ત્રીના અધ્યક્ષપદે ''દ્વિતીય રાષ્ટ્રીય સંસ્કૃત આયોગ''ની રચના કરવામાં આવી છે. ગુજરાત માટે ગૌરવપ્રદ ઘટના એ કે આ કમિશનના સભ્ય તરીકે સંસ્કૃતના પ્રકાંડ વિદ્વાન **ડૉ. ગૌતમ પટેલ**ની નિમણૂક કરવામાં આવી છે. અત્રે નોંધવું રહ્યું કે પ્રથમ સંસ્કૃત આયોગની રચના ડૉ. સુનીતિકુમાર ચેટરજીના અધ્યક્ષપદે ઈ.સ. ૧૯૫૬માં કરવામાં આવી હતી. 'સંસ્કૃત ભારતી' દ્વારા પ્રસંગોપાત્ત સંસ્કૃત સંભાષણ વર્ગોના સંચાલનથી સંસ્કૃત પ્રતિ જાગરૂકતા કેળવાતી જાય છે. ઉત્તરાખંડ રાજ્ય દ્વારા સંસ્કૃતને રાજભાષા તરીકેનો દરજ્જો પણ આપવામાં આવ્યો છે. ચાલો, આપણે સૌ વિશ્વ વિખ્યાત વૈજ્ઞાનિક સર સી. વી. રામનના દૂરંદેશી શબ્દો : ''Sanskrit flows through our blood. It is only Sanskrit that can establish the unity of the country.''નું ખરા અર્થમાં હાર્દ પામવા કૃતનિશ્ચયી બનીએ.

**મણિભાઈ પ્રજાપતિ**

## આત્મીયતા ને અલિપ્તતા

ગામડામાં જઈને ત્યાંના લોકોની સેવા કરવાના આદર્શને અમલમાં મૂકનારાઓમાં જેમ શ્રી જુગતરામભાઈ છે, તેમ શ્રી બબલભાઈ પણ છે. બન્નેમાં એક ભેદ છે. શ્રી જુગતરામભાઈને સેવા માટે સંસ્થાઓ ઊભી કરવાનો, ચલાવવાનો અને તેનો વિસ્તાર કરવાનો અનુભવ છે. તેમાં તેમને સફળતા પણ મળી છે. આ બાજુ શ્રી બબલભાઈએ કદી કોઈ સંસ્થા ખોલવાનો વિચાર સરખો નથી કર્યો. તેઓ મુક્ત સેવક થઈને ગુજરાતભરમાં ફરે છે, અનેક સંસ્થાઓમાં રહી ત્યાં આત્મીયતાથી સેવા કરે છે, અને છતાં અલિપ્તના અલિપ્ત. એમની પોતાની એવી એકપણ સંસ્થા નથી.

કોઈ પણ વ્યક્તિ, સંસ્થા અથવા પ્રવૃત્તિ સાથે સમરસ થઈ સેવા કરવામાં પૂરેપૂરું તાદાત્મ્ય હોવું જોઈએ. સાથેસાથે, મોહવશ ન થતાં અલિપ્તભાવ પણ તેની સાથે તેટલો જ હોવો જોઈએ. આવું તાદાત્મ્ય અને તાટસ્થ્ય એક જ વસ્તુ પ્રત્યે જે એકીસાથે કેળવી શકે, તેને હું યોગી કહું છું. એવો અદ્‌ભુત સેવાયોગ બબલભાઈએ સાધ્યો છે. બધા લોકો અને બધી સંસ્થાઓ તેમની છે, છતાં તેઓ કોઈની સાથે બંધાયેલા નથી. સેવાધર્મથી પ્રેરિત થઈને જેમ અસંખ્ય સંસ્થાઓમાં તેઓ ભળી જાય છે, તેવી જ રીતે અનેક કુટુંબોમાં પણ બબલભાઈનો પ્રવેશ છે.

લોકોની શક્તિ જોઈને એમને કટકે કટકે બોધ આપવો, એમની પાસે થોડું થોડું જીવન-પરિવર્તન કરાવવું, એ બબલભાઈની ખાસ હથોટી છે. લોકસેવાની એમની સફળતાની ચાવી આમાં જ રહેલી છે.

**કાકા કાલેલકર**

(મહેન્દ્ર મેઘાણી સંપાદિત 'અરધી સદીની વાચનયાત્રા-૧'માંથી સાભાર)

# શ્રદ્ધાંજલિ

## ગુજરાતની મહાજન પરંપરાના મોભી
## શ્રેષ્ઠીવર્ય શ્રી શ્રેણિકભાઈની ચિર વિદાય...



ગુજરાતની મહાજન પરંપરાના મોભી, સમગ્ર જૈન સમાજના સન્માનનીય, સર્વસ્વીકૃત, અને પરમ શ્રદ્ધેય પ્રાજ્ઞ પુરુષ, મૂલ્યનિષ્ઠ કેળવણીના હિમાયતી, શિક્ષણ સંશોધન અને સંસ્કૃતિની સંસ્થાઓના સંરક્ષક અને સંવર્ધક, ઉદ્યોગપતિ અને માનવતાનું ગૌરવશિખર એવા શ્રેષ્ઠીવર્ય શ્રી શ્રેણિકભાઈનું ૮૯ વર્ષની વયે અમદાવાદમાં પોતાના નિવાસસ્થાને તા. ૧૯ જૂન, ૨૦૧૪ના રોજ અવસાન થયું. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન અને કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલ અને સમગ્ર સર્વ વિદ્યાલય પરિવાર તેમના અવસાનથી ઘેરા શોકની લાગણી અનુભવતાં નોંધે છે કે તેઓશ્રી ખરાખર્થમાં એક લોકોત્તરપુરુષ હતા. તેમણે સમાજ અને રાષ્ટ્રનિર્માણના બહુવિધ ક્ષેત્રે કરેલ બહુશ્રુત પ્રદાન સદૈવ અવિસ્મરણીય બની રહેશે. ઈશ્વર સદ્‌ગતના આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

* * *

શ્રી શ્રેણિકભાઈનો જન્મ ગર્ભશ્રીમંત અને સંસ્કારસંપન્ન પરિવારમાં અમદાવાદમાં તા. ૨૮ ડિસેમ્બર, ૧૯૨૫ના રોજ થયો હતો. તેમના પિતા ઉદ્યોગપતિ, સંસ્થાસર્જક અને આર્ષદ્રષ્ટા શ્રેષ્ઠીવર્ય શ્રી કસ્તૂરભાઈ હતા. માતાનું નામ શ્રીમતી શારદાબેન હતું. તેમના મોટાભાઈનું નામ શ્રી સિદ્ધાર્થભાઈ હતું. શ્રી શ્રેણિકભાઈનાં ધર્મપત્ની શ્રીમતી પન્નાબહેનનું અવસાન થોડાંક વર્ષ પૂર્વે થયું હતું. તેમના પરિવારમાં પુત્રી કલ્પનાબેન અને પુત્ર શ્રી સંજયભાઈ છે. શ્રી સંજયભાઈ અરવિંદ લિમિટેડના ચીફ મેનેજિંગ ડિરેક્ટર છે.

શ્રી શ્રેણિકભાઈએ પ્રાથમિક શિક્ષણ નવી ગુજરાતી શાળા અને માધ્યમિક શિક્ષણ આર. સી. હાઇસ્કૂલમાંથી મેળવ્યું હતું. ગુજરાત કૉલેજમાંથી ઇન્ટર સાયન્સ સુધીનો અભ્યાસ કર્યા બાદ અમેરિકાની સુપ્રસિદ્ધ ઇન્સ્ટિટ્યૂટ – MIT માંથી B.S. (1946) કેમિકલ એન્જિનિયરિંગમાં થયા અને ત્યારબાદ વિશ્વવિખ્યાત હાર્વર્ડ બિઝનેસ સ્કૂલ, હાર્વર્ડ યુનિવર્સિટીમાંથી MBA (1948) ની ડિગ્રી મેળવી હતી. ઉચ્ચશિક્ષણ મેળવ્યા બાદ તેમણે પોતાના પરિવારની કાપડની મિલો ઉદા. તરીકે અરવિંદ, અરુણ, અશોક, નૂતન, ન્યુ કોટન, રાયપુર, સરસપુર વગેરે તથા અતુલ સ્ટાર્ચ લિમિટેડ, અનિલ સ્ટાર્ચ લિમિટેડ વગેરે કંપનીઓના વિકાસમાં ઘણો મોટો ફાળો આપ્યો હતો. તેમના રસ અને તજજ્ઞતાના બે મુખ્ય વિષયો : માનવ સંસાધન અને નાણાંકીય બાબતો હતા. તેમના વ્યક્તિત્વનાં આ બે ઉમદા અને તેજસ્વી પાસાંઓથી ઉદ્યોગગૃહો ઉપરાંત રાષ્ટ્રની ગૌરવરૂપ સંસ્થાઓ ઉદા. તરીકે શેઠ આણંદજી કલ્યાણજી પેઢી, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ, ઇન્સ્ટિટ્યૂટ ઑફ પ્લાઝમા રિસર્ચ, નેશનલ ઇન્સ્ટિટ્યૂટ

ઓફ ડિઝાઈન, સેન્ટર ફોર એન્વાયરમેન્ટ એન્ડ પ્લાનિંગ – CEPT, ભૌતિક અનુસંધાન પ્રયોગશાળા, અટિરા, નિરમા લિમિટેડ અને નિરમા યુનિવર્સિટી, અમદાવાદ એજ્યુકેશન સોસાયટી, એલ. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલોજી, ગુજરાત વિદ્યાસભા, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, કસ્તૂરભાઈ લાલભાઈ સ્વાધ્યાય મંદિર (ગુજરાતી સાહિત્ય પરિષદ), ગુજરાત મ્યુઝિયમ સોસાયટી વગેરેએ ઉન્નતિનાં શિખરો સર કરી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની આગવી ઓળખ ઊભી કરી હતી. આ બધી સંસ્થાઓના પ્રમુખ કે ગવર્નિંગ બોડીના સભ્ય તરીકે તેમણે આપેલ સેવાઓ અનન્ય હતી. આ ઉપરાંત ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમની ગવર્નિંગ બોડીના સભ્ય તરીકે તેમણે ગુજરાત રાજ્યના ઔદ્યોગિક વિકાસમાં સીમાચિહ્નરૂપ ફાળો આપ્યો હતો.

શ્રી શ્રેણિકભાઈ તેમનાં મિતભાષીપણા, પ્રખર બૌદ્ધિકતા અને નિષ્પક્ષતાના કારણે સમાજના સઘળા વર્ગોમાં પરમ શ્રદ્ધેય અને સર્વમાન્ય પ્રાજ્ઞપુરુષ તરીકે અસાધારણ આદર પામ્યા હતા. તેઓશ્રી હંમેશાં સમરસતા અને સંવાદિતાના પુરસ્કર્તા બની રહ્યા હતા, તેમજ તેમણે જૈનધર્મના સિદ્ધાંતો– અપરિગ્રહ વગેરેને ખરાઅર્થમાં આત્મસાત કર્યા હતા. પ્રાપ્તકર્મને પૂર્ણ નિષ્ઠા સાથે સંપન્ન કરવામાં તેઓશ્રી પોતાની ફરજ સમજતા. શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ તરીકે સતત ૩૧ વર્ષ અને ત્યાર બાદ નાદુરસ્ત તબિયતના કારણે માનાર્હ પ્રમુખ તરીકે મહિમાસંપન્ન સેવાઓ આપી હતી. આ કાર્યકાળ દરમિયાન આ પેઢીના ઉપક્રમે ભારતભરનાં ૧૨૦૦ જેટલાં જૈનતીર્થોના જીર્ણોદ્ધારના પ્રેરક તથા જૈનધર્મ અને સમાજની જાહેર પેઢીના સંચાલન માટે અનેકવિધ તંદુરસ્ત પ્રણાલિકાઓના પ્રસ્થાનકર્તા બની રહ્યા હતા. જૈનતીર્થોના જીર્ણોદ્ધારમાં તેમના ધાર્મિક દૃષ્ટિકોણ ઉપરાંત શિલ્પ–સ્થાપત્ય અને કલાસૂઝનાં પણ અનેરાં દર્શન થાય છે. આ તીર્થો પૈકી રાણકપુર, પાલિતાણાની જયતળેટી, કુંભારિયાજી, તારંગા, શેરીસા, ગિરનાર વગેરે વિશેષ ઉલ્લેખનીય છે.

ભારતીય વિદ્યા (ઇન્ડોલોજી)ની આંગળીના વેઢે ગણી શકાય તેટલી વિશ્વવિખ્યાત સંસ્થાઓમાં એલ.ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલોજી, અમદાવાદની ગણના થાય છે, જેનું શ્રેય શેઠશ્રીને જાય છે. આ ઇન્સ્ટિટ્યૂટ તેમના પિતાશ્રી શેઠશ્રી કસ્તૂરભાઈએ તેમના ગુરુસમાન આગમપ્રભાકર મુનિભગવંત પુણ્યવિજયજી મહારાજ સાહેબની પ્રેરણાથી સ્થાપના કરેલ હોવાથી તેઓશ્રી તેના માટે પૂર્ણતઃ સમર્પિત હતા. આ સંસ્થા માટે તેમને સમયનું કોઈ બંધન ન હતું. મુનિ ભગવંતની દીક્ષા શતાબ્દિ પર્વની ઉજવણી માટે તેમણે પૂરું પાડેલ નેતૃત્વ અને મહારાજ સાહેબની પ્રતીમાની ઇન્સ્ટિટ્યૂટ ભવનમાં પ્રસ્થાપના માટે તેમણે અંગત રીતે દાખવેલ રસ, લીધેલ કાળજી અને ફાળવેલ સમય અનન્ય હતાં. મહાકવિ ભવભૂતિના શબ્દોમાં 'લોકોત્તરાણાં ચેતાંસિ કો હિ વિજ્ઞાતુમર્હતિ' અર્થાત્ લોકોત્તરપુરુષો – મહાપુરુષોનાં અગાધ ચિત્તનો તાગ મેળવવા કોણ સમર્થ થઈ શકયું છે ? તેમણે નિઃસ્વાર્થભાવે બહુવિધ સંસ્થાઓને આપેલ સેવાઓને ધ્યાને લઈ કહીશું કે મહાજનસ્ય સંપર્ક : કસ્ય નોન્નતિકારક : અર્થાત્ મહાજનોનો સંપર્ક કોને ઉન્નતિકારક નથી ?

અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી શ્રેણિકભાઈના પરિવારના આદિપુરુષ શ્રી શાંતિદાસ ઝવેરી હતા કે જેઓ જૈન સમાજના અગ્રણી હોવા ઉપરાંત મોગલ બાદશાહ અકબર સાથે નીકટનો ઘરોબો ધરાવતા હતા. તેમના પૌત્ર શ્રી વખતચંદ શેઠે મરાઠાઓના આક્રમણથી અમદાવાદને બચાવ્યું હતું. શેઠશ્રી કસ્તૂરભાઈએ વિદ્વત્ત સંસ્થાઓની સ્થાપના અને તેના વિકાસમાં અહમ્ ભૂમિકા નિભાવી હતી અને આ જ માર્ગે સ્વ. શ્રેણિકભાઈ અપરિગ્રહ વૃત્તિ સાથે પ્રવૃત્ત હતા.

'કર ભલા હોગા ભલા' અને 'શિક્ષણ એ જ સેવા'ના ઉદ્દેશો સાથે સ્થપાયેલ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી–ગાંધીનગરનો પરિવાર મહાજન પરંપરાનું શતાબ્દીઓથી નિર્વહણ કરનાર આ વંશ અને તેના વારસદારોને શત્ શત્ પ્રણામ પાઠવે છે અને ઈશ્વરને પ્રાર્થે છે કે ગુજરાત આવા ઉદાહરણસ્વરૂપ મહાજનોથી સંપન્ન બની રહે.

મહાજનોના પંથે આપણે સૌ પ્રવૃત્ત બની રહીએ એ જ સદ્ગતને સાચી શ્રદ્ધાંજલિ.

# સંસ્થા પરિચય

## સી. એમ. પટેલ કૉલેજ ઑફ નર્સિંગ, ગાંધીનગર

**પ્રાસ્તાવિક :** મેડિકલ ક્ષેત્રમાં જેટલું મહત્ત્વ ડૉક્ટરનું છે એવું જ મહત્ત્વનું સ્થાન ટ્રેઈન્ડ નર્સિસનું છે. હૉસ્પિટલ, ગ્રામ્ય કે શહેરી આરોગ્ય કેન્દ્રમાં શ્વેતવસ્ત્ર પરિધાનમાં સજ્જ વિનમ્ર, સહિષ્ણુ અને દર્દીઓ પ્રત્યે સેવાનો અનુરાગ ધરાવતું સંવેદનશીલ વ્યક્તિત્વ પરિચારિકાઓનું છે. દેશ-વિદેશમાં તાલીમબદ્ધ પરિચારિકાઓની માંગ રહી છે અને રહેશે. આવી ઉદાત્ત અને સેવાભાવી નર્સને તાલીમ આપતી ગુજરાતની સુપ્રસિદ્ધ નર્સિંગ કૉલેજોમાંની એક સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર સંચાલિત શ્રીમતી ચંચળબેન મફતલાલ પટેલ નર્સિંગ કૉલેજ, ગાંધીનગર છે. આ કૉલેજની સ્થાપના માટે કૉલેજભવન, છાત્રાલય અને ઓડિટોરિયમ માટે અમેરિકા નિવાસી શ્રી મફતલાલ પટેલે કુલ મળીને રૂપિયા બે કરોડથી અધિક રકમનું દાન આપ્યું છે. આ કૉલેજ તેના ઇન્ફ્રાસ્ટ્રક્ચર, અનુભવી સ્ટાફ અને ઉચ્ચ ગુણવત્તાપૂર્ણ અધ્યાપનના કારણે ટૂંકા સમયગાળામાં આકર્ષણનું કેન્દ્ર બની છે.

**અભ્યાસક્રમો અને વિદ્યાર્થીસંખ્યા :** વર્ષ ૨૦૦૮માં INC એ માત્ર ૫૦ વિદ્યાર્થીઓના ઇન્ટેકની મંજૂરી આપી હતી. આજે તો આ સાધનસામગ્રી સજ્જ કૉલેજમાં M.Sc. Nursing, B.Sc. Nursing, G.N.M., Post Basic B.Sc. Nursing અને A.N.M. નર્સિંગ એમ પાંચ પ્રકારના અભ્યાસક્રમો ચાલે છે. જેમાં કુલ મળીને ૫૧૫ વિદ્યાર્થીઓ અભ્યાસરત છે.

**કૉલેજ પ્રવેશ પ્રક્રિયા :** B.Sc. Nursing, G.N.M., અને A.N.M. નર્સિંગમાં પ્રવેશ માટે બી.જે. મેડિકલ કૉલેજના એડમિશન સેલ દ્વારા મેરિટથી કેન્દ્રિય ધોરણે પ્રવેશ આપવામાં આવે છે, જ્યારે Post Basic B.Sc. Nursing અને M.Sc. Nursingમાં પ્રવેશ કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા પ્રવેશ પરીક્ષા અને ડિગ્રી કોર્સમાં મેળવેલ માર્કસના મેરિટના આધારે આપવામાં આવે છે, જેના અભ્યાસક્રમની ફી પણ સેન્ટ્રલ ફી કમિટી નક્કી કરે તે જ લેવાય છે અન્ય કોઈપણ પ્રકારની ફી વિદ્યાર્થીઓ પાસેથી લેવાતી નથી.

**નર્સિંગ કૉલેજ સ્ટાફ :** INC અને GNCના Normsના આધારે આ કૉલેજમાં ઉચ્ચ ડિગ્રી ધરાવતા અને અનુભવી સ્ટાફને પસંદ કરવામાં આવે છે. કૉલેજમાં અધ્યાપકોની સંખ્યા ૪૨ છે આ ઉપરાંત ૯ ડૉક્ટરોને Visiting Prof. તરીકે બોલાવવામાં આવે છે. M.Sc. Nursingમાં અનુભવના આધારે કાયમી ધોરણે નિયુક્ત ૧૧ પ્રોફેસરો છે. પ્રતિવર્ષ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ નીવડેલ બેથી ત્રણ અધ્યાપકોને M.Sc. માટે ડેપ્યૂટ કરે છે. કુલ નવ અધ્યાપકો M.Sc. માટે ડેપ્યૂટેશનના લાભાર્થી બન્યા છે. આ ઉપરાંત ૬ વહીવટી અને ૯ સહાયક કર્મચારીઓ અને ૩ ચોકીદારોની નિયુક્તિ કરવામાં આવેલી છે.

**કૉલેજની માળખાગત સુવિધાઓ :** કૉલેજના ત્રણ મજલા વિશાળ લેક્ચર-હોલ્સ, પ્રયોગશાળાઓ કમ્પ્યૂટર હૉલ, લાઈબ્રેરી અને સુસજ્જ ઓડિટોરિયમ હૉલ ધરાવે છે. કૉલેજનું પ્રાંગણ ઘટાદાર વનરાજી અને બાગ-બગીચાથી આચ્છાદિત છે. પ્રાંગણમાં ત્રણ અદ્યતન સુવિધાસજ્જ હોસ્ટેલો છે, જેમાં નર્સિંગની બહેનો ઉપરાંત M.Sc.IT, M.B.A. M.Sc.માં અભ્યાસ કરતી ૫૦૫ બહેનો શાંત અને સ્વસ્થ ચિત્તે અભ્યાસ કરે એવી સુવિધાઓ છે.

**સ્ટાફ નિવાસ :** કૉલેજના અધ્યાપકો માટે સુંદર આવાસો છે. તામિલનાડુ, કેરળ, રાજસ્થાન કે દૂરથી આવતાં અધ્યાપકો-અધ્યાપિકાઓને નિવાસો અપાય છે. આવાસ અને હોસ્ટેલોના રૂમો સ્વચ્છ હવા અને પ્રકાશથી સભર છે.

**લાઇબ્રેરી :** વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ અને અધ્યાપકો માટે કૉલેજ લાઇબ્રેરી Educational Hub બની છે. આ

લાઇબ્રેરીમાં અભ્યાસક્રમો અને સંશોધનને અનુરૂપ ૩૧૧૦ પુસ્તકો અને સંદર્ભ ગ્રંથો છે. ઉપરાંત 5-International Journals, 10-National Journals and 12 સામયિકો મંગાવવામાં આવે છે. ગ્રંથાલય સંચાલન માટે એક મુખ્ય લાઇબ્રેરિયન અને એક મદદનીશ લાઇબ્રેરિયન કાર્યરત છે. બંને બહેનો લાઇબ્રેરી સાયન્સમાં માસ્ટર ડિગ્રી ધરાવે છે. ગ્રંથાલય સવારના ૮થી ૫ વાગ્યા સુધી કાર્યરત રહે છે.

**લેબોરેટરીઝ :** કૉલેજમાં અભ્યાસક્રમોને અનુરૂપ શૈક્ષણિક સુવિધાઓથી સજ્જ લેબોરેટરીઝ છે, જેનાં નામ આ પ્રમાણે છે. ૧. ન્યુટ્રીશન લેબોરેટરી, ૨. કોમ્યુનિટી હેલ્થ લેબોરેટરી ૩. કમ્પ્યૂટર લેબોરેટરી ૪. ઓડિયો વિઝ્યુઅલ લેબોરેટરી ૫. ઓબ્સ્ટ્રેટિક અને પિડિયાટ્રીક લેબોરેટરી ૬. એનાટોમી લેબોરેટરી ૭. નર્સિંગ ફાઉન્ડેશન લેબોરેટરી આ બધી જ લેબોરેટરીઝ અત્યંત આધુનિક શૈક્ષણિક-મોડેલ્સ, ચાર્ટસ અને ઇન્સ્ટ્રુમેન્ટ્સથી સજ્જ છે. પિડિયાટ્રીક લેબમાં રૂ. ૧૫,૦૦,૦૦૦/-નું Simnew Model અમેરિકન સંવેદના ફાઉન્ડેશન તરફથી આ કૉલેજને ભેટ અપાયું છે, જે સમગ્ર ગુજરાતમાં એકમાત્ર આ કૉલેજમાં જ છે. આ ઉપરાંત Manikin મોડેલ્સ ઇત્યાદિ પણ અહીં ઉપલબ્ધ છે.

**વિવિધ હૉસ્પિટલ સાથે M.O.U. :** નર્સિંગ વિદ્યાર્થીઓની ખરી તાલીમ તો હૉસ્પિટલમાં પ્રેક્ટિકલ અનુભવ દ્વારા શક્ય છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા રૂપિયા એક કરોડ રોગી કલ્યાણ સમિતિમાં દાન આપી ગાંધીનગરની સિવિલ હૉસ્પિટલમાં હંમેશ માટે વિના મૂલ્ય તાલીમની સગવડો ઉપલબ્ધ કરાવી છે. આ કૉલેજનાં નીચેની હૉસ્પિટલો સાથે જોડાણ કરવામાં આવ્યાં છે.

૧. સિવિલ હૉસ્પિટલ ગાંધીનગર
૨. યુ.એન. મહેતા કાર્ડિયાક અને રિસર્ચ હૉસ્પિટલ, અમદાવાદ
૩. ઇન્સ્ટિટ્યૂટ ઑફ કિડની અને રિસર્ચ, અમદાવાદ
૪. સિવિલ હૉસ્પિટલ, અમદાવાદ
૫. મેન્ટલ હેલ્થ હૉસ્પિટલ, અમદાવાદ
૬. એમ.પી. શાહ કેન્સર રિસર્ચ સેન્ટર, અમદાવાદ
૭. પ્રમુખ સ્વામી યોગી સ્વામિનારાયણ હૉસ્પિટલ, શાહીબાગ, અમદાવાદ

આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં કોમ્યુનિટી સેન્ટર્સનાં નીચેનાં પ્રાયમરી હેલ્થ સેન્ટરોમાં વિદ્યાર્થીઓ તાલીમ લે છે... ઉનાવા, માણસા, પેથાપુર, ધોળાકૂવા, ઇન્દ્રોડા જેવા વિસ્તારોમાં નર્સિંગ ટ્યુટર બહેનોના માર્ગદર્શન પ્રમાણે ઘરે ઘરે જઈને કોમ્યુનિટી સેવાઓ આપે છે કે જેવી કે (૧) ફેમિલી વિઝિટ (૨) આરોગ્યલક્ષી સર્વે કુટુંબ કલ્યાણ સેવાઓ જેવી કે ડિલિવરી, ડાયેરીયા, ઓરી, અછબડા જેવાં દર્દો માટે કુટુંબ કલ્યાણ સેવાઓ અપાય છે.

- રાષ્ટ્રીય આરોગ્યલક્ષી કાર્યક્રમો જેમકે મલેરિયા, ટી.બી., ડેન્ગ્યૂ, ટાઈફોઈડ, કોલેરા, કેન્સર સ્ક્રીનીંગ, પોલિયો ડોઝ જેવી સંબંધિત સેવાઓ અપાય છે.
- પાંચ-છ કુટુંબોને ભેગાં કરી આરોગ્યલક્ષી શિક્ષણ અપાય છે.
- વ્યક્તિગત કાઉન્સેલિંગ સેવાઓ, દંપતી આરોગ્ય સેવા વગેરે... કોમ્યુનિટી સેવાઓની તાલીમ પણ પૂરી જવાબદારી અને ગંભીરતા સાથે અપાય છે.

**ટ્રાન્સપોર્ટ સેવાઓ :** વિદ્યાર્થીઓને ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારની હૉસ્પિટલો અને આરોગ્ય કેન્દ્રોમાં લાવવા-લઈ જવા માટે સર્વ વિદ્યાલય કેળવણી મંડળની બસો નિઃશુલ્ક સેવા આપે છે.

**શિક્ષણ પ્રશિક્ષણ અભિગમો :** આ અભ્યાસક્રમ મેડિકલને સ્પર્શતો હોવાથી વિદ્યાર્થીઓને સમજાય અને રસ-રુચિ ધરાવી વર્ગમાં અધ્યયનશીલ બને તે માટે અધ્યાપકો વૈવિધ્યપૂર્ણ પ્રયુક્તિઓ-પદ્ધતિઓ દ્વારા અભ્યાસ કરાવે છે. જેમકે...

૧. ગ્રૂપ પેનલ ડિસ્કશન
૨. IT નો ઉપયોગ કરી સ્ક્રીન પર અભ્યાસને અનુરૂપ આકૃતિઓ, ચાર્ટસ, મોડયુલ્સનો ઉપયોગ.
૩. પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વર્ગશિક્ષણ
૪. રોલ-પ્લે, એકાંકી દ્વારા રોગોનાં લક્ષણો તેને દૂર કરવાના ઉપાયો.
૫. Exhibition-conference જેવી Innovative Techniqueથી વર્ગશિક્ષણ.

**Assingments, Texts, Exams :** વિદ્યાર્થીઓ સ્વઅધ્યયન કરે એ પ્રકારના પ્રયત્નો થાય છે. નિયમિતપણે બોજ ન પડે તે રીતે સ્વાધ્યાયો લખાવા,

પ્રોજેક્ટ વર્ક તૈયાર કરવા, કમ્યુનિટી રિપોર્ટ તૈયાર કરવા પ્રેરવામાં આવે છે. અભ્યાસક્રમનો પ્રત્યેક યુનિટ પૂર્ણ થયા પછી સ્વાધ્યાયરૂપે યા અઠવાડિક કે પખવાડિક પરીક્ષા લઈને મહાવરો આપવામાં આવે છે. વર્ષમાં બે પરીક્ષાઓ યુનિવર્સિટીના પ્રશ્નપત્રના માળખા પ્રમાણે લેવાય છે.

**તજજ્ઞ વ્યાખ્યાનો :** મેડિકલ અને નર્સિંગ ક્ષેત્રનો બહોળો અનુભવ ધરાવતા વિદ્વાનોનાં વ્યાખ્યાનો પણ પ્રસંગોપાત્ત ગોઠવાય છે.

**સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ :** અભ્યાસક્રમની સાથે સાથે વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓના વ્યક્તિગત વિકાસાર્થે કૉલેજમાં અનેક પ્રવૃત્તિઓ યોજાય છે જેવી કે વક્તૃત્વ, સંગીત, રમતગમત, નિબંધ લેખન, ઉપરાંત એકપાત્રીય અભિનય અને નેતૃત્વ તાલીમ શિબિર યોજવામાં આવે છે.

**શૈક્ષણિક પ્રવાસ :** પ્રતિવર્ષ કૉલેજમાંથી શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવે છે. ગત વર્ષે રાજસ્થાન અને કચ્છના પ્રવાસો યોજાયા હતા. તદુપરાંત વૉટર પ્યોરી-ફિકેશન પ્લાન્ટ, ઘરડા ઘર, બહેરા-મૂંગાની શાળા, બ્લાઈન્ડ સ્કૂલ, સુએઝ પ્લાન્ટ, મધુર ડેરી, મંદબુદ્ધિનાં બાળકોની શાળા, હોસ્પાઈસ સેન્ટર જેવાં સ્થળોની મુલાકાત અને વાર્તાલાપ જેવી પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી.

**ફેકલ્ટી મેમ્બર્સ દ્વારા શૈક્ષણિક વિકાસ માટેના પ્રયત્નો :** અધ્યાપકો વિવિધ નર્સિંગ કૉલેજોમાં યોજવામાં આવેલ વર્કશોપ, સેમિનાર વગેરેમાં પણ સહયોગી બન્યા છે. અધ્યાપકોએ ચાલુ વર્ષ દરમિયાન ૧૨-વર્કશોપ, ૪ સ્ટેટ લેવલ સેમિનાર, ૨ નેશનલ સેમિનાર અને ૪ ફ્યુચરેસ્ટિક અને પ્રેઝન્ટેશન સંબંધિત રિસર્ચના વર્કશોપ, સેમિનારમાં ભાગ લીધો હતો.

**ટ્રેનિંગ સ્ટુડન્ટ્સ દ્વારા શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં લીધેલ ભાગ :** ગુજરાત અને મહારાષ્ટ્રમાં જ્યાં અનુકૂળતા જણાય ત્યાં અધ્યાપકની સાથે વિદ્યાર્થીઓએ પણ ૧૨-વર્કશોપ, ૫-સેમિનાર, ૪-કોન્ફરન્સ, ૮-પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશનમાં ભાગ લીધો હતો.

**વિદ્યાર્થીઓની વિશિષ્ટ સિદ્ધિઓ :**

૧. વર્ષ ૨૦૧૩-૧૪માં T.Y.G.N.M.માં ચૌધરી ચંપાબેને સમગ્ર ગુજરાતમાં દ્વિતીય સ્થાને રહી ડૉ. નૂપુર પટેલ ઍવોર્ડ પ્રાપ્ત કર્યો.

૨. કડી સર્વ વિદ્યાલય દ્વારા યોજાયેલ સ્પર્ધાઓ પૈકી યુવા રેલી અને ડિબેટમાં પ્રથમ ક્રમે વિજેતા, યુનિવર્સિટી આંતર-કૉલેજ સ્પર્ધામાં વોલીબોલમાં પ્રથમ, કબડ્ડીમાં તૃતીય અને ખોખોમાં દ્વિતીય સ્થાન મેળવ્યું હતું.

૩. રાજ્ય લેવલે અને રાષ્ટ્ર લેવલે યોજાયેલ રમતગમત સ્પર્ધાઓમાં ઊંચી કૂદ અને લાંબાકૂદકામાં જાગૃતિ ચૌધરી પ્રથમ સ્થાને રહી રૂ. ૪,૦૦૦/-નું ઇનામ મેળવ્યું. અને ઉષા પટેલે સ્વિમિંગ સ્પર્ધામાં પ્રથમ આવી ગોલ્ડ મેડલ અને સ્વિમિંગ ફ્રી સ્ટાઈલમાં દ્વિતીય આવી સિલ્વર મેડલ અને રૂ. ૮,૦૦૦/-નું ઇનામ મેળવ્યું.

**કેન્ડલ લાઈટ અને ઓથ સેરેમની :** નર્સિંગ કૉલેજમાં આ પ્રવૃત્તિનું વિશેષ મહત્ત્વ છે. કૉલેજના દાતા શ્રી મફતભાઈ પટેલ, યુનિ. પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડાયરેક્ટર શ્રી ડી. ટી. કાપડિયા અને રજિસ્ટ્રાર શ્રી સૂર્યકૃષ્ણન મંત્રાલાની ઉપસ્થિતિમાં આ વ્યવસાયમાં જોડાઈને પ્રમાણિક, નૈતિક અને જવાબદારી-પૂર્વક નર્સિંગ વ્યવસાયને સ્વીકારતી બહેનોએ કેન્ડલ લાઈટીંગ સેરેમનીની પ્રભાવક રીતે ઉજવણી કરી હતી.

**રાજ્ય સ્તરીય પરિસંવાદ :** વર્ષ ૨૦૧૩માં આ કૉલેજના યજમાન પદે આયોજિત રાજ્ય સ્તરીય પરિસંવાદમાં ગુજરાતની ૫૬ કૉલેજોમાંથી ૧૩૦૦ વિદ્યાર્થીઓ અને ૨૫૮ અધ્યાપકો-આચાર્યો ઉપસ્થિત રહ્યા હતા. આ કોન્ફરન્સની વિવિધ સ્પર્ધાઓમાં પણ આ કૉલેજની બહેનો અગ્રસ્થાને રહી ઍવોર્ડ વિજેતા બની હતી.

**જોબ પ્લેસમેન્ટ :** છેલ્લા વર્ષમાં સફળતા પામેલ બહેનો માટે (૧) એપોલો હૉસ્પિટલ (૨) સાલ હૉસ્પિટલ (૩) તેજ આઈ કેર હૉસ્પિટલ (૪) કૃષ્ણા હૉસ્પિટલ વગેરે હૉસ્પિટલોએ પોતાની જરૂરિયાત માટે કૉલેજમાં આવી ઇન્ટરવ્યૂ લઈ લગભગ બધા વિદ્યાર્થીઓને સારા પગાર અને ફેસેલિટી સાથે નોકરીમાં લઈ લીધા હતા. અભ્યાસ પૂર્ણ કરેલ લગભગ ૯ બહેનો યુ.એસ.એ., કેનેડા, ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં વધુ અભ્યાસ અથવા નોકરી માટે ગયેલ છે.

**ડૉ. આર. જે. વ્યાસ**
કેમ્પસ ડાયરેક્ટર અને કાઉન્સેલર,
સી. એમ. પટેલ કૉલેજ ઑફ નર્સિંગ, ગાંધીનગર

# મિલ્ટનનું એક અંગત કાવ્ય

**મોહનલાલ પટેલ**

## ON HIS BLINDNESS

*When I consider how my light is spent,*
*Ere half my days, in this dark world and wide,*
*And that one Talent which is death to hide,*
*Lodged with me useless, though my Soul more bent*
*To serve therewith my Maker, and present*
*My true account, lest He returning chide,*
*Doth God exact day-labour, light denied,*
*I fondly ask; But Patience, to prevent*
*That murmur, soon replies : God doth not need*
*Either man's work or his own gifts : who best*
*Bear His mild yoke, they serve Him best : His State*
*Is kingly, Thousands at His bidding speed*
*And post o'er Land and Ocean without rest :*
*They also serve who only stand and wait.* – **John Milton**

'They also serve who only stand and wait.' અવારનવાર જોવા મળતું આ અવતરણ મિલ્ટનના કાવ્ય 'On His Blindness'ની અંતિમ પંક્તિ છે. ઉત્કટ લાગણીથી આરંભાઈને એકાદ વિચારના દર્શનમાં પર્યવસાન પામતું આ કાવ્ય મિલ્ટનનાં ઉત્તમ સૉનેટો પૈકીનું એક છે. કવિએ આ કાવ્યમાં પ્રભુસેવાની વ્યાખ્યા કરી છે. પરમેશ્વર તરફથી પોતાને મળેલી કાવ્યશક્તિને એ શ્રેષ્ઠ બક્ષિશ માને છે. આ બક્ષિશ દ્વારા એ પરમેશ્વરની સેવા કરવા તીવ્રપણે ઝંખે છે. પણ હવે એ શક્ય રહ્યું નથી. કારણ કે કવિ હવે સંપૂર્ણપણે અંધ બની ચૂક્યા છે. અંધત્વના કારણે સેવાની ભાવનાને પહોંચેલી ઠેસ એક ક્ષણે તો પ્રતિક્રિયા રૂપે આવી ફરિયાદનું રૂપ ધારણ કરે છે : 'Doth God exact day-labour, light denied ?' પરમેશ્વર અજવાળું છીનવી લઈને, દિવસનું કામ અંધારામાં કરાવવા માગે છે ? પણ આ ફરિયાદને અંતરમાંથી તત્ક્ષણ પ્રગટેલા ધૈર્યનો ધક્કો પરાસ્ત કરી દે છે. અને કવિને વળતો જવાબ મળી જાય છે : 'ભગવાનને નથી માણસ પાસેથી કામ લેવાની જરૂર કે નથી એને પોતે આપેલી બક્ષિશ પાછી મેળવવાની અપેક્ષા. પરમેશ્વરની સેવા માટે તો એના ભૂમિ અને સમુદ્ર પરના અફાટ સામ્રાજ્ય ઉપર હજારો દૂતો એનો પડતો બોલ ઉઠાવી લેવા તૈયાર છે.'

મનમાં ઊઠેલી ફરિયાદનો નાશ થયા પછી કવિના ચિત્તમાં પરમેશ્વર પ્રત્યેની સેવા અંગેના વિચાર સ્ફુરે છે. એ વિચારના આધારે કવિ પરમેશ્વરની સેવાની વ્યાખ્યા બાંધતાં કહે છે, 'જે લોકો જીવનમાં આવી પડેલાં દુઃખો, આપત્તિઓ કે વિપત્તિઓને પરમેશ્વર તરફથી મળેલો હળવો બોજ સમજીને કશી જ રાવ-ફરિયા~~દ સિવાય~~ સ્વીકારી લે છે એ લોકો પરમેશ્વરની ઉત્તમ સેવા કરનારા છે. અને જે લોકો કશું જ કરી શકે એમ નથી અને જીવનમાં આવી પડતા સંતાપને ધીરજપૂર્વક સહી લેવાની તૈયારી રાખે છે તે પણ પરમેશ્વરની સેવા કરનારા છે.'

ઉપલક દૃષ્ટિએ સામાન્ય કાવ્યોની હરોળમાં હોવાનું જણાતું આ કાવ્ય એક અલગ વિશેષ સંજ્ઞા ધરાવતું કાવ્ય બની રહ્યું છે. એ મિલ્ટનનું અંગત કાવ્ય ગણાયું છે.

સાહિત્યકૃતિ અંગત હોઈ શકે ખરી ? જે કૃતિ સર્વાનુભવરસિક ન હોય એ સાહિત્યરચના ન હોઈ શકે. સાહિત્યકૃતિનું બીજ અંગત અનુભવ હોય પણ એ અનુભવ જ્યારે સાહિત્યનું રૂપ પામે ત્યારે બિનંગત બની

રહે. સાહિત્યરચનાની આ કસોટીમાં મિલ્ટનનું આ કાવ્ય બરાબર પાર ઊતરે છે. તો પછી એ અંગતપણાની છાપ કેમ પામ્યું ? ઉત્તર સ્પષ્ટ છે. મિલ્ટને આ કાવ્યને અંતે જે વિચાર રજૂ કર્યો અર્થાત્ કાવ્યમાં મિલ્ટને પ્રભુ સેવાની જે વ્યાખ્યા કરી એ સર્વસ્વીકૃત નથી, મિલ્ટનની અંગત છે. બીજી રીતે કહેવામાં આવે તો પ્રભુસેવાનો મિલ્ટનનો આ ખ્યાલ મિલ્ટનની એક અંગત માન્યતા છે. એ ફિલસૂફીનું સ્થાન પામે એવું સર્વમાન્ય દર્શન નથી. મિલ્ટને હિંમતપૂર્વક આ કાવ્યમાં પોતાની માન્યતાને દર્શનરૂપે મૂકી છે. એટલે તો એ માટે કહેવાયું છે, 'It is personal and shows his supreme courage and resignation in facing privation.'

જેનું દર્શન અંગત અને વિવાદાસ્પદ હોય એ કાવ્ય ઉત્તમ કલાકૃતિ શી રીતે બની શકે ? મિલ્ટનનું આ કાવ્યનું દર્શન વિવાદાસ્પદ હોવા છતાં એના અન્ય ગુણોને લીધે એ એક ઉત્તમ કાવ્ય બન્યું છે. આ કાવ્યમાં માનવ એના બરાબર માનવીય સત્ત્વ સાથે દેખાયો છે. ઉત્કટ લાગણી, એનો આરોહ-અવરોહ, હતાશામાં માનવસહજ પ્રતિક્રિયા, અંતરનો અવાજ (જેને મિલ્ટને Patient કહ્યો) અને ચેતોવિસ્તારના પરિણામે ભલે અંગત, પણ એક દર્શન. કાવ્યના આ ગુણ એને એક ઉત્તમ સાહિત્યરચનાની હરોળમાં મૂકવા માટે પર્યાપ્ત છે.

કાવ્યના આરંભમાં ઉત્કટ લાગણીનો ઊછળતો ઓઘ જોઈ શકાય છે. એમાં રહેલાં કવિની ઝંખના અને પારદર્શિતા સ્પષ્ટ છે. કવિ પોતાની કાવ્યશક્તિને પરમેશ્વર તરફથી મળેલી ઉત્તમ બક્ષિશ ગણે છે. પરમેશ્વર તરફથી મળેલી આ ઉત્તમ બક્ષિશનો ઉપયોગ કરીને, પોતાની સઘળી શક્તિને કામે લગાડીને કાવ્યસર્જન દ્વારા પરમેશ્વર પ્રત્યેનું ઋણ ચૂકવીને કવિ હિસાબ ચોખ્ખો કરવા માગે છે. આ ભાવના કાવ્યના આ શબ્દોમાં જોઈ શકાય છે '...my soul more bent to serve therewith my maker, and present my face account...'

કવિએ હમણાં કહી તે બક્ષિશ માટે 'Talent' શબ્દનો ઉપયોગ કર્યો છે અને તે દ્વારા બાઇબલની એક કથાનો સંદર્ભ સાંકળ્યો છે. મળેલી તકનો ઉપયોગ કેમ કરવો એ પોતાના શિષ્યોને સમજાવવા ઈસુ આ કથા કહે છે. કથા આ પ્રમાણે છે : ત્રણ નોકરોનો એક માલિક પરદેશ જતાં અગાઉ આ ત્રણ નોકરોમાં talentની વહેંચણી કરે છે. આ talent એક પ્રકારનું નાણું છે જે સિક્કા જેવા રૂપમાં હોય છે. ઈસુ પહેલા નોકરને પાંચ ટેલન્ટ આપે છે. બીજાને બે અને ત્રીજાને એક. વહેંચણી કર્યા પછી માલિક પોતે પરદેશથી પાછો આવે ત્યારે વહેંચેલા આ ટેલન્ટનો ઘટતો ઉપયોગ કરીને જે તે રકમ પાછી આપવાનું નોકરોને સૂચવે છે. માલિક પરદેશથી પાછો આવ્યો ત્યારે આપેલા ટેલન્ટ પાછા મેળવતી વખતે એ પહેલા નોકર પાસેથી દસ બીજા પાસેથી ચાર અને ત્રીજા પાસેથી એક મેળવે છે. ત્રીજા નોકરે પોતાને મળેલો ટેલન્ટ જમીનમાં દાટીને સાચવી રાખ્યો હતો. તે પાછો આપ્યો છે. બે નોકરોએ મળેલી તકનો ઉપયોગ કર્યો અને નાણાં બમણાં કર્યાં જ્યારે ત્રીજા નોકરે મળેલી તકનો ઉપયોગ ન કર્યો અને મૂળ ટેલન્ટ પાછો આપ્યો. આ વિવેકશૂન્યતા માટે એને માલિક તરફથી ઠપકો મળ્યો. આ કાવ્યમાં મિલ્ટન પોતાની જાતને પેલા ત્રીજા નોકર સાથે સરખાવે છે.

પોતે ત્રીજા નોકર સમાન છે એનો સંકેત કવિએ પોતાને મળેલી કાવ્યશક્તિના ટેલન્ટ શબ્દની સાથે 'One' સાંકળીને પોતાની સ્થિતિ સ્પષ્ટ કરી છે. એમાં પોતે પોતાને મળેલી શક્તિનો ઉપયોગ પરમેશ્વરની સેવામાં નથી કરી શક્યા એની ઊંડી વેદના છે.

મિલ્ટનના આ કાવ્યમાં ઉપર જણાવી તે લાગણીની સચ્ચાઈનો રણકાર એની શારીરિક સ્થિતિને આભારી છે. ઈ.સ. ૧૬૫૨ અને તે અગાઉના અરસામાં મિલ્ટન ઓલિવર ક્રોમવેલની રાજસત્તામાં લેટિન સેક્રેટરીના પદ ઉપર રહીને રાજકારણમાં ગળાબૂડ હતો. એ વર્ષોમાં મિલ્ટનની આંખોની દૃષ્ટિ દિનપ્રતિદિન નબળી પડી રહી હતી. પણ રાજકારણનો આ અઠંગ ખેલંદો એ તરફ ધ્યાન આપતો નહોતો. આખરે ઈ.સ. ૧૬૫૨માં એ આંખોનું નૂર સંપૂર્ણપણે ખોઈ બેઠો અને અંધ બન્યો ! હવે એણે રાજકારણમાં શારીરિક સક્રિયતા છોડવી પડી. એણે માર્ગ બદલ્યો. એ સારો સાહિત્યકાર તો હતો જ. એણે કવિતાનો આશ્રય શોધ્યો. અને અંધત્વના ગાળા દરમિયાન 'પેરેડાઈઝ લોસ્ટ' અને 'પેરેડાઈઝ રીગેઈન્ડ' નામનાં બે ઉત્તમ કોટિનાં મહાકાવ્યોની રચના કરી. અને અંગ્રેજી ભાષાનાં આભૂષણ બની રહે એવાં કેટલાંક સૉનેટ પણ રચ્યાં. જે પૈકી એક 'On His Blindness' હતું.

(૨૧/૫૦૧, સત્યાગ્રહ છાવણી, સેટેલાઇટ,
અમદાવાદ ૩૮૦૦૧૫,
ફોન ૦૭૯-૨૬૮૬૨૫૯૮)

# મહાત્મા ગાંધીજી મૅટ્રિક કેવી રીતે ભણ્યા ને પાસ થયા ?

**ડૉ. મફતલાલ પટેલ**

મૅટ્રિક પરીક્ષાને પહેલાં અંગ્રેજી ધો-૭ ગણવામાં આવતું હતું. ઈ.સ. ૧૮૮૬માં મોહનદાસ કરમચંદ ગાંધી મૅટ્રિકમાં આવ્યા. મૅટ્રિકની પરીક્ષા મુંબઈ યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી હતી. એ વખતે ગુજરાત અને કાઠિયાવાડનો વહીવટ અલગ અલગ ચાલતો હતો. સમગ્ર મુંબઈ રાજ્યમાંથી ઈ.સ. ૧૮૮૭માં મુંબઈ યુનિવર્સિટી સાથે મૅટ્રિક્યુલેશન પરીક્ષા માટે જોડાયેલી ૭૭ શાળાઓ હતી. કાઠિયાવાડ હાઈસ્કૂલમાં તેઓ ભણતા હતા. ધો-૬માં (અત્યારનું ધો-૧૦) ૪૯.૪% માર્ક્સ મેળવીને વર્ગમાં ચોથા નંબરે પાસ થયા હતા. વર્ગમાં ૩૩ વિદ્યાર્થીઓ હતા. એક પણ છોકરી ભણતી ન હતી.

એ વખતે સત્રની શરૂઆત ડિસેમ્બરથી થતી હતી, અત્યારે આપણા ત્યાં જૂનથી શરૂ થાય છે. ને વાર્ષિક પરીક્ષા નવેમ્બરમાં લેવાતી હતી. મૅટ્રિકનો અભ્યાસક્રમ મુંબઈ યુનિવર્સિટી નક્કી કરતી. એ વખતે અભ્યાસક્રમ મુખ્ય ત્રણ વિભાગમાં કુલ પાંચ વિષયોમાં વહેંચાયો હતો : (૧) ભાષાઓ (૨) ગણિતશાસ્ત્ર અને (૩) સામાન્ય જ્ઞાન. ભાષાઓના પ્રથમ વિભાગમાં ત્રણ કલાકનો અંગ્રેજીનો પ્રશ્નપત્ર રહેતો. પેરાફ્રેઈઝ કે અંગ્રેજીમાં ભાષાંતર તથા વ્યાકરણ અને લેખન પૂછાતાં; વળી આમાં મૌખિક પરીક્ષા પણ થતી, જેમાં પરીક્ષક કોઈ જાણીતા લેખકનો ફકરો પસંદ કરતા અને વિદ્યાર્થીને તે વાંચીને તેના ઉપર ચર્ચા કરવાની રહેતી. બીજી ભાષા, અંગ્રેજી સિવાયની બાકીની ૧૩ ભાષાઓમાંથી પસંદ કરવાની હતી : આમાં સંસ્કૃત, ફારસી જેવી છ શિષ્ટ ભાષાઓ હતી; યુરોપની બે આધુનિક ભાષાઓ હતી, અને ગુજરાતી, મરાઠી જેવી પાંચ પ્રાદેશિક ભાષાઓ હતી. આ ''ભાષાઓના વિભાગ''ના કુલ ૩૦૦ ગુણ હતા. બીજા વિભાગ ગણિતશાસ્ત્રમાં અંકગણિત, બીજગણિત અને ભૂમિતિ – એ વિષયો હતા. અંકગણિત અને બીજગણિતનો ૧૦૦ ગુણનો ત્રણ કલાકનો સંયુક્ત પ્રશ્નપત્ર રહેતો; અને ભૂમિતિનો ૭૫ ગુણનો બે કલાકનું પ્રશ્નપત્ર રહેતું. સામાન્યજ્ઞાનના ત્રીજા વિભાગમાં બે કલાક અને ૭૫ ગુણના બે પ્રશ્નપત્રો રહેતા. એક પ્રશ્નપત્ર ઇંગ્લૅન્ડ અને ભારતના પ્રાથમિક ઇતિહાસ અને પ્રાથમિક ભૂગોળનો બનતો : અને બીજો પ્રશ્નપત્ર 'નેચરલ સાયન્સ'નો બનતો હતો. આ ત્રણે વિભાગોના બધા વિષયો માટે મૅટ્રિકના વિદ્યાર્થીને લગભગ ૧૮ પુસ્તકોનો અભ્યાસ કરવાનો રહેતો હતો !

એ જમાનામાં પ્રથમ સત્રના અંતે છ માસિક પરીક્ષા લેવામાં આવતી હતી. તેઓના વર્ગમાં કુલ ૪૦ વિદ્યાર્થીઓ હતા. છમાસિક પરીક્ષામાં સારા ગુણ આવે, એટલે પાસ થાય તો જ મૅટ્રિકની પરીક્ષાનું ફોર્મ ભરી શકાય તેવો નિયમ હતો. મોહનદાસ ભણવામાં સામાન્ય વ્યક્તિ હતા. છ માસિક પરીક્ષામાં તેઓએ અંગ્રેજીમાં ૧૫૦માંથી ૪૩ ગુણ મેળવ્યા હતા. સંસ્કૃતમાં ૧૦૦માંથી ૨૫, ગણિતમાં ૧૭૫માંથી ૬૭ તથા ઇતિહાસ-ભૂગોળમાં ૭૫માંથી ૨૭, વિજ્ઞાનમાં ૭૫માંથી ૨૧ ગુણ મેળવ્યા હતા. કુલ ૫૭૫માંથી ૧૮૩ ગુણ એટલે ૩૧.૮ ટકા માર્ક્સ મેળવી લાવેલા. પરિણામ પત્રકમાં 'Fail' એવી નોંધ કરી હતી.

બીજા સત્રને અંતે પ્રિલિમિનરી પરીક્ષા લેવાઈ, જેમાં કુલ ૩૨ વિદ્યાર્થીઓ બેઠા હતા. ૪૦માંથી ૮ વિદ્યાર્થીઓ પ્રિલિમિનરી પરીક્ષામાં બેઠા જ નહિ. ને જે બેઠા તેમાંથી ૧૫ વિદ્યાર્થીઓ નાપાસ થયા જેથી તેઓ મૅટ્રિક્યુલેશન પરીક્ષામાં ફોર્મ ભરી શક્યા નહિ. મોહનદાસ માંડ માંડ પ્રિલિમિનરીમાં પાસ થયા. તેઓનો ૧૭માંથી દસમો ક્રમ હતો. જોકે અંગ્રેજી અને સામાન્યજ્ઞાનમાં નાપાસ થયેલા પણ ત્રણ મુખ્ય વિષયમાં

પાસ થવાથી ફોર્મ ભરવા દીધું હતું. એ વખતે સમગ્ર ગુજરાતમાં એક જ સેન્ટર હતું ને તે હતું અમદાવાદ. રાજકોટથી મોહનદાસને પરીક્ષા આપવા અમદાવાદ આવવાનું હતું. અમદાવાદમાં કદી આવેલા નહિ, કદી જોયેલું નહીં. ક્યાં જવું ? કોના ત્યાં ઊતરવું આ પ્રશ્ન તેઓના માટે મૂંઝવણનો હતો. એ વખતે રાજકોટથી અમદાવાદ આવવા માટે બસની વ્યવસ્થા ન હતી. ગાડીમાં જ આવવું પડે. અમદાવાદમાં મુસાફરી કરવાનો આ તેઓનો પ્રથમ અનુભવ હતો. પરીક્ષા ૧૮મી ઓક્ટોબર ૧૮૮૭ના દિવસે શરૂ થઈ હતી. લેખિત પરીક્ષા પછી અંગ્રેજી વિષયની મૌખિક પરીક્ષા લેવાતી હતી, ને મૌખિક પરીક્ષા આપવા ઘણો સમય રોકાવું પડતું હતું. જેથી અમદાવાદ થોડો સમય રોકાયા. એ વખતે ભણતા તમામ વિદ્યાર્થીઓને અંગ્રેજ સરકાર સ્કોલરશિપ આપતી હતી. સ્કોલરશિપ દર ત્રણ મહિને અપાતી હતી. સ્કોલરશિપની બધી જ રકમોની પહોંચોમાં મોહનદાસે પોતે જે સહી કરી છે, તેમાં Mohandasની જગ્યાએ Mohandass લખ્યું છે. તેઓ મોહનદાસનો સ્પેલિંગ પોતાની રીતે લખતા હતા.

સમગ્ર મુંબઈ રાજ્યમાંથી એ વખતે ૩૦૬૩ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા, જેમાં મોહનદાસનો પરીક્ષા નંબર ૨૨૭૫ હતો. ૩૦૬૩માંથી માત્ર ૮૨૩ વિદ્યાર્થીઓ મૅટ્રિકની પરીક્ષામાં પાસ થયા હતા. ૨૨૪૦ વિદ્યાર્થીઓ નાપાસ થયેલા. એ જમાનામાં મેટ્રિક્યુલેશનની પરીક્ષા પાસ કરવી અઘરી હતી. ૮૨૩ પાસ થયેલા વિદ્યાર્થીઓમાં તેઓનો બોર્ડમાં ૪૦૪મો ક્રમ હતો, પોતાની શાળામાંથી ૧૭ વિદ્યાર્થીઓ બેઠેલા એમાં ૧૦ પાસ થયા હતા. ને એમાં તેઓનો ક્રમ પાંચમો હતો. કાઠિયાવાડની પાંચ હાઈસ્કૂલોમાંથી કુલ ૩૪ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા, તેમાં મોહનદાસનો ક્રમ ૧૬મો હતો.

મેટ્રિક્યુલેશન પરીક્ષામાં કુલ ગુણ ૬૨૫ હતા. જેમાં અંગ્રેજી-૨૦૦, ગુજરાતી-૧૦૦, ગણિત-૧૭૫ અને સામાન્ય જ્ઞાન-૧૫૦. આમાંથી મોહનદાસને અંગ્રેજીમાં ૮૯, ગુજરાતીમાં ૪૫.૧/૨, ગણિતમાં ૫૯ અને સામાન્ય જ્ઞાનમાં ૫૪ ગુણ આવેલા. કુલ ૬૨૫માંથી ૨૪૭.૧/૨ ગુણ મેળવેલા. ૪૦ ટકા માર્ક્સ મેળવીને તેઓ પાસ થયા હતા.

અહીં એક વાત નોંધવા જેવી છે કે ભારતના ત્રણ ઉચ્ચકક્ષાના નેતાઓ કે જેઓએ દેશની આઝાદી માટે પોતાનું જીવન સમર્પિત કરેલું છે, તેઓનું મેટ્રિક્યુલેશનનું પરિણામ જાણવા જેવું છે.

૧. બાળગંગાધર તિલક કે ઈ.સ. ૧૮૭૨માં મૅટ્રિક પાસ કરી, તેઓને ૪૭.૧ ટકા માર્ક્સ મેળવેલ હતા.
૨. ગોપાલકૃષ્ણ ગોખલેએ ઈ.સ. ૧૮૮૧માં મૅટ્રિક પાસ કરી, તેઓના માર્ક્સ ૪૨.૨ ટકા હતા, ને
૩. ગાંધીજીએ ઈ.સ. ૧૮૮૭માં મૅટ્રિક પાસ કરી, તેઓના માર્ક્સ ૪૦% હતા.

આ ત્રણેય વ્યક્તિઓના વિષયવાર ગુણાંક જોતાં એવું જણાય છે કે શ્રી મોહનદાસને ટિળક અને ગોખલે કરતાં ભાષાઓ ઉપર વધુ કાબૂ હતો.

મૅટ્રિક થયા પછી હવે શું કરવું ? એ પ્રશ્ન મોહનદાસના પરિવારને મૂંઝવતો હતો. મૅટ્રિક પછી ડૉક્ટરી લાઈનમાં પ્રવેશ મળતો હતો પણ તેઓના મોટાભાઈ લક્ષ્મીદાસ ગાંધીજીના માર્ગદર્શક હતા. ડૉક્ટરી લાઈનમાં મોકલવામાં લક્ષ્મીદાસ માનતા ન હતા. કારણ કે જીવહિંસા કરીને જ જ્ઞાન મળતું હતું. જેથી 'ચામડાં ચૂંથવાનો' ધંધો સારો નથી. ત્યારપછી તેઓ ભાવનગરની શામળદાસ કૉલેજમાં દાખલ થયા. પણ ત્યાં ફાવતું ન હતું. સાપ્તાહિક અને છમાસિક પરીક્ષાનાં તેઓનાં પરિણામો નિરાશાજનક હતાં. પ્રથમસત્ર પછી રજાઓમાં ઘેર આવ્યા પછી શામળદાસ કૉલેજમાં ફરી જવાની જ ના પાડી દીધી. હવે શું કરવું ? તેઓના કુટુંબમાં વડીલ તરીકેનો મોભો ધરાવનાર માવજીભાઈ દવે હતા. તેઓએ કુટુંબના લોકોને સમજાવ્યું કે કૉલેજનો સમય બગાડ્યા કરતાં વિલાયત જઈ બૅરિસ્ટર થવાની સલાહ આપી, ને ત્યારબાદ તેઓ ઇંગ્લૅંડ ભણવા ગયા, ને ત્યાં જઈને ભણ્યા તેની વાત ગાંધીજીએ પોતાની જ આત્મકથામાં કરી છે.

ગાંધીજીએ મૅટ્રિક એટલે ધો-૧૧ની પરીક્ષામાં કેવી રીતે સફળતા મેળવી તેની વિગતે ચર્ચા કરી છે. એ વખતના જમાનામાં લાઈટ નહિ, ટ્યૂશન પણ નહિ, પૂરતાં કપડાં નહિ. પગમાં ચંપલ નહિ. પૂરતી સગવડો નહિ છતાં જાતમહેનત કરીને પોતે ભણ્યા, તે આજના વિદ્યાર્થીઓ માટે જાણવું જરૂરી છે.

(૩૫, સ્વામી ગુણાતીતનગર સોસાયટી,
વિવેકાનંદ ચોક, મેમનગર, અમદાવાદ-૫૨.
મો. ૯૮૨૪૦૨૧૦૬૩)

# એહમદમિયાં ટાંગાવાળો

પ્રિ. કેશુભાઈ પટેલ

બાળપણ અને યૌવન વચ્ચેનો સંધિકાળ એટલે મુગ્ધ તરુણાવસ્થા. 'ટીનેજ.' હસતા, કૂદતા નિર્દોષ બાળપણને પાંખો ફૂટે અને ફફડાવે ઊડુ ઊડુ થાય. આ કિશોરજીવનમાં પછી કલ્પનાની આંખે રૂપ, રંગ, રસની એક અદ્‌ભુત સૃષ્ટિ દેખાય, જાતનું થોડું થોડું ભાન થાય, રીસ ચઢે, ક્યારેક મારામારી કરે. નવીસવી સાહસવૃત્તિએ કશુંક કરી નાખવાના અભરખા સેવે, બંડખોરી વધે. શમણાંની પાંખે ઊડવા કરતી આ અવસ્થાનું એક પાસું નાદાનિયત. નાદાન છોકરો એટલે વિકૃત નહિ પણ પરિણામનો વિચાર કર્યા વગર કશુંક ન કરવાનું કરી બેસે. બાર-તેર વર્ષની ઉંમરે હું અને મારો મિત્ર મણિલાલ (સોમ) ઘેરથી નાસી ગયેલા. મણિલાલે બીજ રેડેલાં. એને તો સાત ભાઈઓ, એ સૌથી મોટો, ઘરમાં વડીલો ટોકે, મહેનત કરતાં જોર આવે એટલે અમારા ગામના બીજા ભાઈઓની જેમ મિલમાં સાંચા ચલાવી, કમાણી કરવાની ખેવના હશે. પણ એના વાદે ચઢી હું શા માટે નાસી ગયેલો એનો વિચાર કરતાં આજ દિન સુધી મને ઉત્તર મળ્યો નથી.

હું મારાં માતા-પિતાનું એકનું એક લાડકું સંતાન. મારું મોં જોતાં જોતાં એમનો અકેક દિવસ વીતે. સંપન્નતામાંથી સામાન્ય સ્થિતિમાં આવી ગયેલા મારા વત્સલ પિતા મેં આકાશનો તારો માગ્યો હોય તો યે હોંકારો ભણે. એમના વાત્સલ્ય આગળ નંદજશોદા ઝાંખાં પડે. – અતિશયોક્તિ નથી કરતો. આ મા-બાપ સવારે મને નહિ જુએ તો એમની ઉપર કેવો પહાડ તૂટી પડશે એનો આજે વિચાર કરતાં એ થથરી જાઉં છું. માત્ર નાદાનિયત, ! કેવળ સંગદોષ !

અમે એ વખતે અમારા ડેલાના મેડા ઉપર વાંચતા અને ત્યાં જ સૂઈ રહેતા. પાંચેક વાગે સવારે ઢંઢોળીને મણિલાલે મને જગાડ્યો. ઇશારો કર્યો. ચૂપચાપ અમે દાદરનાં પગથિયાં ઊતરી ગયા અને ઊંઝાની વાટ પકડી. ખેતરોની પગદંડીએ વસવારાં જાગે એ બીક, અને નેળિયાની વાટે કોઈ સામું મળે તો ? એટલે નેળિયાના ઉપલાણે ખેતરનાં અડાબીડ જોડિયાં કૂદતાં-કૂદતાં મક્તુપુર પહોંચ્યા ત્યારે મળસ્કું થયું. ખળવાડમાં બે ભાઈએ અમને જતા જોયા પણ ખરા. ઊંઝા સ્ટેશનથી સવારે અમદાવાદ જતી ફાસ્ટ ટ્રેનમાં અમે ચઢી ગયા. લગભગ પહેર્યા કપડે હતા. પાસે કંઈ પૈસાય નહિ.

અમદાવાદમાં મારા મામાના દીકરા પ્રભુદાસ રહે. મિલ કામદાર ઉપરાંત મજૂર મહાજનના મેમ્બર હતા. ખાદી પહેરે. અને સ્વભાવે માયાળુ. થોડા દિવસ ઉપર મારે ઘેર આવેલા ત્યારે મને અમદાવાદ જોવા-ફરવા આવવા કહેલું. વાતવાતમાં એ અસારવા જહાંગીરપુરાની પ્રભુદાસની ચાલીમાં રહે છે એમ કહેલું. પાકું સરનામું તો નહિ. પણ એટલી માહિતી ઉપરથી ઘર ખોળી કાઢીશું એવી ગણતરી હતી. અમે સિદ્ધપુર જોયેલું એટલે શહેરની કલ્પના હતી. પણ આ તો એવાં દસ શહેર સમાવે એવું મહાનગર.

પેસેન્જર નીકળી ગયા પછી અમે બહાર સરક્યા. ચોગાનમાં એક ઘોડાગાડીવાળો એને વાત કરી. એ કહે : ભાઈ, આવા સરનામાની મને ખાતરી નથી. તમે બતાવો ત્યાં લઈ જઈશ. ભાડું ઠરાવી અમે બેઠા. ગાડી ચાલી. સરકતા મોટાં ગંજાવર મકાનો, વાહનો અને માણસોની ભીડ. મોટાં મોટાં સાઇનબોર્ડ વગેરે જોતાં અમદાવાદની જાહોજલાલી અને પથરાવનો અહેસાસ થયો. આ ભીડ જોઈ થોડી ચિંતા પણ થઈ. ગાડીવાળો મુસલમાન હતો. પણ દયાળુ અને નેકદિલ. અમને લઈ જહાંગીરપુરા પહોંચ્યો ત્યારે ખબર પડી કે આ બે સ્થળો તો એકબીજાથી જુદાં – મોટા ગામ જેવડાં હતાં. આમથી તેમ ખૂબ અથડાયા. ઘણાંને પૂછપરછ કરી પણ પાકા સરનામા વગર એમ પ્રભુદાસની ચાલી જડે ? રખડપટ્ટીમાં અઢી વાગ્યા. ગાડીવાળોય કંટાળ્યો હતો.

અને અમનેય ભૂખ તો લાગેલી. એક ઠેકાણે ગાડી ઊભી રાખી. થડા ઉપરથી ચણા લાવી અમને આપ્યા. 'છોકરાઓ, તમનેય ભૂખ લાગી હશે. આ ચણા ખાઓ અને પાણી-બાણી પીઓ. ગભરાશો નહિ. હું તમને પાછા સ્ટેશને પહોંચાડીશ. હું જરા ચા-પાણી કરી લઉં.'

પાછા ઘોડાગાડીમાં સ્ટેશન તરફ. અમે મૂંઝવણમાં હતા. કહ્યું, અમારી પાસે પૈસા નથી. તમે....ગાડીવાળો ખુદાનો બંદા હતો. સાથે માણસ પારખુ. એણે કહ્યું, એ તો મને પહેલે સે માલૂમ થા કિ તુમ ભાગ કે આયે હો. મગર પરવા નહિ. આજ કા દહાડા ખુદા કે નામ તુમ્હારે ખાતિર ઉધાર કર દૂંગા.

અમે સ્ટેશને પહોંચવામાં હતા ત્યાં મણિલાલે ગાડીવાળાને કહ્યું કે મારાં ફોઈબા સરસપુર તળિયાની પોળમાં રહે છે. આમેય સરસપુર નજીક હતું. ગાડી એ તરફ વાળી. મેં કહ્યું, એ વિસ્તારમાં તો અમારા ઘણા બધા પરિચિત રહે છે. તમે અમને સરસપુર પહોંચાડો. ત્યાં સરસપુર ચાર રસ્તા પાસે જ અમારા ગામના શિવરામ પરાસળા ભેટી ગયા. અમારા જીવમાં જીવ આવ્યો. અમે ગાડીમાંથી ઊતરી પડ્યા. ગાડીવાળાએ શિવરામને કહ્યું, ''છોકરે ભાડું નથી આપ્યું. તમારે આપવા હોય તો છ રૂપિયા આપો. આમ તો ઘણું થાય.'' શિવરામે તરત જ ખીસામાંથી કાઢી આપ્યા. અને મને જોઈને બોલ્યા, ''આ તો અમારા ગામના શિવરામ બાબુનો બચુ. એ કહે તો સો રૂપિયા ચૂકવી દઉં.''

અમે મણિલાલની ફોઈને ત્યાં ચોખા-મગની છૂટી ખીચડી અથાણું અને શીરો ખાઈને થાક્યાપાક્યા ઊંઘી ગયા. સાંજની વેળાએ જાગ્યા ત્યાં તો મારા કુટુંબી ભૂદરભાઈ સામે બેઠેલા. કેમ છો ભઈલા ? ચાલો, તમારાં ભાભી વાટ જુએ છે. હું એમને અનુસર્યો. રસ્તામાં મને કહે તમે અમદાવાદ ફરવા આવ્યા હોય, એવું લાગતું નથી. દાદા, આમ ચડ્ડી-ટેનીસ જેવા પહેર્યા કપડે ના મોકલે. હું મૂંઝાયો અને સાચું કહ્યું કે, ''હું નાસીને ઘેરથી આવ્યો છું. અને હવે અમદાવાદમાં જ જે મળે તે નોકરી કરવી છે. હવે ઘેર જવું નથી. અને ઘેર તો શું મોઢું લઈને જાઉં ?'' અમે થોડું હર્યાફર્યા. પછી ઘેર ગયા.

સૂતાં પહેલાં ભૂદરભાઈએ કહ્યું, 'તમારી નોકરીનું તો ગોઠવાઈ જશે પણ થોડો વખત લાગે. હમણાં તો તમારી ભાભીને ઘેર વતનમાં જવું છે તો કાલે સવારે તમે મૂકી આવો' ભૂદરભાઈ આમ તો સાળ ખાતામાં મિલ મજૂર પણ પ્રભાવપૂર્ણ શેઠિયા જેવું શરીર-દેખાવ. એટલા જ વાણી-વર્તનમાં પણ શોખીન. મારા પિતાશ્રી માટે ખૂબ આદર અને મારા તરફ પ્રેમ. એમણે ભાભીના જવાનું તો માત્ર મને પાછો ઘેર મોકલવાનું બહાનું જ શોધેલું. હું શિવકોરભાભીને નહિ પણ ભાભી મારી ચોકીદારી કરી ઘેર પહોંચાડે એવો પેંતરો હતો. હું પણ સમજી ગયેલો અને મારી આ મોટી ભૂલ પણ મને સમજાયેલી.

આ બાજુ મારી બાએ વલોણું કરવા મને જગાડવા આવી બૂમ પાડી. 'અલ્યા કેશો સઅ્. અહીં તો નથી એ તો વહેલા ઊઠીને ગયો છે ને' – ઉત્તર મળ્યો. 'હાય-હાય આ છોકરો ક્યાં ગયો હશે !? બાને વિમાસણ થઈ. પણ ગમે ત્યાં ગયો હશે તો આવશે. પણ બપોર થયા. ને મારાં માતા-પિતાના જીવ અધ્ધર થઈ ગયા. પિતાના મનમાં ફફડાટ. જરૂર આ ક્યાંક નાસી ગયો. કુટુંબના બે ભાઈઓ અને બાપા બધે તપાસ કરી ટ્રેનમાં મહેસાણા બાજુ પહોંચ્યા. રાત પડતાં ઊંઝાથી ચાલતા-ચાલતા થાક્યાપાક્યા અને સવારના ભૂખ્યા ઘેર આવ્યા. બાને પૂછ્યું, 'ભઈ, આવ્યો ?' બાએ નિરાશ થઈ પરખાવ્યું, 'તમે ખોળવા ગયા'તા તે ના લાવ્યા અને હું ક્યાંથી ગોતું અને લાવું ?' મારા બાપા ચક્કર ખાઈ ઢળી પડેલા. પછી તો મણિલાલના બાપાએ સમાચાર આપ્યા કે અમારો મણોએ ગ્યો છે. ગયો હશે અમદાવાદ એની ફોઈની પાસે. આવા ઠેકાણાબંધ સમાચાર મળતાં આખા દહાડાનાં ભૂખ્યાં-તરસ્યાં મારાં મા-બાપે કમને ટેમણ કર્યું અને જંપી ગયાં.

હું સવારે ૧૦.૦૦ના સુમારે ઘેર પહોંચ્યો. વાસમાં પેસતાં જ ટાંટિયા ઢીલા થઈ ગયા. બાપા ઓસરીમાં બેઠા હતા. શીવીભાભીએ સમાચાર આપ્યા ભા, કેશોભાઈ મારી સાથે આવ્યા છે. મને જોતા રહ્યા. હું એમની આગળ ભાંખોડિયે પડ્યો. મારા ખભે હાથ મૂક્યો. કશું બોલ્યા નહિ પણ આંખોમાંથી આંસુના ધોધ દદડ્યા. હું એમને વળગીને રડવા માંડ્યો. થોડી વારે શાન્ત થયા. મને હેમખેમ ભાળીને થોડી નિરાંત થઈ. મને કહે, ''હાલને હાલ જા, તારી બા ખેતરે ગઈ છે. એને મળ. એની એક એક પળ તારા વગર...'' અને હું ખેતરે દોડ્યો. સામેથી

મારી બા ચારનો ભારો લઈને આવે. મને જોતાં જ એકદમ અટકી ને ઊભી રહી ગઈ. હું દોડ્યો બા પાસે. એણે માથેથી ભારો પછાડ્યો અને મને ભેટી પડી. મારા માથા પર એનું મોઢું મૂકી હીબકે ચઢી. 'બા, તું મને માર. બા લાપોટ માર બા.' 'ના ના, બેટા હવે કદી નહિ મારું.' મારી માનું હૈયું પુરુષ જેવું કઠણ. કુટુંબના માણસોને બીક લાગે એવી વજ્જર જેવી છાતી. આજે પહેલી વાર દીકરા કાજે મીણ જેવી થઈ ઓગળી રહી. પનોતા દીકરાના વહાલમાં અમે ત્રણેયે કંસાર ખાધો. એક દીકરા માટે, કિશોર માટે મા-બાપ એટલે શું – એનું રહસ્ય-સાર મને જડ્યો. મારું હૈયું આજેય લાગણીના ઊભરાથી મને હલાવી નાખે છે. મેં મનોમન નક્કી કર્યું. હવે કદીય મા-બાપના હૈયાને ઠેસ પહોંચે એવું કંઈ જ નહિ કરું.

આ 'ટીનેજ' કેવી છે ? આમ જુઓ તો કોરી સ્લેટ જેવી પણ નાદાન, એવી ભૂલો કરે જે નિરર્થક હોય પણ એનાં પરિણામ તો વડીલોને ભોગવવાં પડે. ક્યારેક તો મોટી કિંમત ચૂકવીને. પણ સમજણ અને સાન તો પછી જ આવે. સોળે સાન.

આ ઘટનાનો જ્યારે વિચાર કરું છું ત્યારે પેલો એહમદ મિયાં ગાડીવાળો યાદ આવે છે. એ ૧૯૪૪-૪૫નો સમય જ્યારે અમદાવાદમાં કોમી હુલ્લડો ને છમકલાં છાશવારે થતાં. આપણામાં માન્યતા એવી કે માંસાહાર કરનારા મુસલમાનોના કોઠે દયા જ ન હોય. ઝનૂન ચઢે એટલે ઘેટાં-બકરાંની જેમ માણસને રહેંસી નાખે પણ બે અજાણ્યા રખડુ હિન્દુછોકરાઓને એક પેટિયું રળનાર ગાડીવાલા મુસલમાને જે પનાહ દીધી, સાચવ્યા અને નિસ્વાર્થ ભાવે ઠેકાણે પહોંચાડ્યા, એને શું કહીશું ? મને સમજાયું : કોઈ આખી કોમ જુલ્મી કે જાલિમ નથી હોતી. એમાંયે આવા નેકદિલ ખુદાના બંદાઓ પણ હોય છે. કોઈ જાતિ, કોઈ કોમ, કોઈ ધર્મ કે સંપ્રદાય માણસનો શત્રુ નથી હોતો. ક્યાંક શયતાનો હશે તો શરીફ લોકોનો તોટો નથી હોતો. અને મને તો કસોટીની ક્ષણે આવા શરીફ, પરગજુ અને પ્રેમાળ માણસો જ મળ્યા છે. એમાંય હું કેવળ ઈશ્વરની વરસતી અનહદ કૃપા જ જોઉં છું. એહમદમિયાં ગરીબ હશે પણ એના સાફ દિલમાં બે ભૂલા પડેલા કિશોરો માટે – ચણા ખવડાવતાં જે કરુણા પ્રગટી એને શું કહીશું ?

(એ/૪૦, ઉત્સવ બંગ્લોઝ, સુખાપુરા, મહેસાણા-૨)

## ડૉ. ચંદ્રકાન્ત મહેતાની હિન્દી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે વરણી



ગુજરાતી તથા હિન્દીના સુપ્રસિદ્ધ સાહિત્યકાર, ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ તથા ગુજરાત સમાચારના કટાર લેખક ડૉ. ચંદ્રકાન્ત મહેતાની હિન્દી સાહિત્ય પરિષદ, ગુજરાતના અધ્યક્ષ તરીકે સર્વાનુમતે વરણી થઈ છે.

ડૉ. મહેતાનાં ગુજરાતીમાં ૧૦૫ તથા હિન્દીમાં ૨૨ પ્રકાશનો છે. તેમણે ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના પરામર્શક - તથા લેખક તરીકે અવિરત સેવાઓ આપી છે. તેમને હિન્દીના શ્રેષ્ઠ લેખક તરીકે ભારત સરકાર, શિક્ષણ વિભાગે નેશનલ ઍવોર્ડથી નવાજ્યા છે. ઉત્તર પ્રદેશ હિન્દી સંસ્થાન, લખનૌ દ્વારા સૌહાર્દ ઍવોર્ડ, હિન્દી-ઉર્દૂ પારિતોષિક કમિટિ (લખનૌ) દ્વારા 'ભારતી ભૂષણ' ઍવોર્ડ, જબલપુરની સાહિત્યિક સંસ્થા દ્વારા કાદંબરી ઍવોર્ડ, ભોપાલની સાહિત્યિક સંસ્થા દ્વારા ચંદ્રક, રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, અમદાવાદ દ્વારા 'જેઠાલાલ જોશી હિન્દી સેવા સન્માન' એનાયત થયેલ છે. ભારત સરકારે તેમને વિદેશ મંત્રાલય, પેન્શન એન્ડ પબ્લિક ગ્રિવન્સિસ મંત્રાલય, ફૂડ પ્રોસેસિંગ મંત્રાલયમાં હિન્દી વિષયના સલાહકાર તરીકે નિયુક્ત કરેલા છે. ડૉ. મહેતાની હિન્દી સેવાઓને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન અને કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ અને સમગ્ર સર્વ વિદ્યાલય પરિવાર હાર્દિક અભિનંદન પાઠવે છે.

# વલ્લભ વિદ્યાનગર અને અમદાવાદ

**વિઠ્ઠલભાઈ અં. પટેલ**

સરદાર પટેલ યુનિવર્સિટીની M.sc.ના વિદ્યાર્થીઓની પહેલી બેચ ૧૯૫૭ની હતી. વિઠ્ઠલભાઈ પટેલ સાયન્સ કૉલેજના ગણિત, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, જીવશાસ્ત્ર વગેરે વિભાગોના ઘણા વિદ્યાર્થીઓ હતા. ગણિતના પણ બે ભાગ છે. શુદ્ધ (Pure) અને પ્રયોજિત (Applied). શુદ્ધ ગણિતમાં સાત M.Sc.ના વિદ્યાર્થીઓ અને પ્રયોજિતમાં હું એક જ વિદ્યાર્થી. અનુસ્નાતક વિભાગની શરૂઆત હતી. શુદ્ધ અને પ્રયોજિત ગણિત વિભાગના વડા પ્રો. ડી. એમ. પટેલ હતા. શુદ્ધ અને પ્રયોજિત ગણિતમાં પહેલાં ચાર પેપરો સરખાં હતાં. ગણિતના વિદ્યાર્થીઓને ખ્યાલ આવે તે માટે જણાવું કે Abstract Algebra અને Linear Algebra જેવા વિષયો અમારા અભ્યાસક્રમમાં ન હતા. Vector Analysisના નાના ભાગો જુદી જુદી જગ્યાએ હતા. આ મુંબઈ યુનિવર્સિટીનો ૧૯૩૦નો M.Sc.નો અભ્યાસક્રમ હતો. આ જ અભ્યાસક્રમ ગુજરાત યુનિવર્સિટીએ અપનાવેલો અને ત્યાંથી સરદાર પટેલ યુનિવર્સિટીમાં આવેલો. મારે Fluid Mechanics, Attraction & Potential અને Dynamicsનાં પેપરો હતાં. એ વખતે આંકડાશાસ્ત્ર (Statistics) ભારતીય વિદ્યાલયોમાં શીખવવાની શરૂઆત હતી. વિઠ્ઠલભાઈ પટેલ મહાવિદ્યાલયમાં આંકડાશાસ્ત્રના પ્રોફેસરો એ સમયે મેળવવા અઘરા હતા. ઘણા પ્રયત્ને એ.ડી. બેન્કર મળેલા. મારે B.Sc. અને M.Sc.માં આંકડાશાસ્ત્રનાં બે પેપરો હતાં. બેન્કર સાહેબે મને ખૂબ જ મદદ કરેલી. કદાચ તેમની મદદ અને મારા પ્રત્યેનો પ્રેમ, મારી જિંદગીની શરૂઆતમાં ખૂબ જ મદદરૂપ બન્યાં. આવી બીજી વ્યક્તિ મૂળ સંડેરના પ્રો. ગોરધનભાઈ પટેલ હતા. તેઓ પોતાના જ પરિશ્રમે સાચા અર્થમાં ગણિતના ખાંટુ બનેલા. બિરલા વિશ્વકર્મા કૉલેજમાં (Birla Viswakarma Mahavidyalaya) ગણિતના અધ્યાપક હતા. ત્યાંથી તેઓ સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ આવેલા અને ત્યાંથી ભવન્સ કૉલેજમાં આવેલા. જ્યારે ગુજરાત યુનિવર્સિટીએ બધા વિષયો ભણાવવાનું માધ્યમ ગુજરાતી સ્વીકાર્યું, ત્યારથી ગણિતનાં કૉલેજનાં પુસ્તકો ગુજરાતીમાં લખાતાં થયેલાં. ગોરધનભાઈનો આ દિશામાં ખૂબ જ અગત્યનો ફાળો હતો, જેની નોંધ ખૂબ જ ઓછા લોકોએ લીધી છે. ગોરધનભાઈએ કરેલી મદદનું ઋણ હું કોઈ રીતે ચૂકવી શક્યો નથી તેનો અફસોસ છે.

વલ્લભવિદ્યાનગરમાં તે સમયે ઉત્તર ગુજરાતના વિદ્યાર્થીઓનું મંડળ હતું અને તેના પ્રમુખ બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયના Applied Mechanicsના પ્રો. બી. એમ. જાની હતા. તે પણ ઉત્તર ગુજરાતના વિદ્યાર્થીઓને ખૂબ જ મદદરૂપ હતા. તે સમયના મારા ઉત્તર ગુજરાતના ઓળખીતાઓમાં સંડેરના કરસનભાઈ (સુરતમાં જાણીતા ઉદ્યોગપતિ) અને હરજીવનભાઈ પટેલ (અમેરિકામાં આંકડાશાસ્ત્રના પ્રોફેસર), ગંગેટના નરોત્તમભાઈ (ભાજી પ્રધાન) વગેરે હતા.

૧૯૫૭માં વિઠ્ઠલભાઈ પટેલ મહાવિદ્યાલયમાં ઇન્ટર સાયન્સના વિદ્યાર્થીઓને યંત્રશાસ્ત્ર (Mechanics) અને ઘનભૂમિતિ (Solid Geometry) શીખવતો. આ વિદ્યાર્થીઓનાં છ માસિકનાં પેપરો તપાસતો હતો અને એક વિદ્યાર્થીને ૫૦ માર્ક્સમાંથી ૪૯ માર્ક્સ મળ્યા. મને એકદમ જ એમ થયું કે સર્વ વિદ્યાલય હાઈસ્કૂલમાં મારે લગભગ મોટા ભાગે આવા જ માર્ક્સ આવતા, અને એકદમ શું થયું ? લગભગ કૉલેજનાં ચાર વર્ષ બરાબર મહેનત વગરનાં ગયાં. કૉલેજમાં નિયમિત હોમવર્ક હોત તો આવું બન્યું ન હોત. અમેરિકામાં ભણતો હોત તો ત્યાંની પદ્ધતિના કારણે ચારેય વર્ષ હાઈસ્કૂલનાં વર્ષોની જેમ જ ગયાં હોત. મને તે દિવસે થયું કે મને જિંદગીમાં આ એક તક મળી છે, આનો મારે બરાબર ઉપયોગ

કરવો જોઈએ. હું એકલો જ પ્રયોજિત ગણિતનો (Applied Mathematics) વિદ્યાર્થી હતો. ઘણું બધું ભણાવવામાં આવતું નહિ, આથી ઘણું બધું જાતે જ કરવાનું હતું. એમ થયું કે ન્યુટનને કોણ ભણાવવા ગયું હશે ? મારી દુનિયા તે દિવસથી બદલાઈ ગઈ. જાણે કે પ્રો. ડી. એમ. પટેલ, પ્રો. એમ. જી. પાઠક, પ્રો. એ. ડી. બેન્કર, પ્રો. સી. એસ. પટેલ અને પ્રો. વી. એફ. શાહે અમારા માટે ઘણી મહેનત કરી હતી અને આ માટે હું તો આ બધાનો ખૂબ જ ઋણી છું. પ્રો. ડી. એમ. પટેલના લાયક હું તેમનો વિદ્યાર્થી બની ન શક્યો. મેં પણ તેમના લાયક વિદ્યાર્થી બનવાનો પ્રયત્ન પણ કર્યો નથી તેનો અફસોસ કરવા જેવો ખરો, પણ મારી પ્રકૃતિ મોટા ભાગના માનવો જેવી છે. પ્રો. ડી. એમ. પટેલ તેમની દુનિયામાં રચ્યાપચ્યા રહેનારા હતા. હું એકલો જ તેમનો વિદ્યાર્થી. બનતાં સુધી શનિવારે ત્રણથી પાંચ Dynamicsનો પ્રો. ડી. એમ. પટેલનો ક્લાસ હોય. ભણાવતાં ભણાવતાં કોઈ પાયાનો ફિલોસોફીનો પ્રશ્ન ઊભો થાય, તો તે વિષય ઉપર વિચારતા જાય અને ભણાવતા જાય. આ વિચારોમાં ગીતા તો ખાસ આવે જ. એ ફિલોસોફીમાં મને ખબર ન પડે અને હું સમજી પણ ન શકતો. જરૂરથી પ્રજાપતિ અને હું કહીએ ત્યારે અમારા માટે પ્રશ્નપેપરો તૈયાર કરતા અને તપાસતા. અમારા પ્રશ્નોના જવાબો આપતા. અત્યારસુધીમાં સાચા અર્થમાં હું કોઈ ગણિતશાસ્ત્રીને મળ્યો હોઉં તો તે પ્રો. ડી. એમ. પટેલ હતા. સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી નિવૃત્ત થયા પછી અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીની નજીક પ્રતિમા સોસાયટીમાં રહેતા હતા. તેમનાં પત્ની કુસુમબાએ તેમને જ્યાં જવાનું કહ્યું હોય તેને બદલે ગણતાં ગણતાં કે વિચારતા વિચારતા (ગણિતના લગતું જ) બીજે જ પહોંચે અને પછી ખ્યાલ આવે કે તેમણે ભૂલ કરી છે.

M.Sc.ના લગભગ બધા જ વિષયો ગમતા. હાઈસ્કૂલમાં હતો ત્યારે જે જાતનો ગણિતમાં રસ પડતો, તેવો જ રસ M.Sc.ના વિષયોમાં પડતો. કદાચ ક્યાંય બહાર જવાનું થાય તોપણ ન ગમતું. Fluid Mechanics, Attraction & Potential અને Legendre Polynomials ખૂબ જ ગમતાં. ભણાવતાં ભણાવતાં જે કોઈ સમય મળ્યો તેનો બરાબર ઉપયોગ કરીને M.Sc.ની પરીક્ષાની બરાબર તૈયારી કરી. દરરોજ બે એ રીતે ચાર દિવસોમાં આઠ પેપરોની પરીક્ષા પૂરી થઈ. ઉનાળાની રજાઓમાં શેરથા ગયો અને તે દરમિયાન M.Sc.નું પરિણામ જાહેર થયું. ગણિત, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, જીવશાસ્ત્ર વગેરેના આશરે ત્રીસથી ચાલીસ વિદ્યાર્થીઓએ ૧૯૫૯માં M.Sc.ની પરીક્ષા લીધેલી. નસીબજોગે હું એકલો જ પ્રથમવર્ગમાં હતો. ચારૂતર વિદ્યામંડળના પ્રમુખ તે સમયે એચ.એમ. પટેલ હતા. તેમણે લંબાણપૂર્વક મારો ઇન્ટરવ્યૂ લીધો. એકાદ બે પેપરોમાં માર્ક્સ ઓછા આવવાનાં કારણો તેઓ શોધતા હતા. ખરેખર વિદ્યાર્થીઓને શી તકલીફો પડે છે તે જાણવા માગતા હતા અને કઈ રીતે વિદ્યાર્થીઓને મદદરૂપ થવાય તે શોધતા હતા. તેમણે મને લેક્ચરર તરીકે પસંદ કર્યો.

જૂન ૧૯૫૯માં વિઠ્ઠલભાઈ પટેલ મહાવિદ્યાલયમાં લેક્ચરર તરીકે ભણાવવાનું શરૂ કર્યું. અહીંયાં બે વસ્તુઓની નોંધ કરું તો અયોગ્ય નહિ ગણાય. વિઠ્ઠલભાઈ પટેલ મહાવિદ્યાલયમાં તે સમયે રસાયણશાસ્ત્ર વિભાગના વડા અને વાઈસ-પ્રિન્સિપાલ તરીકે પ્રો. આર. ડી. પટેલ હતા. હૉસ્ટેલના વિદ્યાર્થીઓ 'કાણિયો (પ્રો. આર. ડી. પટેલ), કાળિયો (પ્રો. એ. આર. પટેલ) અને કસાઈ (પ્રો. ચૌહાણ)' તરીકે રસાયણશાસ્ત્ર વિભાગ, ભૌતિકશાસ્ત્ર વિભાગ અને જીવવિદ્યા વિભાગના વડાઓને ઓળખતા. પ્રો. એ. આર. પટેલ ખૂબ જ નમ્ર સ્વભાવના હતા અને તેમણે એક મોટા ભૌતિકશાસ્ત્રી તરીકે નામના મેળવી છે. પ્રો. આર. ડી. પટેલ સરદાર પટેલ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર બનેલા. કોઈ પણ જાતની તકલીફ હોય તો પ્રો. આર. ડી. પટેલને મળીએ, એટલે તેમની પટેલની અસામાન્ય બુદ્ધિથી તકલીફ દૂર કરવાનો રસ્તો બતાવતા. આ કારણે પ્રો. આર. ડી. પટેલ મને ખૂબ જ ગમતા. એક દિવસ આવીને મને કહે, ''અલ્યા, તું તો બહુ જ સરસ ભણાવે છે.'' ખરેખર તેમના મોઢેથી આવું સાંભળીને મારો ઉત્સાહ ખૂબ જ વધી ગયો. શક્ય છે કે તેઓએ મને ખ્યાલ ન આવે તે રીતે મને ભણાવતાં બરાબર જોયો હોય.

૨૦૦૫નું ગુજરાત ગણિત મંડળનું અધિવેશન કડી કેમ્પસમાં પ્રમુખ સ્વામી સાયન્સ અને એચ. ડી. પટેલ આર્ટસ્ કૉલેજના આમંત્રણથી ભરાયેલું. પ્રમુખ સ્વામી સાયન્સ અને એચ. ડી. પટેલ આર્ટ્સ કૉલેજના

ગવર્નીંગ બૉર્ડના પ્રમુખ શ્રી અરવિંદભાઈ પટેલની સાથે તેમના પિતાશ્રી સ્વ. ત્રિભોવનભાઈ સંબંધે વાત કરતો હતો, ત્યારે તેમણે પૂછ્યું કે, 'તમે વિઠ્ઠલભાઈ સાહેબ છો ?' મેં કહ્યું કે, 'હા.' તુરત જ તેમણે કહ્યું, 'હું તમારો વિ. પી. સાયન્સ કૉલેજમાં વિદ્યાર્થી હતો અને તમે જે રીતે ત્રિકોણમીતિમાં (Trigonometry) સાઈન (Sine), કોસાઈન (Cosine) અને ટેન્જન્ટ (Tangent) શીખવતા તે જ રીતે હું મારા પૌત્રો અને પૌત્રીઓને શીખવું છું.' શિક્ષકને આથી વધારે શું જોઈએ ?

મોટા ભાગે તમારા માટે કુદરતે કંઈક જુદું જ અને સારું નક્કી કરેલું હોય છે તેવો વિશ્વાસ હોય તો જિંદગી સરળ અને આસાન બની જાય છે. એવો વિશ્વાસ લાવવો ક્યાંથી ? વિદ્યાનગરમાં ભણાવવાનું બરાબર ચાલુ થયું. B.Sc.ની પરીક્ષા આપ્યા પછી કોઈએ એમ પૂછ્યું હોત કે, ''તારે શું કરવું છે ?'' હું નથી માનતો કે મેં પહેલી વીસ પસંદગીમાં પણ શિક્ષક બનવાનું જણાવ્યું હોત. ખરેખર મને ભણાવવું ખૂબ જ ગમવા માંડેલું. મારી જાતને સારામાં સારા અધ્યાપક બનવાની કલ્પના કરવા મંડેલો. થોડોક વખત (બે કે ત્રણ મહિના) થયા અને મારા મોટાભાઈ ઈશ્વરભાઈનાં M.Com. અને LL.B.નાં પરિણામો જાહેર થયાં. તેઓ મહત્ત્વાકાંક્ષી હોઈને બન્ને પરીક્ષાઓ એક જ વર્ષમાં લીધી. M.Com કે LL.B.ની પરીક્ષાઓ ઘણી તૈયારીઓ માગી લે તેવી હોય છે. તેમના માટે પરિણામો બચાવવાં ખૂબ જ અઘરાં હતાં. અઠવાડિયા સુધી ત્રીજા માળથી નીચે માંડ આવતા. મારી બા ખૂબ જ હિંમતવાળી હતી અને તે કહે, ''એમાં શું થઈ ગયું ? અહીંયાં દુકાન કર.'' તેમનાં લગ્ન થયેલાં હતાં. મને ઈશ્વરભાઈએ કહ્યું, ''વિઠ્ઠલ, તું અમદાવાદ આવે, તો મને અમદાવાદમાં ધંધો શરૂ કરતાં ફાવે.'' ખરેખર તો ઈશ્વરભાઈને પ્રોફેસર થવું હતું, તેના બદલે તેમને ધંધાથી સંતોષ માનવાનો રહ્યો. પણ મારે અમદાવાદ આવવું કઈ રીતે ? એ સમયે અમદાવાદમાં વિજ્ઞાનની નવી કૉલેજો શરૂ થતી ન હતી. તે સમયે પણ ઇન્ટરસાયન્સમાં સારા માર્ક્સ આવે તો એન્જિનિયરિંગ અને મેડિકલ કૉલેજોમાં સરળતાથી જવાતું, આના કારણે ગણિતના, ભૌતિકશાસ્ત્રના, રસાયણશાસ્ત્રના, જીવવિજ્ઞાનના અધ્યાપકો જો ધારે તો ટ્યુશનની ખૂબ જ મોટી આવક ઊભી કરી શકતા. આથી કોઈ અધ્યાપક અમદાવાદ બહાર જતા નહિ. આથી અમદાવાદમાં લેક્ચરર તરીકેની નોકરી મેળવવી ખૂબ જ અઘરી હતી. તદ્ઉપરાંત મને વિદ્યાનગર ખૂબ જ ગમતું હતું.

આ જ સમયે અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીએ ગણિત વિભાગ શરૂ કર્યો હતો. પ્રો. એચ. એન. રાવલ ગણિત વિભાગમાં રીડર હતા અને પ્રો. પી. સી. વૈદ્ય ગણિત વિભાગમાં પ્રોફેસર હતા. જ્યારે પ્રો. પી. સી. વૈદ્ય ગુજરાત કૉલેજમાં હતા ત્યારે તેમના હાથ નીચે Ph.D. કરનાર વિદ્યાર્થીને રિસર્ચ સ્કૉલરશિપ મળે તે માટે મધ્યસ્થ સરકારે માસિક રૂ. ૨૦૦ની રિસર્ચ સ્કોલરશિપ મંજૂર કરેલી. આ સ્કોલરશિપ લઈને Oct.1959માં હું પ્રો. પી. સી. વૈદ્યના હાથ નીચે Ph.D.ના વિદ્યાર્થી તરીકે જોડાયો. મેં અગાઉ Special કે General Relativityનો અભ્યાસ કરેલો ન હોઈને પ્રો. પી. સી. વૈદ્યના M.Sc.ના Special અને General Relativityના ક્લાસમાં જતો જેથી સરળતાથી Special અને General Relativity શીખી શકાય.

અમદાવાદમાં અમારા મિત્ર જયંતીભાઈ સોમનાથ ત્રિવેદીના મકાનમાં વનમાળીવાંકાની પોળમાં ઉપલા માળે બે રૂમ ભાડે લઈને મારા મોટાભાઈ ઈશ્વરભાઈ, મંગુભાભી અને હું, એમ અમે અમદાવાદમાં રહેવાની શરૂઆત કરી. પછી તો મારી ભત્રીજી લીલા અને ભાણો રસિક પણ ભણવા આવ્યાં. તે સમયે ગણિત વિભાગનું પોતાનું મકાન ન હતું, ગણિત વિભાગ મુખ્ય administrative officeમાં વાઈસ ચાન્સેલરની બાજુની ઑફિસમાં હતો. વનમાળીવાંકાની પોળથી ગાંધીપુલ ઉપરથી સાઇકલ લઈને દરરોજ ગણિત વિભાગમાં જતો. તે સમયે તે રસ્તાઓ ઉપર ટ્રાફિક જ ન હતો. તે સમયે સ્કૂટરની શરૂઆત થયેલી, મધ્યમવર્ગને ગાડી પોસાય તેમ હતુ જ નહિ. ખાસ ગિરદી વગરની જિંદગી હતી. લગભગ છથી આઠ મહિનામાં Electrodynamics, Special અને General Relativityનો નિયમિત અભ્યાસ કરીને સંશોધન માટે તૈયાર થઈ ગયો. બપોરના લગભગ દરરોજ વૈદ્ય સાહેબ સાથે એક કલાક કાઢતો. તેમની સાથે થયેલી ચર્ચા દરમિયાન જે કંઈ કરવાનું હોય તે કરીને બીજા દિવસે વૈદ્ય સાહેબ પાસે જતો. વૈદ્ય સાહેબ જોઈએ તેટલો પૂરતો સમય આપતા અને મદદ કરતા.

ગુજરાત વિશ્વવિદ્યાલયના ગણિત વિભાગમાં તે અરસામાં બપોરના અઢી વાગે બધા સાથે મળીને ચા પીતા. આ સમયે બધા મળતા અને આકાશની નીચેના બધા જ પ્રશ્નોની વાતો થતી. ઉનાળાની રજાઓમાં એક દિવસ આ સમયે ચા પીવા માટે ગયો ત્યારે એક ઉંમરલાયક કાકા બેઠેલા જોયા. તેમણે ધોતિયું, કોટ અને કાળી ટોપી પહેરેલી. એવું લાગ્યું કે વૈદ્ય સાહેબના કોઈ સંબંધી હશે. વૈદ્ય સાહેબે તેમને મારી ઓળખાણ આપીને જણાવ્યું કે મારે B.Sc. અને M.Sc.માં Statisticsનાં બે પેપરો હોઈને હાલમાં હું Electrodynamics, Special અને General Relativityનો અભ્યાસ કરું છું. આ સાંભળતાં જ તુરત જ તેઓ બોલી ઊઠ્યા કે મારે Statistical Mechanicsનો અભ્યાસ કરવો જોઈએ. તુરત જ ખ્યાલ આવી ગયો કે આ તો પ્રો. વી. વી. નારલીકર સાહેબ છે. સાદા અને સરળ !! આ જ પ્રમાણે તેમના બે પુત્રો જયંત અને અનંત નારલીકર પણ આવેલા. હું તેમને (Physical Research Laboratory) PRLમાં લઈ ગયેલો અને જયંત નારલીકરે PRLમાં ભાષણ પણ આપેલું. આ બધાને મળીને એમ થતું કે આપણને કેમ્બ્રીજમાં ભણવાનું મળે તો કેવું ? નારલીકર સાહેબ બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયમાંથી નિવૃત્ત થયા. ક્રિસ્ના રાવ જે. નારલીકર સાહેબના હાથ નીચે Ph.D. કરતા હતા તે વૈદ્ય સાહેબના Ph.D.ના વિદ્યાર્થી તરીકે આવ્યા. તેમની સાથે ઘણી ચર્ચાઓ થતી. Eigenvalues અને Wave Equationની પણ મને ખબર ન હતી. એવું લાગતું કે ફરીથી વિદ્યાર્થી બનીએ આ બધું ભણીએ !! પણ એવું ક્યાંથી બને ?

નિયમિત મહેનત અને વૈદ્ય સાહેબની મદદથી બે વર્ષમાં બે સંશોધન પેપરો તૈયાર થયાં. મને એક જ બાબતનો અફસોસ રહેતો, મારે વૈદ્ય સાહેબને નાની નાની બાબતમાં પૂછવા કેમ જવું પડે ? જાણે કે વૈદ્ય સાહેબને મને મદદ કરવાનું ગમતું. આના કારણે અમને બંનેને એમ લાગ્યું કે હું મારી મેળે સંશોધનનું કામ કરી શકીશ. આથી મેં સરદાર પટેલ વિશ્વવિદ્યાલયના ગણિત વિભાગમાં લેક્ચરરની જગ્યા માટે અરજી કરી અને લેક્ચરરની નોકરી પણ મળી ગઈ. આવા સંશોધન પેપરોની અગત્યતા વધારે પડતી ન ગણવી જોઈએ, કારણ કે આ સંશોધનનાં પેપરો મારા, વૈદ્ય સાહેબ અને પ્રૂફ રીડર વગર કોઈએ વાંચ્યાં નથી. ગઈ સાલ ધ્યાનપૂર્વક વાંચતાં ઘણી ભૂલો દેખાઈ.

બીજી બાજુ મારા મોટાભાઈને પણ લોખંડનો ધંધો મળી ગયો. દિલ્હી દરવાજા બહાર દુકાન લઈને ચોરસ, ગોળ, જાતજાતના જાડાઈના સળિયા વેચતી ડી. ઈશ્વરલાલની કંપની કુલ ચાર ભાગીદારોથી શરૂ થઈ અને બધા એ જ ભાગીદારો સાથે ઉંમરના કારણે ૨૦૦૪માં ફક્ત ચાર કલાકની ચર્ચામાં ભાગીદારો છૂટ્ટા થયા. બધા ભાગીદારો સગા કુટુંબીજનો કરતાં પણ વધારે નીકટતાથી એકબીજા સાથે રહે છે.

સરદાર પટેલ વિશ્વવિદ્યાલયના ગણિત વિભાગના વડા મારા પ્રો. ડી. એમ. પટેલ જ હતા. વિશ્વવિદ્યાલયનાં સ્ટાફ ક્વાર્ટસ પણ સરસ હતાં. હું, મારાં પત્ની લતિકા અને પુત્ર મિહિર ત્રણ જણ માટે સરસ હતું. બાજુમાં પાડોશી ગુજરાતી વિભાગના જશભાઈ શેખડીવાલા હતા. શેખડીવાલાનું કુટુંબ ખૂબ જ સરસ હતું, અમને ખૂબ જ મદદરૂપ હતું. મારા ઘણા જૂના મિત્રો હતા. ગણિત વિભાગના M.Sc.ના વિદ્યાર્થીઓ પણ સરસ હતા. ભણાવવાની તૈયારી પણ ઘણી કરવી પડતી અને આ સારો એવો સમય પણ લેતું, છતાંયે સંશોધન માટે સમય કાઢતો. રવિવારે વૈદ્ય સાહેબ ઑફિસમાં ન હોય, આથી દિવાળીની અને ઉનાળાની રજાઓ દરમિયાન જ સંશોધન માટે વૈદ્ય સાહેબને મળવાનું શક્ય બનતું. જાણે કે મારી મેળે રસ્તો શોધી કાઢતો. M.Sc.ના વિદ્યાર્થીઓ પણ સરસ હતા. બધી જ રીતે વલ્લભવિદ્યાનગર ખૂબ જ અનુકૂળ હતું. અમારા ઘર તરફથી અમદાવાદમાં નોકરી શોધવા માટે કારણ વગરનું અનહદ્ દબાણ હતું. તેમને વિશ્વવિદ્યાલય અને કૉલેજનો ભેદ સમજાવવા પ્રયત્ન કરતો, પણ પથ્થર ઉપર પાણી !! તેમને બધા ભેગા રહીએ તો સારું તેવી ભાવના હતી, પણ વિશ્વવિદ્યાલયને બદલે કૉલેજમાં ભણાવવાનું. મને ખૂબ જ ગમતી જગ્યા છોડવાનો મને રંજ હતો. આખરે ઘરના દબાણને કારણે એમ. જી. સાયન્સમાં લેક્ચરરની નોકરી માટે અરજી કરી. એમ. જી. સાયન્સનો ફાયદો, વૈદ્ય સાહેબના નજીક આવવાનો, જેથી Ph.D. જલદીથી પૂરું થાય. ડૉ. આર. ડી. દેસાઈ તે સમયે એમ. જી. સાયન્સ કૉલેજના આચાર્ય હતા. રસાયણશાસ્ત્રમાં ખૂબ જ નામાંકિત અને ભલા હતા. અમદાવાદ એજ્યુકેશન

સોસાયટીની ઑફિસમાં અમારા બધાના ઇન્ટરવ્યૂ લેવાયા. દેસાઈ સાહેબની અને બીજા બધાની મારા આશ્ચર્ય વચ્ચે મારા ઉપર પસંદગી ઊતરી.

જૂન ૧૯૬૩માં એમ. જી. સાયન્સ કૉલેજમાં જોડાયો. વલ્લભવિદ્યાનગર ભારે હૈયે છોડ્યું. પ્રો. ડી. એમ. પટેલને જરા પણ ગમ્યું ન હતું. આ બધામાં એમ લાગતું કે વૈદ્ય સાહેબની નજીક જવાથી પીએચ.ડી. જલદીથી પૂરું થશે. એમ. જી. સાયન્સ કૉલેજમાં પહેલા અને બીજા વર્ષના વિદ્યાર્થીઓના વર્ગોમાં સૌથી વધારે વિદ્યાર્થીઓ હતા. કોઈ કોઈ વખતે વર્ગમાં કોઈક વિદ્યાર્થીઓ પગ ઘસતા, બોર્ડ ઉપર તમે લખતા હોય ત્યારે પાછળથી કોઈ વિદ્યાર્થીઓ બૂમો પાડતા. આવા સમયે હું ગુસ્સે થઈ જતો. પોલીસ અને શિક્ષક બંનેનું કામ કરવું પડતું. સામાન્ય રીતે આ રીતે વર્તનારા વિદ્યાર્થીઓ ટ્યૂશનો રાખતા હોઈને, ગામડામાંથી આવનારા વિદ્યાર્થીઓના અભ્યાસમાં ખલેલરૂપ બનતા. મારા માટે વલ્લભવિદ્યાનગર અને અમદાવાદમાં આસમાન જમીનનો ફેર હતો.

મારા પિતાજીના શેરથામાં ગણપતબાપા ખાસ મિત્ર અને ધંધાઓમાં ભાગીદાર હતા. ગણપતબાપાના જમાઈ શ્રી લક્ષ્મીશંકર ત્રિવેદી અમદાવાદમાં જાણીતા જ્યોતિષિ હતા. તેમનો પુત્ર રમેશ જે મારો ભાણો થાય તે પણ ગુજરાત યુનિવર્સિટીના ગણિત વિભાગમાં ડૉ. હુસૈનના હાથ નીચે પીએચ.ડી. કરતો હતો. વૈદ્ય સાહેબને વૉશિંગ્ટન સ્ટેટ યુનિવર્સિટીમાં Visiting Professorship ૧૯૬૪-૬૫ માટે મળી. તેઓ ઑગસ્ટ (?) ૧૯૬૪માં જવાના હતા. આ સમાચાર મળતાં મને એકદમ થઈ થયું કે મારું પીએચ.ડી.નું રખડી પડ્યું. મારી ઠાઠડી પહેલી નીકળશે કે પીએચ.ડી.ની ડિગ્રી પહેલી મળશે ? રમેશ અને મેં નક્કી કર્યું કે આપણે પણ અમેરિકા ભણવા જઈએ. રમેશે અમારા બંને વતી ઘણી અમેરિકન યુનિવર્સિટીઓમાં એડમિશન માટે અરજીઓ કરી. અમને બંનેને યુનિવર્સિટી ઑફ કેલિફોર્નિયા, બર્કલીમાં ફેબ્રુઆરી ૧૯૬૫થી શરૂ થતા સેમેસ્ટરમાં એડમિશન મળ્યું. અમે કોઈ જાતની ટીચિંગ કે રિસર્ચ આસિસ્ટન્ટશિપ માટે અરજી કરી ન હતી.

જવું કે ન જવું ? મારી ભત્રીજીનાં પણ લગ્ન જાન્યુઆરી, ૧૯૬૫માં હતાં. મારું અમેરિકા ભણવા જવાનું થાય તો બંને ખર્ચને પહોંચી વળાય ? જાણે કે ડી. ઈશ્વરલાલની કંપની ધાર્યા કરતાં ખૂબ જ વધારે સફળ બની હતી. છતાંય તેમાંથી આવડી મોટી રકમ કાઢવી સહેલી ન હતી. એવામાં મારા સૌથી મોટાભાઈ ત્રિભોવનભાઈ રાંધેજાના રૂના વેપારી પાસેથી દશ હજાર રૂપિયા (તે સમયે 1 \$ = 4 રૂપિયા) ઉછીના લઈને આવ્યા. અમે તેમને મારા એડમિશનની કે કોઈ વાત કરી ન હતી. હું અને ઈશ્વરભાઈ એકબીજા સામું જોઈ રહ્યા. હું નાસ્તિક છું, પણ મને પણ યોગ્ય સમયે પ્રભુએ ખૂબ જ મદદ કરી છે. જવાનું નક્કી થયું. રમેશ અને હું પાસપોર્ટ અને વિઝા માટે તૈયારીમાં પડ્યા. અમે પાસપોર્ટ અને વિઝા માટે એજન્ટ રાખવાનો વિચાર કરતા હતા. લક્ષ્મીશંકરના ખાસ મિત્ર મનુભાઈ ઝવેરીને (તે સમયના અમદાવાદ મ્યુનિસિપાલિટીના મેયર નરોત્તમભાઈ ઝવેરીના નાનાભાઈ) ખબર પડી કે અમે એજન્ટ રાખવાનો વિચાર કરીએ છીએ, અમને બોલાવીને ધમકાવીને કહ્યું કે, ''આવા કામ માટે એજન્ટ રાખશો, તો અમેરિકા જઈને કરશો શું ?'' અમે મુંબઈ જઈને અમારા પાસપોર્ટો મેળવીને વિઝા લઈને આવ્યા. અમારા એમ. જી. સાયન્સના આચાર્ય ડૉ. આર. ડી. દેસાઈને મળ્યો અને જણાવ્યું કે તમને થોડાક સમય માટે ફેબ્રુઆરીથી માર્ચ સુધી ભણાવનાર જલદીથી ન પણ મળે. તેના જવાબમાં તેમણે તેમની ચિંતા મને ન કરવા કહ્યું અને રાજીનામું મંજૂર કર્યું.

ફેબ્રુઆરી ૫, ૧૯૬૫ વસંતપંચમીના દિવસે મુંબઈથી સાનફ્રાન્સિસ્કો જવાનું નક્કી કર્યું. શેરથા ગામમાંથી પરદેશ જનાર પહેલો હું હોઈને, ગામમાં સર્વેને ખૂબ જ આનંદ થયો. હું અમેરિકા જવા નીકળ્યો ત્યારે ગામમાં બધાને ઓળખતો હતો. મારા માટે ખૂબ જ ભાવભરી રીતે ગામે વિદાય સમારંભ યોજેલો જેને ઘણા બધા આજે પણ યાદ કરે છે. અમેરિકાથી જ્યારે પહેલી વખત અમે શેરથા આવ્યા, ત્યારે જે રીતે ગામે અમને આવકારેલાં તે ભૂલી શકાય તેમ નથી. ગામનો આવો અનહદ પ્રેમ ભૂલવો અમારા માટે અઘરો હોઈને, તે ઋણ અદા કરવા માટે જ અમે પાછાં આવ્યાં છીએ. આશા રાખીએ કે તે ઋણ અમે અદા કરી શકીએ.

(નરસિંહજી મંદિર પાસે, ઉવારસદ રોડ
મુ.પો. શેરથા, તા. જિ. ગાંધીનગર-૩૮૨૪૨૩)

# ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

ડૉ. અરુણ મ. વૈદ્ય

ડૉ. પ્રહલાદ ચૂનીલાલ વૈદ્યનો જન્મ તેમના મામાને ત્યાં જૂનાગઢ જિલ્લાના શાપુર ગામે વિક્રમ સંવત ૧૯૭૪ના વૈશાખ માસમાં અને તદનુસાર ઈ.સ. ૧૯૧૮ના મે માસમાં થયો હતો. તેમને શાળામાં મૂકતી વખતે તેમના પિતાએ ભૂલથી તેમની જન્મતારીખ ૨૩ માર્ચ ૧૯૧૮ લખાવી હશે તેથી સત્તાવાર રીતે તેમની જન્મતારીખ ૨૩ માર્ચ ગણાય છે, પણ ખરેખર તેમનો જન્મ ૨૨ (કે ૨૩) મે ૧૯૧૮ના રોજ થયો હતો.

વૈદ્યસાહેબનો જન્મ જામનગરના વડનાગરા નાગર કુટુંબમાં થયો હતો. ઓગણીસમી સદીની પહેલી પચીસીમાં તેમના એક પૂર્વજ લક્ષ્મીશંકર નારણજી જામનગરના એક પ્રતિષ્ઠિત અને ધનિક નાગરિક હતા, પરંતુ ત્યાર પછી કાળે કરીને કુટુંબ પૈસેટકે ઘસાઈ ગયું હતું. વૈદ્યસાહેબના દાદા શ્રી મોનજી મદનજી વૈદ્ય (આશરે ઈ.સ. ૧૮૬૦-૧૯૩૯) જામનગર પાસે બેડીબંદર પર મીઠાના અગરના ઉપરી હતા. તેમને ત્યાં ઘોડાગાડી હતી પણ ઘરનું ઘર રહ્યું ન હતું. જામનગરના નાગર ચકલામાં સરાના કૂવા પાસે એક ઘરમાં તેઓ ભાડે રહેતા. વૈદ્યસાહેબના પિતાશ્રી ચૂનીલાલ મોનજી વૈદ્ય (ઈ.સ. ૧૮૮૨-૧૯૩૧) ઇન્ટર સુધી ભણી પોસ્ટ ઑફિસમાં જોડાયા હતા. પાછળથી તેમણે તાર માસ્ટરની તાલીમ લીધી હતી એટલે પોસ્ટ અને તાર એમ બંને કામ સંભાળતા. તેમની વારંવાર બદલી થતી હોવાથી કુટુંબનો જામનગર સાથેનો સંબંધ તૂટી ગયો હતો. તેમાંયે લગભગ ઈ.સ. ૧૯૧૫માં શ્રી મોનજીભાઈ નિવૃત્ત થઈ પુત્ર શ્રી ચૂનીલાલભાઈ સાથે રહેવા માંડ્યા પછી તો જામનગરમાં ઘર કે માલમિલકત ન હોવાથી જામનગર સાથે સંબંધ રહ્યો ન હતો.

વૈદ્યસાહેબની માતાનું નામ નિર્મળાબહેન હતું. તેઓ જામનગરના હાથી કુટુંબમાંથી આવ્યાં હતાં. વૈદ્યસાહેબના મામા શ્રી ત્રિકમલાલ હાથી રેલવેમાં નોકરી કરતા હતા અને તેથી તેમની પણ વારંવાર બદલી થતી. ૧૯૧૮માં તેઓ શાપુર હતા (શાપુર એ જૂનાગઢ અને વેરાવળ વચ્ચે આવેલું એક રેલવે સ્ટેશન છે) અને ઉપર જણાવ્યા પ્રમાણે તેમને ત્યાં વૈદ્યસાહેબનો જન્મ થયો હતો.

શ્રી ચૂનીલાલ વૈદ્ય અને નિર્મળાબહેનનાં ત્રણ સંતાનો પૈકી વૈદ્યસાહેબ સૌથી નાના હતા. સૌથી મોટા મધુસૂદનભાઈ (ઈ.સ. ૧૯૦૯-૧૯૭૭) હતા અને તેમના પછી મનોરમાબહેન (જન્મ ૧૯૧૬) હતાં.

વૈદ્યસાહેબના જન્મ વખતે તેમના પિતા દામનગરની પોસ્ટ ઑફિસમાં હતા. ત્યાર પછીનાં ત્રણ-સાડાત્રણ વર્ષમાં તેમની બદલી ધંધૂકા તાલુકાના ધોલેરા ગામે અને પછી રાણપુર ખાતે થઈ હતી. આમ વૈદ્યસાહેબનું શૈશવ દામનગર, ધોલેરા અને રાણપુર ખાતે વીત્યું હતું.

રાણપુરમાં ૧૯૨૨ની શરૂઆતમાં માતુશ્રી નિર્મળાબહેનનું અવસાન થયું. ચાર વર્ષથી પણ ઓછી ઉંમરે માને ગુમાવવાની ઘટના કોઈ પણ વ્યક્તિના જીવનઘડતર પર ઘેરી અસર કરનારી નીવડે. વૈદ્યસાહેબ અને તેમનાં ભાઈ-બહેન માટે એ ઘટના સવિશેષ અસર કરનાર નીવડી. આ વખતે પિતા શ્રી ચૂનીભાઈએ એક એવો નિર્ણય કર્યો કે કુટુંબનું ભવિષ્ય પલટાઈ ગયું. આજે વૈદ્યપરિવારમાં સંસ્કાર અને શિક્ષણની બોલબાલા છે તેના મૂળમાં કદાચ ૧૯૨૨માં પત્નીના અવસાન પછી ચૂનીભાઈએ કરેલો એ દીર્ઘદૃષ્ટિભરેલો નિર્ણય છે. તેમની સામે બાળકોને ઉછેરવાનો પ્રશ્ન હતો : ૧૨, ૬ અને ૪ વર્ષની ઉંમરનાં બાળકો અને ઘરમાં કોઈ સ્ત્રી નહિ. પિતા વૃદ્ધત્વના આરે પહોંચ્યા હતા અને પોતે પોસ્ટઑફિસના કામમાં લગભગ આખો દિવસ વ્યસ્ત રહેતા હતા. તેમની

સામે બે વિકલ્પ હતા. તેમના એક ભાઈ રતિલાલભાઈ જામનગરમાં સ્થિત હતા અને એક બહેન ભાવનગરમાં પરણાવ્યાં હતાં. એટલે પોતે જામનગર કે ભાવનગર બદલી માગી ભાઈને ત્યાં કે બહેનની નિગરાનીમાં બાળકોને ઉછેરી શકે તેમ હતું. આ તબક્કે તેમણે પોતાના વતન જામનગરને નહિ, પણ ભાવનગરને પસંદગી આપી. ભાવનગર સંસ્કાર અને શિક્ષણનું નગર હતું. રાજાની દૃષ્ટિ વિશાળ અને શિક્ષણ માટે ઉપકારક હતી. ભાવનગરમાં આલ્ફ્રેડ હાઈસ્કૂલ જેવી સારી શાળા અને શામળદાસ કૉલેજ પણ હતાં. જામનગર અંગે આવી કોઈ સ્તુત્ય વાત કહી શકાય તેમ નહોતું. આથી બાળકોના સંસ્કાર અને શિક્ષણયુક્ત ઉછેર માટે તેમણે ભાવનગર બદલી માગી.

૧૯૨૨ના ઉનાળામાં કુટુંબ ભાવનગર આવ્યું અને ફોઈના ઘરની બાજુમાં જ ગોરી ફળિયાની શેરીમાં ઘર ભાડે લઈ રહેવા લાગ્યું. આમ ફોઈની હૂંફ પણ મળી અને ઘર જુદું હોવાથી સ્વાવલંબનની તાલીમ પણ મળી. કુટુંબ ૧૯૩૩ના ઑક્ટોબર સુધી ભાવનગર રહ્યું. અગિયાર વર્ષનો આ ભાવનગરવાસ વૈદ્યસાહેબ અને તેમના મોટાભાઈ માટે ખૂબ મહત્ત્વનો બની રહ્યો. ૧૯૨૨માં ભાવનગર આવ્યા ત્યારે મોટાભાઈ મધુભાઈએ સાતમા ધોરણ (એ સમયના થર્ડ સ્ટેન્ડર્ડ)નો અભ્યાસ પૂરો કર્યો હતો અને વૈદ્યસાહેબ તો હજી શાળાએ જતા જ નહોતા. ભાવનગર છોડ્યું ત્યારે મધુભાઈ એમ.એ. થઈ ચૂક્યા હતા અને વૈદ્યસાહેબ મૅટ્રિક સુધી પહોંચી ગયા હતા. સૌરાષ્ટ્રનાં દેશી રાજ્યોમાં ભાવનગર એક જ એવું હતું કે જ્યાં ગાંધીવાદીઓ પર ત્રાસ નહોતો ગુજારાતો અને જ્યાં ગાંધીચીંધ્યા માર્ગે અંગ્રેજ હકૂમત વિરોધી પ્રચાર કરવાની છૂટ હતી. એટલે બંને ભાઈઓ ભાવનગરવાસ દરમિયાન જ ગાંધીરંગે રંગાઈ ખાદીધારી બન્યા હતા. વળી અંગ્રેજોની જેલમાંથી ભાગી ભાવનગરમાં સ્વામીરાવના નામે અજ્ઞાતવાસ ભોગવતા ક્રાંતિવીર સરદાર પૃથ્વીસિંહ આઝાદના અખાડામાં નિયમિત જઈ તેમણે પોતાના શરીરને પણ કસાયેલાં બનાવ્યાં હતાં.

આમ વૈદ્યસાહેબનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ભાવનગરમાં થયું. શિક્ષણની સાથે ઘરનું કામ પણ હતું. દાદાનો સ્વભાવ અત્યંત ઉગ્ર હતો એટલે તેમના આદેશો ઝીલવાનું કામ કપરું હતું. પિતા નોકરીમાં વ્યસ્ત હતા અને મોટાભાઈ અભ્યાસમાં, એટલે આ બધી જવાબદારી વૈદ્યસાહેબ પર જ હતી. અને તે એમણે ખૂબ સરસ રીતે બજાવી. દાદાનો સ્વભાવ જેટલો ઉગ્ર હતો એટલો જ પિતાનો સ્વભાવ સૌમ્ય હતો અને સદ્ભાગ્યે વૈદ્યસાહેબ અને તેમના મોટાભાઈએ સ્વભાવની બાબતમાં પિતાનો વારસો મેળવ્યો હતો. વૈદ્યસાહેબ ઘરમાં સૌથી નાના હતા એટલે તેમને ઘરમાં બચુ કહેવાનો રિવાજ પડ્યો હતો. હજી આજે પણ નજીકના સંબંધીઓ તેમને બચુભાઈ, બચુકાકા કે બચુમામા જ કહે છે. એમની ઉંમરના બાળકમાં ભાગ્યે જ હોય તેવાં શાણપણ અને વિવેકબુદ્ધિનો જેમાં ઉપયોગ કરવો પડે તેવી કામગીરી એ બાળકને માથે હતી છતાં એ રમતિયાળ પણ હતા. મિત્રોની મશ્કરી કરવા માટે તેમણે રચેલાં લાંબાં લાંબાં જોડકણાં તેમનાં ભાભીને હજી આજે પણ યાદ છે. આમ તેમની સર્વતોમુખી પ્રતિભાનાં દર્શન નાનપણથી જ થાય છે.

૧૯૨૮માં મોટાભાઈનાં લગ્ન થયાં અને ઘરમાં ભાભી આવ્યાં એથી પરિસ્થિતિ જરા હળવી બની. પણ મોટાભાઈ હજી તો અભ્યાસ જ કરતા હતા એટલે આવકના સાધનમાં તો પિતાનો ટૂંકો પગાર જ હતો. આ પરિસ્થિતિમાં મોટાં બહેનનાં લગ્ન થયાં એટલે આર્થિક સ્થિતિ વધુ નબળી થઈ ગઈ. ૧૯૩૦માં મોટાભાઈ બી.એ. થયા. તેમની ઇચ્છા એમ.એ.નો અભ્યાસ કરવાની હતી પણ એ માટે ભાવનગરમાં સગવડ ન હતી અને બહારગામ રહીને અભ્યાસ કરે તો તેનો ખર્ચ પોસાય તેમ ન હતો. પણ છતાં પિતાએ ના ન પાડી. એમણે એટલું જ કહ્યું કે હું તારી પાસેથી આવકની આશા નથી રાખતો પણ તું શિષ્યવૃત્તિ મેળવીને તારા અભ્યાસનો ખર્ચ કાઢ. મોટાભાઈએ એમ જ કર્યું. તેમણે વડોદરા અને સુરત જઈને એમ.એ.નો અભ્યાસ કર્યો.

કુટુંબની હજી વધુ કસોટી બાકી હશે એટલે પિતા ચૂનીભાઈને ક્ષયરોગ લાગુ પડ્યો. તે સમયે તે રોગ જીવલેણ જ હતો. આખરે ૧૯૩૧ના સપ્ટેમ્બરમાં પિતાનું અવસાન થયું. કુટુંબ માટે આ એક કારી ઘા હતો. આવકનું એકમાત્ર સાધન ઝૂંટવાઈ ગયું, જ્યારે

મોટાભાઈનો અભ્યાસ પૂરો થવાને હજી થોડા મહિના બાકી હતા. સિત્તેર વર્ષના દાદા માટે આ ખૂબ આઘાતજનક ઘટના હતી. વૈદ્યસાહેબે તો ચાર વર્ષની ઉંમરે મા અને તેર વર્ષની ઉંમરે પિતા ગુમાવ્યા હતા. પિતા વારસામાં માત્ર શિક્ષણ અને સંસ્કાર મૂકતા ગયા હતા. તેના પ્રતીકરૂપે છેલ્લા શ્વાસ લેતાં તેમણે મધુભાઈને એટલું જ કહ્યું હતું કે, ''બચુને બી.એ. કરજો.''

દારુણ આર્થિક પરિસ્થિતિમાં કુટુંબે થોડા મહિના આવક વગર ચલાવી લેવા ઠરાવ્યું અને એમ ૧૯૩૨માં મધુભાઈ એમ.એ. થયા. આમ છતાં તેમને નોકરી સહેલાઈથી ન મળી. એ સમયે સમગ્ર વિશ્વમાં મંદીનું મોજું ફરી વળ્યું હતું એટલે નોકરી દુર્લભ હતી. નોકરીની શોધમાં મધુભાઈ મુંબઈ સુધી ભટક્યા. મુંબઈમાં પણ તેમને એક પેઢીમાં ગુમાસ્તાની નાનકડી નોકરી જ મળી. એ નોકરી પણ થોડો વખત કરી. આખરે ૧૯૩૩માં તેમને મુંબઈમાં અંધેરીની શેઠ માધવદાસ અમરસી હાઈસ્કૂલમાં શિક્ષક તરીકેની નોકરી (પગાર માસિક રૂ. ૬૫) મળી ત્યારે તેમણે આખા કુટુંબને મુંબઈ બોલાવી લીધું. એ વખતે વૈદ્યસાહેબ ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં મૅટ્રિકનો અભ્યાસ કરતા હતા. મુંબઈ આવીને તેમણે અંધેરીની એમ.એ. હાઈસ્કૂલમાં એ અભ્યાસ ચાલુ રાખ્યો. ૧૯૩૪માં તેઓ મૅટ્રિક થઈ જોગેશ્વરીની ઇસ્માઈલ યુસુફ કૉલેજમાં દાખલ થયા. કૉલેજ શિક્ષણનો ખર્ચ તેમણે પોતાના મોટાભાઈ પર પડવા દીધો નહિ. સખાવતી સંસ્થાઓ પાસેથી પુસ્તકોની તથા આર્થિક સહાય મેળવી શિષ્યવૃત્તિઓ લઈ અને ટ્યૂશનો કરીને તેમણે પોતાના શિક્ષણનો ખર્ચ કાઢ્યો હતો. વૈદ્યસાહેબે અધ્યાપક તરીકે કદી ટ્યૂશનો નથી કર્યા પણ વિદ્યાર્થી હતા અને આવકનું કોઈ સાધન ન હતું ત્યારે જ ટ્યૂશન કર્યાં છે.

તેઓ ૧૯૩૬માં ઇન્ટર સાયન્સ પાસ થયા અને બી.એસસી. માટે મુંબઈની વિખ્યાત સંસ્થા રોયલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સમાં દાખલ થયા. મોટાભાઈ મધુભાઈને પગલે તેમણે પણ ગણિતનો વિષય પસંદ કર્યો હતો. એમને સદ્ભાગ્યે ગણિતના બે વિદ્વાનો પ્રા. કે. આર. ગુંજીકર અને પ્રા. એન. આર. ત્રિવેદી એમના પ્રાધ્યાપકો હતા. એ બંને વૈદ્યસાહેબની પ્રતિભાથી પ્રભાવિત થયા હતા. પ્રા. ગુંજીકરસાહેબે તો એક છ માસિક પરીક્ષામાં તેમને ૫૦ માંથી ૫૪ માર્ક આપ્યા હતા. ૧૯૩૮માં વૈદ્યસાહેબે ડિસ્ટિંક્શન સહિત પ્રથમ વર્ગ લઈને બી.એસસી. પાસ કરી અને સિંધથી કર્ણાટક સુધી પથરાયેલી મુંબઈ યુનિવર્સિટીમાં બીજું સ્થાન મેળવ્યું ત્યાર પછી એમ.એસસી. માટે ઉપયુક્ત (Applied) ગણિતનો વિષય રાખી તેમણે અભ્યાસ ચાલુ રાખ્યો.

વૈદ્યસાહેબના દાદાની તબિયત હવે કથળતી ચાલી હતી. તેમની ઇચ્છા ''બચુ''નાં લગ્ન પોતાની હયાતીમાં જ થઈ જાય તેવી હતી. તેથી હજી એમ.એસસી.નો અભ્યાસ ચાલુ હતો ત્યાં જ શ્રી મણિલાલ વચ્છરાજાની અને શ્રીમતી દોલતબહેન વચ્છરાજાનીનાં પુત્રી વિદ્યાદેવી સાથે ૧૯૩૯માં તેમનું લગ્ન થયું. દાદા આ પ્રસંગની જ રાહ જોતા હોય તેમ લગ્ન પછી એક જ અઠવાડિયામાં તેમનું અવસાન થયું.

૧૯૪૦માં વૈદ્યસાહેબે પ્રથમ વર્ગ સાથે યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન મેળવી એમ.એસસી.ની પરીક્ષા પસાર કરી. તેમને તરત જ રાજકોટની ધર્મેન્દ્રસિંહજી કૉલેજમાં ગણિતના અધ્યાપકની જગ્યા પર નીમવામાં આવ્યા. તેઓ પોતાના અધ્યાપનકાળનાં સંસ્મરણો ''સુગણિતમ્''માં ''ચોક અને ડસ્ટર''એ શીર્ષકથી છેલ્લાં કેટલાંક વર્ષોથી આલેખી રહ્યા છે તેથી રાજકોટ પછીની તેમની કારકિર્દી આપણે અહીં તો ટૂંકમાં જ જોઈ જઈશું.

રાજકોટમાં એક વર્ષ ગાળ્યા પછી તેમણે બે વર્ષ અધ્યાપન છોડી દીધું. પહેલે વર્ષે તેમણે મુંબઈમાં મલાડ ખાતે સરદાર પૃથ્વીસિંહના અહિંસક વ્યાયામ સંઘનું સંચાલન કર્યું અને બીજે વર્ષે તેમણે બનારસ જઈ પ્રા. વી. વી. નારલીકરના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. માટે સંશોધન શરૂ કર્યું. ૧૯૪૩થી ૧૯૪૭ દરમિયાન તે સુરતની એમ.ટી.બી. કૉલેજમાં અધ્યાપક રહ્યા. ત્યાર પછી ફરી એક વર્ષ મુંબઈની તાતા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફન્ડામેન્ટલ રિસર્ચમાં રહી પીએચ.ડી. માટેનું સંશોધનકાર્ય પૂરું કર્યું. પછી ૧૯૪૮થી ૧૯૫૫ સુધી તેઓ વલ્લભવિદ્યાનગરની વી. પી. કૉલેજમાં પ્રાધ્યાપક રહ્યા. આ સમય દરમિયાન તેમને પીએચ.ડી.ની ડિગ્રી તો મળી જ. પણ એક ખૂબ તેજસ્વી સંશોધક તરીકે,

અત્યંત તેજસ્વી, હાજરજવાબી અને વિદ્યાર્થીપ્રિય અધ્યાપક તરીકે તથા રમતગમત અને યુવક પ્રવૃત્તિઓના સૂત્રધાર તરીકે તેમની પ્રતિષ્ઠા ખૂબ વ્યાપક બની.

૧૯૫૫ના નવેમ્બરમાં વૈદ્યસાહેબ ગુજરાત કૉલેજમાં પ્રાધ્યાપક તરીકે જોડાયા અને અમદાવાદમાં ગણિતના અનુસ્નાતક શિક્ષણને સંગીન પાયા પર મૂક્યું. ૧૯૫૯માં તેઓ વિસનગર કૉલેજના આચાર્ય તરીકે રહી આવ્યા. એ જ સાલના ડિસેમ્બર માસમાં ગુજરાત યુનિવર્સિટીના નવા ખૂલેલા અનુસ્નાતક ગણિત વિભાગમાં પ્રાધ્યાપક તરીકે જોડાયા. તેમણે ગણિત વિભાગને પ્રવૃત્તિઓથી સદા ધમધમતો રાખ્યો. એક તરફ તેમણે સંશોધન પ્રવૃત્તિને વેગ આપ્યો અને બીજી બાજુ ગુજરાતમાં દરેક કક્ષાએ ગણિતશિક્ષણનું સ્તર સુધરે તે માટે ભગીરથ પ્રયત્નો આરંભ્યા. આ પ્રયાસોના ભાગરૂપે જ ''સુગણિતમ્'', ''ગુજરાત ગણિત મંડળ'', ''ગણિત પ્રતિભા શોધ યોજના'' વ. પ્રવૃત્તિઓ મહોરી ઊઠી છે.

વૈદ્યસાહેબની સંશોધક તરીકેની પ્રતિષ્ઠા એટલી વ્યાપક છે કે અવારનવાર તેમને વિદેશોમાંથી પણ મુલાકાતો માટે આમંત્રણ મળે છે. આ રીતે તેઓ અમેરિકા, ઇંગ્લેન્ડ, આયર્લૅન્ડ અને ઇટાલી જઈ આવ્યા છે.

૧૯૭૧માં ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીએ તેમની વરણી ગુજરાત રાજ્ય સેવા પંચના અધ્યક્ષ તરીકે કરી. છ વર્ષ સુધી એ કામગીરી તેમણે ખૂબ કુશળતાપૂર્વક કરી અને ગણિતનું અધ્યાપન અટકી ગયું હોવા છતાં ગણિત સાથેનો સંપર્ક ચાલુ રાખ્યો એટલું જ નહિ પણ સંશોધનમાં તો તેઓ વધુ સક્રિય બન્યા. ૧૯૭૭માં તેઓ એ પદેથી નિવૃત્ત થયા પછી તરત જ કેન્દ્ર સરકારે તેમને નવી દિલ્હીમાં કેન્દ્ર સેવા પંચના સભ્ય તરીકે નિમ્યા. વૈદ્યસાહેબની ત્યારપછીની કારકિર્દીથી સહુ સુપરિચિત છે.

**(સુગણિતમ્ – સપ્ટે.-ઑક્ટો.-૨૦૧૦માંથી સાભાર)**

## ઑફિસર

સ્વિટ્ઝર્લૅન્ડની રેલવે જેવું કોઈ ટાઇમટેબલ નહીં. ચપટીમાં તમે બધું જ જોઈ શકો. ગાડીમાંની સગવડો – જમવાનું, સૂવાનું વગેરેની બહુ ઝીણવટથી, કુનેહથી અને મુસાફરની અનુકૂળતાનો પહેલો ખ્યાલ રાખીને અહીં ટાઇમટેબલો બનાવવામાં આવે છે.

ટાઇમટેબલ હાથ ચડ્યું, એટલે આપણે તો રાજા ! ગાડી ઊપડી, કે એનો અભ્યાસ શરૂ. એમાં જોયું તો અમુક એક ગાડી જો ત્રણ મિનિટ મોડી ઊપડે તો લોઝાંમાં મારસેલ્સથી આવતા મુસાફરોને વધુ સગવડ પડે એમ હતું, અને બીજી બાજુ એ ગાડી જરા મોડી થાય તો કશો વાંધો આવે તેમ નહોતું. મોન્ત્રોમાં એક 'ક્રૉસિંગ'માં માત્ર એક ગાડીને જરા થોભવું પડે.

કાગળ-પેનસિલ લઈને હું એની મથામણ કરી રહ્યો હતો, ત્યાં સામે બેઠેલા એક સાહેબે હસીને મને પૂછ્યું કે કંઈ તકલીફ છે ? તો મેં કહ્યું, ના, આ ટેબલમાં કંઈક દુરસ્તી થઈ શકે તેમ મને લાગે છે. પેલો તો નીકળ્યો રેલવેનો કોઈ મોટો ઑફિસર (અલબત્ત, થર્ડ ક્લાસમાં) ! એણે ડોળો ચડાવ્યો, મારી વિગતો તપાસી, જોરથી શેકહેન્ડ કરી ખૂબ ખુશી બતાવી, અને એ ઊતરવાનો હતો વચ્ચે ફ્રીબોર્ગ ત્યાં એક ટ્રેન જેટલું ઊતરવા મને વિનંતી કરવા લાગ્યો. હું ઊતર્યો. નજીકના રેસ્ટોરાંમાં એ મને ચા પીવા લઈ ગયો, ત્યાં અમે ખૂબ વાતો કરી. તે પછી એણે મારા રેલ-પાસ પર બધી મુસાફરી સેકન્ડ ક્લાસમાં કરી શકાય એવા પોતાના દસ્તકે શેરા મારી આપ્યા. ઉપરથી મારો ખૂબ આભાર માની, બીજી ટ્રેન પર મને વળાવીને એ ગયો.

**ચન્દ્રવદન મહેતા**

(મહેન્દ્ર મેઘાણી સંપાદિત 'અરધી સદીની વાચનયાત્રા-૧'માંથી સાભાર)

# વૈદ્યસાહેબ

**આઈ. એચ. શેઠ**

વૈદ્યસાહેબનો પ્રથમ પરિચય થયો ત્યારથી તેમની સાથે મારા જીવનમાં બનેલા પ્રસંગો યાદ આવે છે. તેમાંથી બે પ્રસંગની રજૂઆત અહીં કરવા માંગુ છું. જ્યારે પણ એકાંતમાં બેસી મારા જીવનમાં બનેલા પ્રસંગો સ્મૃતિ પર આવે છે ત્યારે આ બંને પ્રસંગો હંમેશાં યાદ આવે છે.

ભાવનગર અભ્યાસ કરી ૧૯૬૨માં M.Sc.ની પરીક્ષા બાદ મારા વતન-મહુવા ગયો. હવે અભ્યાસ પૂરો થયો અને પરિણામ બહાર પડે કે તરત જ કૉલેજમાં ગણિતના પ્રાધ્યાપક તરીકે નોકરી મળે તેવાં સુંદર સ્વપ્નાં સેવતો હતો. એક દિવસ મારા મિત્ર અનંતરાય બુસા, જેમણે અમદાવાદમાં ગણિત વિભાગમાં અભ્યાસ કરી મારી સાથે M.Sc.ની પરીક્ષા આપી હતી, મને મળવા આવ્યા અને કહ્યું કે વૈદ્યસાહેબ અહીં આવ્યા છે. આપણે સાંજે તેમને મળવા જવાનું છે. (વૈદ્યસાહેબના સાળા મહુવામાં ડૉક્ટર હતા.) સાંજે તેમની સાથે ઘણી વાતો કરી. અચાનક તેમણે મને કહ્યું કે M.Sc.ની પરીક્ષા પાસ થયા પછી અમદાવાદ મારી પાસે સંશોધન કરવા આવો. હું તો આશ્ચર્યમાં પડી ગયો. અત્યાર સુધી હું માનતો હતો કે M.Sc. પાસ થયા એટલે તમારો અભ્યાસ પૂરો થયો અને હવે તમારે કૉલેજમાં પ્રાધ્યાપક તરીકે નોકરી કરવાની. (૧૯૬૨માં સૌરાષ્ટ્રના એક ખૂણામાં આવેલ નાના શહેર-મહુવામાં રહેલ યુવકની આવી સમજણ હતી.) ભાવનગરમાં M.Sc. સુધીનો અભ્યાસ કર્યો હોવાથી ગણિતમાં સંશોધનની વાત મને પ્રથમ વખત સાંભળવા મળી. મેં તેમને કહ્યું કે હવે મારે આગળ અભ્યાસ નથી કરવો. M.Sc. પાસ થતાં ભાવનગરમાં સર પી. પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સમાં પ્રાધ્યાપક તરીકે નોકરી મળી ગઈ. આ અરસામાં ગુજરાતમાં ગણિત-વિજ્ઞાનના સંશોધનને વેગ આપવા ગુજરાત સરકાર તરફથી સ્કૉલરશિપની જાહેરાત કરવામાં આવી. કૉલેજના આચાર્ય શ્રી જે. બી. સાન્ડીલે (તેઓ પણ ગણિતના પ્રાધ્યાપક હતા) આ સ્કૉલરશિપનો લાભ લઈ વડોદરા પ્રા. યુ. એન. સિંઘના માર્ગદર્શન હેઠળ સંશોધનકાર્ય માટે સલાહ આપી. મેં તેમને મહુવામાં વૈદ્યસાહેબ સાથે સંશોધન કાર્ય માટે થયેલ વાત કરી. પણ મને કહેવામાં આવ્યું કે હું A group - Pure mathematics - સાથે M.Sc. થયો છું એટલે વડોદરા સંશોધન કાર્ય માટે પહોંચી ગયો. ૧૯૬૪ (કે ૧૯૬૫)માં પ્રા. યુ. એન. સિંઘને અમેરિકન સરકાર તરફથી આમંત્રણ મળતાં અમેરિકા ગયા. સાથે મને અમુક પુસ્તકો વાંચવાની ભલામણ કરી. થોડા સમય પછી મેં તેમને પત્ર લખ્યો કે તમે સૂચવેલ પુસ્તકોમાંથી મને ગમતા ટોપીક્સ વાંચી ગયો છું. હવે મારે આગળ શું કરવું ? જવાબમાં તેમણે મને Mathematical Reviews વાંચવાની સલાહ આપી. થોડા દિવસ લાઇબ્રેરીમાં બેસી મારી સમજણ પ્રમાણે Mathematical Reviews વાંચવા લાગ્યો. પણ ઝાઝી ગતાગમ ન પડી. આ બાબતમાં વૈદ્યસાહેબને પત્ર લખતાં તેમણે વિગતવાર દૃષ્ટાંત સાથે Mathematical Reviewsનો ઉપયોગ કઈ રીતે કરી શકાય તે જણાવ્યું અને હજુ પણ સમજણ ન પડે તો અમદાવાદ રૂબરૂ મળવાની વાત કરી. તેમણે સૂચવેલ રીતે પ્રમાણે Mathematical Reviews વાંચવા લાગ્યો અને થોડા સમયમાં જ Hyponormal operators-પરના બે પ્રગટ થયેલા સંશોધન પેપર્સની જાણકારી મેળવી. આ બંને સંશોધન પેપર્સમાં રસ પડ્યો અને મને સંશોધન માટેનો ટૉપિક મળી ગયો.

૧૯૬૬માં એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડામાં વ્યાખ્યાતા તરીકે પ્રથમ પાદરા કેન્દ્રમાં મારી નિમણૂક થઈ. બીજા વર્ષે સિંઘ સાહેબે મને ફેકલ્ટી ઑફ સાયન્સમાં બોલાવી લીધો અને મેં Ph.D. thesis

યુનિવર્સિટીમાં રજૂ કરી. મારાં પત્ની-યશોધરા-તે સમયે અમદાવાદમાં વૈદ્યસાહેબના માર્ગદર્શન નીચે સંશોધન કરી રહ્યાં હતાં. તેમનું સંશોધનકાર્ય પૂરું કરી મારી સાથે વિભાગમાં કામ કરે તેવો મનમાં વિચાર કરી રાખ્યો હતો. પણ ટૂંક સમયમાં પ્રા. યુ. એન. સિંઘ દિલ્હી યુનિવર્સિટીના ગણિત વિભાગમાં પ્રોફેસર તરીકે જઈ રહ્યા છે તેવી વાતો વિભાગમાં થવા લાગી. મને પણ થયું કે હવે મારે અહીંથી ગુજરાત યુનિવર્સિટીના ગણિત વિભાગમાં દાખલ થઈ જવું જોઈએ. તે સમયે ગણિત વિભાગ સમગ્ર ગુજરાતમાં ચાલતી ગાણિતિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર હતું અને મને પણ આ પ્રવૃત્તિમાં સામેલ થવાનું મન થયું. થોડા સમયમાં મને વિભાગમાં હંગામી વ્યાખ્યાતા તરીકે નિમણૂક મળી. આ અરસામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તરફથી અનુસ્નાતક ગણિત વિભાગ માટે વ્યાખ્યાતાની જાહેરાત આવી. ઉપકુલપતિશ્રી માંકડસાહેબે વૈદ્યસાહેબને આ બાબતમાં વાત કરી હશે એટલે વૈદ્યસાહેબે મને અરજી કરવાનું કહ્યું. નિમણૂકનો પત્ર લઈ હું તેમને મળવા ગયો. વૈદ્યસાહેબે મને પૂછ્યું કે તારી શું ઇચ્છા છે ? મેં કહ્યું કે વડોદરાની કાયમી નોકરી છોડી તમારી સાથે કાર્ય કરવા અમદાવાદ આવ્યો છું અને મારે તમારી સાથે જ રહી આ વિભાગમાં કામ કરવું છે. થોડી વાર વિચાર કરી તેમણે કહ્યું કે મારી સાથે યુનિવર્સિટી ઑફિસ આવ. પગમાં કશું જ પહેર્યા વિના અમે યુનિવર્સિટી ગયા અને મને ઉપકુલપતિશ્રીની ઑફિસ બહાર બેસાડી તેઓ ઉપકુલપતિ શ્રી ઉમાશંકરભાઈ જોશીને મળવા ગયા. વિભાગમાં પરત થતાં તેમણે મને કહ્યું કે તારે રાજકોટ જવાની જરૂર નથી. હું આ બાબતમાં માંકડસાહેબ સાથે વાત કરી લઈશ. આ બંને પ્રસંગો દ્વારા મારી શૈક્ષણિક કારકિર્દીને નવી દિશા મળી છે તેમ કહું તો તેમાં જરાપણ અતિશયોક્તિ નથી.

વૈદ્યસાહેબ લિખિત પુસ્તક 'ચોક અને ડસ્ટર' વાંચતાં તેમના જીવનના અગત્યનાં બે પાસાં મને જોવા મળ્યાં. (આ પુસ્તકને ગુજરાત રાજ્યનું પારિતોષિક મળ્યું છે.)

(૧) સમગ્ર જીવન દરમિયાન તેઓ તેમના સ્વમાન વિશે ખૂબ જ સભાન હતા. પોતાના સ્વમાનનો જરા પણ ભંગ થતો લાગે કે તરત જ આવતી કાલે શું થશે તેની ચિંતા કર્યા સિવાય નોકરીમાંથી રાજીનામું આપી દેતા. પોતાની પાસે M.Sc.ની પદવી છે, જ્ઞાન છે તથા કાર્ય કરવાની ધગશ છે એટલે નોકરી તો ગમે ત્યારે મળી જશે તેવી તેમની ખુમારી હતી. ૧૯૬૮માં ગુજરાત યુનિવર્સિટીના ગણિત વિભાગમાં દાખલ થયો ત્યારે પ્રા. એચ. એન. રાવળથી માંડીને બધા જ વિભાગના પ્રાધ્યાપકો, પટ્ટાવાળાભાઈઓને માનથી બોલાવે. આ જોઈ મને તો ખૂબ જ નવાઈ લાગી. વિભાગથી શરૂઆત થઈ ત્યારથી વૈદ્યસાહેબ-રાવલસાહેબે ખૂબ જ સુંદર પ્રણાલીઓ શરૂ કરેલી.

(૨) બીજા અગત્યના પાસા તરીકે તેઓ આજીવન શિક્ષક અને ફક્ત શિક્ષક જ રહ્યા. તેઓ વારંવાર કહેતા કે વર્ગમાં વિદ્યાર્થીઓને મેં શીખવ્યું છે તેના કરતાં ખૂબ જ વધારે વિદ્યાર્થીઓ પાસેથી વર્ગમાં અને વર્ગની બહાર મને શીખવા મળ્યું છે. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ થતાં સૌપ્રથમ તેમની ઑફિસમાં બ્લેકબોર્ડ મુકાવ્યું. ઑફિસ કામમાંથી નવરાશ મળે ત્યારે તેમણે આ રીતે પોતાની સંશોધન પ્રવૃત્તિ ચાલુ રાખી હતી. મને લાગે છે કે તેમની આ પ્રવૃત્તિ અનન્ય હતી. તેમની ઑફિસમાં મળવા જવાનું થાય ત્યારે પ્રા. એલ. કે. પટેલના હસ્તે લખાયેલાં સમીકરણો જોવા મળતાં. એક વખત તો તેમના અક્ષરોમાં 'સુગણિતમ્‌નાં પ્રૂફ્સ જોવાનાં છે.' તેવું લખાણ પણ વાંચવા મળ્યું. ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનના ચેરમેન માટે આમંત્રણ મળ્યું ત્યારે તેમણે શરત મૂકી કે ઑફિસ કામ પછી તેઓ પોતાની સંશોધન પ્રવૃત્તિ ચાલુ રાખશે. આ સાંભળી ગવર્નર શ્રીમદ્ નારાયણ કેટલા ખુશ થયા હશે તેની કલ્પના જ કરવાની રહે.

સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત 'જ્ઞાનગંગોત્રી' શ્રેણીમાં વૈદ્યસાહેબે ફાધર વાલેસ સાથે પુસ્તક 'ગણિતદર્શન' લખ્યું છે. બંને મહાનુભાવો ગણિતના વિદ્વાનો તો હતા જ, સાથે સોનામાં સુગંધ ભળે

તેમ તેઓ બંને ગુજરાતી ભાષાના નિષ્ણાતો પણ હતા. આથી માતૃભાષા-ગુજરાતીમાં આપણને એક ગણિત પરનું સુંદર પુસ્તક પ્રાપ્ત થયું. આ પુસ્તક દ્વારા માતૃભાષામાં ગણિતના ખ્યાલો કેટલી સરળતાથી રજૂ કરી શકાય તે જોવા મળે છે. પુસ્તક પ્રકાશિત થયાને ઘણાં વર્ષો થયાં હોવા છતાં હજુ પણ એક વખત વાંચવા હાથમાં લઈએ તો તેને સંપૂર્ણ પૂરું કર્યા સિવાય ચેન ન પડે તેવું જ્ઞાનસભર છે. ગણિતમાં રસ ધરાવનાર માટે તો નામ સાર્થક કરે તેમ દર્શન કરવા લાયક પુસ્તક છે. પ્રતિષ્ઠિત સામયિક 'કુમાર'માં વૈદ્યસાહેબની લેખમાળા 'પસ્તીનાં પાનાં'ને વાચકો તરફથી સુંદર પ્રતિભાવ મળ્યો હતો.

મને લાગે છે કે તેઓ ગુજરાત યુનિવર્સિટીના ગણિત વિભાગમાં પ્રાધ્યાપક બન્યા ત્યારે તેમણે [વિભાગનું] સ્વરૂપ કેવું હોવું જોઈએ, તેની યોજના વિચારી રાખી હશે. ૧૯૬૧માં અનુસ્નાતક કક્ષાએ અધ્યયન કરાવતાં ગણિતના પ્રાધ્યાપકોને નવા ગણિતના ખ્યાલોથી પરિચિત કરવા ગ્રીષ્મશિબિર (આ શિબિરમાં પ્રા. એ. આર. રાવ, ડૉ. એ. એમ. વૈદ્ય તથા ડૉ. એમ. એચ. વસાવડાએ 'વિદ્યાર્થી' તરીકે ભાગ લીધો હતો જ્યારે વૈદ્યસાહેબ, પ્રા. એચ. એન. રાવલ, ફાધર વાલેસ તથા પ્રા. યુ. એન. સિંઘે વ્યાખ્યાનો આપ્યા હતાં.), ૧૯૬૧ ડિસેમ્બરમાં ગુજરાત યુનિવર્સિટીના આશ્રયે અમદાવાદમાં Indian Mathematical Society (IMS)નું વાર્ષિક અધિવેશન (આ અધિવેશનમાં પ્રા. એ. આર. રાવના માર્ગદર્શન તળે તૈયાર કરવામાં આવેલ ગણિત પ્રદર્શન ખૂબ જ પ્રશંસનીય બન્યું હતું. Community Science Centreમાં પ્રા. એ. આર. રાવે તૈયાર કરેલ અદ્‌ભૂત ગણિત મોડેલ્સ, રમતો... ઇત્યાદિનાં બીજ અહીંથી રોપાયાં હોય તેમ મને લાગે છે. ઉપરાંત આ વાર્ષિક અધિવેશન બાદ વૈદ્યસાહેબ IMSના કોષાધ્યક્ષ થયા, સેક્રેટરી પણ થયા અને ૧૯૭૫ તથા ૧૯૭૬નાં વર્ષો માટે IMSના પ્રમુખ પણ બન્યા.), ૧૯૬૩માં સામયિક સુગણિતમ્‌ની શરૂઆત, તો ૧૯૬૪માં ગુજરાત ગણિત મંડળનું પ્રથમ અધિવેશન. આમ એક પછી એક ગણિત પ્રચાર માટે પ્રવૃત્તિઓ શરૂ કરી. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોના ગણિત પ્રાધ્યાપકો માટે ગણિતના નવા ખ્યાલોથી પરિચિત કરવા સમગ્ર વર્ષ દરમ્યાન શનિ-રવિના ઓપનવર્ગો શરૂ કર્યા. સ્નાતક કક્ષાએ ન્યુમેરિકલ એનેલિસિસ, સુરેખ બીજગણિત જેવા વિષયો દાખલ કરવા પ્રથમ M.Sc. કક્ષાએ આ વિષયો દાખલ કર્યા જેથી અહીં અભ્યાસ કરી કૉલેજમાં અધ્યયન કાર્ય માટે જોડાયેલા પ્રાધ્યાપકોને આ વિષયો ભણાવવાની સુગમતા રહે. ગુજરાતની શાળાઓમાં ગણિત-વિજ્ઞાનના અભ્યાસક્રમમાં આમૂલ ફેરફાર કરવા ડૉ. વિક્રમ એ. સારાભાઈએ શરૂ કરેલ પ્રોજેક્ટમાં જોડાયા. NCERT તથા કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના સહયોગથી સમગ્ર ગુજરાતમાંથી પસંદ કરાયેલ શાળાઓમાં નવા ગણિતનો અભ્યાસક્રમ દાખલ કરાવ્યો અને આ શાળાઓના ગણિત શિક્ષકોની ટ્રેઇનિંગ માટે દર શનિ-રવિ ઓપનવર્ગો ગોઠવવામાં આવ્યા. આ ઓપનવર્ગોનાં શિક્ષકો મુખ્ય ભૂમિકા ભજવે તેવું વાતાવરણ ઊભું કર્યું. પ્રથમ એક ટૉપિક પર પ્રાધ્યાપક વ્યાખ્યાન આપે. પછી તેના પર ચર્ચા થાય. આ ચર્ચાને ધ્યાનમાં રાખી ટૉપિક પર પ્રકરણ લખવામાં આવે અને ફરીથી આ પ્રકરણ પર ચર્ચા થાય. આ રીતે નવા ગણિતનાં પાઠ્ય-પુસ્તકો તૈયાર કરાવ્યાં. પ્રાથમિક કક્ષા માટે તો તેમણે ખાસ ધ્યાન-ફક્ત ગણિત જ નહિ પણ આ ઉંમરનાં બાળકોના સીમિત ભાષાજ્ઞાનને નજર અંદાજ ન કર્યું અને ભાષાનિષ્ણાતોનો સહકાર લઈ પાઠ્યપુસ્તકો તૈયાર કરાવ્યાં.

વૈદ્યસાહેબે સુગણિતમ્ અને ગુજરાત ગણિત મંડળ – આ બંને પ્રવૃત્તિઓનો ઉછેર તેમના માનસસંતાનો હોય તેમ કર્યો એમ કહેવામાં જરાપણ અતિશયોક્તિ નથી.

શરૂઆતમાં સુગણિતમ્‌નું વાર્ષિક લવાજમ એક રૂપિયા જેટલી નજીવી રકમ હોવા છતાં આ સામયિક ચાલશે કે નહીં તેવી દ્વિધાભરી પરિસ્થિતિ ઊભી થઈ હતી. પ્રથમ અંકથી જ 'અખિલ બ્રહ્માંડમાં' નામની લેખમાળા શરૂ કરી. સામાન્ય વ્યક્તિને પણ આકાશદર્શન કરવા પ્રેરે તેવી રસપ્રદ તથા સરળ ભાષામાં તેમણે આ લેખમાળા લખી છે. ત્યારબાદ 'તારક ઉત્ક્રાંતિનો

ઇતિહાસ' નામની લેખમાળા શરૂ કરી. 'લારીવાળા'ના ઉપનામ હેઠળ તેમણે ઘણી ગાણિતિક રમતો આપી છે. પ્રા. એ. આર. રાવ તથા ફાધર વાલેસના સુગણિતમ્‌માં આવેલ લેખોએ તો વાચકો પર જાદુ કર્યો હોય તેમ લાગતું. આજે સુગણિતમ્ સમગ્ર ભારતમાં નિયમિત રીતે પ્રગટ થતાં ગણિતના સામયિકોમાં મોખરાનું સ્થાન ધરાવે છે. સુગણિતમ્ શાળાના શિક્ષકો જ નહીં બલ્કે ગણિતમાં રસ ધરાવનાર વિદ્યાર્થીઓ તથા નાગરિકોને પોતાના ગાણિત્યિક વિચારો વ્યક્ત કરવાનું એક અગત્યનું સાધન બની ગયું છે.

ગુજરાત ગણિત મંડળના શરૂઆતના વાર્ષિક અધિવેશનમાં વૈદ્યસાહેબ, પ્રા. એ. આર. રાવ તથા પ્રા. યુ. એન. સિંઘનાં વ્યાખ્યાનો સાંભળવાં તે એક અમૂલ્ય લ્હાવો હતો. વધારામાં જ્યારે ફાધર વાલેસ પણ અધિવેશનમાં ઉપસ્થિત હોય ત્યારે મનમાં થતું : આવતા વર્ષે પણ આ ચારે મહાનુભાવોને એકી સાથે સાંભળવાની તક મળે. મંડળ થકી ગુજરાતમાં આવેલ યુનિવર્સિટીઓનાં અનુસ્નાતક ભવનોના તથા વિજ્ઞાન કૉલેજોના ગણિત પ્રાધ્યાપકો, શાળાના ગણિત શિક્ષકો તથા ગણિતના રસિયાઓ એકબીજાના કાર્યથી પરિચિત થયા. એક જ મંચ પર પ્રાથમિક શાળાનો શિક્ષક કે શાળાનો વિદ્યાર્થી અનુસ્નાતક ભવનના ગણિત પ્રાધ્યાપક સાથે ગણિતના પ્રશ્નની વાત કરે તે પણ અકલ્પિત લાગે તે સત્ય હકીકત છે. ગુજરાત બહારથી આવનાર ગણિતના પ્રાધ્યાપકો તો અધિવેશનની કાર્યવાહી જોઈ અચંબામાં પડી જાય છે. ગણિત વિભાગમાં કાર્ય કરતો હતો ત્યારે વિભાગના વિદ્યાર્થીઓને અધિવેશનમાં પ્રવચન આપવા તથા કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા યોજવામાં આવનાર ગણિત પ્રદર્શનમાં સ્વયંસેવકો તરીકે ભાગ લેવા તૈયાર કરતો. અધિવેશનમાંથી પરત થયા પછી ગણિતની નવી દુનિયામાં જઈ આવ્યા હોય તેવો પ્રતિભાવ આ વિદ્યાર્થીઓ પાસેથી મળતો.

વૈદ્યસાહેબે વિવિધ ગાણિતિક પ્રવૃત્તિઓ શરૂ કરાવી પણ એક વખત આ પ્રવૃત્તિ બરોબર કાર્ય કરી રહી છે તેમ લાગે ત્યારે પોતાની જાતને પ્રવૃત્તિમાંથી ધીમે ધીમે ખસેડી નવી પેઢીને સુકાન સોંપી દેતા. ખરેખર આજના યુગમાં એક વિરલ તથા અનન્ય કહી શકાય તેવી આ ઘટના વૈદ્યસાહેબનું જીવન કેટલું ઉમદા તથા નિસ્પૃહી હતું તેની પ્રતીતિ કરાવે છે.

તેમની ગાણિતિક સેવાઓ માટે ૧૯૯૩માં ગુજરાત સરકાર તરફથી તેમને 'ડૉ. વિક્રમ સારાભાઈ' ઍવોર્ડ અર્પણ કરવામાં આવ્યો.

આ લેખ તૈયાર કરતી વેળા મને મનમાં પ્રશ્ન થયો - હું વૈદ્યસાહેબને કઈ પ્રવૃત્તિ માટે યાદ રાખીશ ? ઘણી બધી પ્રવૃત્તિઓ છે પણ વૈદ્યસાહેબે મને ગણિતમાં લખવાની પ્રેરણા આપી તે માટે હું હંમેશાં તેમનો ઋણી રહીશ તથા તેમને યાદ રાખીશ. મારી પ્રથમ પુસ્તિકા 'જાદુઈ ચોરસ' માટે તેમને મળવા ગયો ત્યારે પ્રશ્ન કર્યો - તું આ પુસ્તિકા કોના માટે લખી રહ્યો છે ? મેં કહ્યું કે ગણિતમાં રસ ધરાવનાર સામાન્ય વ્યક્તિ અને ખાસ કરીને શાળાના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી પુસ્તિકા તૈયાર કરી છે. શાળાના વિદ્યાર્થીઓ માટે આવું સળંગ લખાણ ન ચાલે તેમ કહી સમગ્ર લખાણને નાનાં નાનાં પ્રકરણોમાં વહેંચી નાખવાની તથા પ્રત્યેક પ્રકરણના અંતે આવતા પ્રકરણમાં શું કરવાના છીએ તેની માહિતી આપવાની સલાહ આપી. તેમની આ સલાહ ત્યારબાદ મેં લખેલ પ્રત્યેક પુસ્તિકામાં અપનાવી છે. નિવૃત્તિના નવ વર્ષ પછી પણ આ પ્રવૃત્તિ મને સાથ આપી રહી છે.

વૈદ્યસાહેબ વારંવાર પ્રા. સત્યેન્દ્રનાથ બોઝ (તેમના માનમાં ભૌતિકશાસ્ત્રમાં એક કણને BOSON નામ આપવામાં આવેલ છે. ઉપરાંત તેઓ આઈન્સ્ટાઈન-બોઝ સ્ટેટિસ્ટિક્સના આવિષ્કર્તા હતા)ની શિક્ષક માટેની વ્યાખ્યા ટાંકતા - ''શિક્ષક શું કરે છે ! તે તો વિદ્યાર્થી સમક્ષ પોતાની જાતને નમૂના તરીકે પેશ કરે છે. વિદ્યાર્થી એ નમૂનાનું અનુકરણ કરી સ્વઘડતર કરે તે માટે'' વૈદ્યસાહેબે શિક્ષણજગતમાં પ્રવેશ કર્યો ત્યારથી અંત સુધી ત્રણથી ચાર પેઢીને અનુકરણ કરવા લાયક ઉચ્ચ કોટિના સંશોધક તથા સંનિષ્ઠ શિક્ષક રહ્યા હતા.)

(૩૮૧, સરસ્વતી નગર, હિંમતલાલ પાર્કની બાજુમાં, અમદાવાદ-૩૮૦૦૧૫)

**(સુગણિતમ્ – સપ્ટે.-ઑક્ટો.-૨૦૧૦માંથી સાભાર)**

# ઝૂંપડપટ્ટીમાં રહેતાં શ્રમજીવી બાળકોનો `અક્ષરજ્ઞાન' વર્ગ

ડૉ. સોમભાઈ સી. પટેલ

ગરીબ લોકોમાં ખાસ કરીને (આદિવાસીઓમાં) કંઈક સેવાકાર્યો શિક્ષણ, આરોગ્ય, સંસ્કાર ઘડતર વગેરે જેવાં કરવાં એવું વિચારબીજ ઈ.સ. ૧૯૫૮ની સાલમાં મારા મનમાં જન્મ્યું હતું. તે વખતે હું મારા વતન વિસનગરની એમ.એન. (આર્ટ્સ) કૉલેજમાં પ્રથમ વર્ષનો વિદ્યાર્થી હતો અને મારી ઉંમર ૨૦ વરસની હતી. આ વાતને ૫૩ વર્ષ વીતી ગયા બાદ તે બીજ અંકુરિત થયું. તે વખતે હું ૭૩ વર્ષનો થયો હતો. કેટલાંક બી કદી નાશ પામતાં નથી. યોગ્ય સમયે તે ઊગી નીકળે છે. મારો બીજરૂપ વિચાર અંકુરિત થવા મથી રહ્યો હતો. મને થયું ઝૂંપડપટ્ટીનાં બાળકોમાં કંઈક અક્ષરજ્ઞાન શીખવવાનું કામ કરવું. વિચાર પ્રબળ થયો, નિશ્ચય થયો અને સંકલ્પ બંધાયો કે 'કરવું જ.' આટલા વિચાર મંથન પછી તેને અમલમાં મૂકવાની યોજના બનાવી.

બાળકોને ભણાવવા માટે હું તો ખરો જ. મારી સાથે બીજા પણ શિક્ષકો જોઈએ. એકલાનું કામ નહીં. શિક્ષકો મેળવવા છાપામાં જાહેરાત આપવાનું વિચાર્યું. સાથે એમ પણ નક્કી કર્યું કે પગારદાર શિક્ષકો ન રાખવા. પરંતુ સેવાની ભાવનાવાળા નિઃશુલ્ક ધોરણે ભણાવવા તૈયાર હોય તેવા જ લેવા અને આવા જ શિક્ષકો ટકે અને સારું કામ કરે. મેં ગાંધીનગરનાં ત્રણ સ્થાનિક દૈનિકોમાં જાહેર ખબર આપી. આર્થિક બદલાની અપેક્ષા વિના માત્ર સેવાની ભાવનાથી ગાંધીનગર ઘ-૬ પાસેની ઝૂંપડપટ્ટીનાં નિરક્ષર બાળકોને રાત્રે ૧ કલાક અક્ષરજ્ઞાન શીખવાડી શકે તેવા શિક્ષકની જરૂર છે. સંપર્ક : ૯૪૨૭૩૩૧૦૧૨' મારી સાથે શ્રીમતી અંજનાબહેન બારોટ આ સેવાકાર્યોમાં સાથે રહેવાનાં હતાં એટલે તેમનો નંબર પણ આપ્યો ૮૧૪૦૬૩૬૮૪૪.

ત્રણે દૈનિકોના તંત્રીઓને હું મળ્યો અને સેવા તથા સહકારની ભાવનાથી વિનામૂલ્યે જાહેરાત છાપવા કહ્યું. 'ગાંધીનગર સમાચાર' તથા 'ઇગલ'માં જાહેરાત આવી અને અમને ૨૦ જેટલા ફોન મળ્યા. આ સેવાકાર્યમાં જોડાવા તેઓ તત્પર હતા.

ઘ-૬ની ઝૂંપડપટ્ટી પાસે સાંજે ૫ વાગે અમે મળવાનું નક્કી કર્યું. ૨૦માંથી ફક્ત ૬ જણ આવ્યા. સર્વે કર્યો. બાળકોને મળ્યા. કહ્યું, 'ભણવા આવશો ?' જવાબ 'હા.' તેમનાં માતા-પિતાને કહ્યું, 'ભણવા મોકલશો ?' જવાબ 'હા, હા જરૂર મોકલીશું.' ૨૦ જેટલાં બાળકોની યાદી તૈયાર થઈ, બીજા દિવસે ઘ-૬ સર્કલ પાસે સેક્ટર-૨૮ના ખૂણા પર ફૂટપાથ પાસે ખુલ્લામાં સાંજે ૫ વાગે સમયસર આવવા જણાવ્યું.

અમે વિચાર્યું, આ વર્ગ રાત્રે રાખીએ તો વધુ સારું. તેના માટે ઝૂંપડપટ્ટીના ચોકમાં જગા તો હતી. પણ અજવાળું ક્યાંથી લાવવું ! પાવરવાળી લાઇટ લાવી શકાય, પણ તેના ખર્ચનો અને સાચવણીનો પ્રશ્ન ઊભો થતો હતો. ઝૂંપડપટ્ટીમાં આ ક્યાંથી સચવાય ? બાજુના ઇલેક્ટ્રિસિટીના થાંભલામાંથી વાયર જોડીને લાઇટ લઈ શકાય, પણ તે ગેરકાયદે ગણાય. વળી સાચવણી અને સલામતીના પ્રશ્નો પણ ઊભા થાય.

એટલે સાંજે ૫ વાગે દિવસના અજવાળામાં વર્ગ ચાલુ કરવાનો નિર્ણય લીધો. બીજા દિવસે તા. ૧૩-૧૨-૨૦૧૦ના રોજ સાંજે ૫ વાગે હું સ્થળ પર ગયો. ૬માંથી અમે ત્રણ હાજર હતા. મારા ખભે બગલથેલો હતો. ઝૂંપડપટ્ટીમાંથી ત્રણ-ચાર બાળકો આવ્યાં હતાં. ઝાડના છાંયડા નીચે ઊભા રહી હું ભણાવવાની શરૂઆત કરું તે પહેલાં તેમને કેટલું આવડે છે તેની ચકાસણી શરૂ કરી. આ બાળકો સરકારી પ્રાથમિક શાળાનાં હતાં પણ શાળામાં જતાં નહોતાં. પૂછ્યું, 'નિશાળમાં કેમ જતાં

નથી ?' જવાબ, 'નથી ગમતું' આ બાળકોનું જ્ઞાન દયાજનક હતું. ૧થી ૧૦૦, કક્કો, આંક, શબ્દો, સરવાળા, બાદબાકી, એ.બી.સી.ડી. વગેરે કંઈ જ આવડતું ન હતું. છતાં ધોરણ ૩, ૪ અને ૭માં ભણતાં હતાં. તેમનું સામાન્ય જ્ઞાન તપાસવા મેં કહ્યું, 'જે શહેરમાં આપણે રહીએ છીએ તેનું નામ શું ?' જવાબ : 'ભારત', 'ગુજરાત', પણ 'ગાંધીનગર' કોઈ કહી શક્યું નહીં. અમારે અહીંથી શરૂઆત કરવાની હતી. ઊભા ઊભા અમે ભણાવતા હતા તે આ બાળકોના વડીલ શ્રી નટવરલાલ દંતાણીએ જોયું. તેઓ મારા માટે પ્લાસ્ટિકની જૂની તૂટેલી ખુરશી લઈ આવ્યા. પછી તેના પર ગાભાની ગોદડી પાથરી અને આગ્રહપૂર્વક બેસવા કહ્યું. આમ પહેલો દિવસ પૂરો થયો. સાંજના ૫ વાગ્યાનો સમય વહેલો પડતો હતો. વળી ગરમી પણ હતી એટલે બીજા દિવસે ૬ વાગ્યાનો સમય રાખ્યો. શિક્ષક ઊભા ઊભા ભણાવે એ મને યોગ્ય ન લાગ્યું. એટલે મેં બજારમાંથી પ્લાસ્ટિકની ૨ નવી ખુરશી ખરીદી ઝૂંપડપટ્ટીમાં મોકલાવી અને થોડાક દિવસ પછી બીજી ૨ ખુરશી ખરીદી કુલ ૪ ખુરશીની વ્યવસ્થા શિક્ષકો માટે કરી. તથા બાળકોને બેસવા માટે ચટાઈ ખરીદીને મોકલાવી.'

બાળકો ઓછાં પડતાં હતાં ૧૦, ૧૫ કે ૨૦ જેટલાં તો જોઈએ. એટલે ઝૂંપડપટ્ટીમાં ફરીથી સંપર્ક કર્યો. બાળકોને આવવા જણાવ્યું. તેમનાં માતા-પિતાને પણ કહ્યું. એટલે સંખ્યા ૧૦થી ૧૫ જેટલી થઈ. આ બાળકોમાં નિયમિતતા ન હતી. પાંચેક બાળકો ખૂબ જ નિયમિત હતાં. બાકીનાં અનિયમિત. ૧ દિવસ આવે તો ૩ દિવસ ન આવે. આનું કારણ તેમની જીવનશૈલીમાં મેં જોયું. કેટલાંક દિવસે બાળમજૂરી કરનારાં હતાં. થાકી જાય એટલે ન આવે. નાનાં બાળકો વહેલાં ઊંઘી જાય એટલે ન આવે. આમ અમારો વર્ગ અનિયમિત બાળકોનો વર્ગ બની રહ્યો. પણ મેં તે ટકાવી રાખ્યો.

આવી જ અનિયમિતતા શિક્ષકોમાં મેં જોઈ. શરૂઆતમાં તો વિચાર એટલો બધો ગમી જાય કે આવવાનો ઉમળકો થાય, પણ આ ઉમળકો એક-બે દિવસ જ રહે, પછી શમી જાય અને આવતા બંધ થઈ જાય. હું ફોન ઉપર સંપર્ક કરું એટલે આવે. વળી પાછા બંધ થઈ જાય. અત્યાર સુધીમાં ૭૦ જેટલા શિક્ષકો મને મળ્યા, પણ કોઈ જ ટક્યા નથી. થોડાક અપવાદો સિવાય બીજા થોડુંક થોડુંક આવીને બંધ થઈ ગયા છે. કેટલાક તો કદી આવ્યા જ નથી. આ તો સેવાની ભાવનાથી કરવાનું કામ છે. જેનામાં આ ભાવના ખરા હૃદયની હોય તે ટકે. અત્યાર સુધીમાં હું અને બીજાં એક બહેન હેતલ સોની બે જ ટક્યાં છીએ.

આ વર્ગને 'અક્ષરજ્ઞાન' વર્ગ એવું નામ આપ્યું છે. તેનો ઉદ્દેશ મારા મનમાં સ્પષ્ટ કરી રાખ્યો છે. લખતાં-વાંચતાં આવડે, સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર, આવડે. દસા સુધીના ઘડિયા. અંગ્રેજી શબ્દો અને સંસ્કાર તેમજ આરોગ્ય વિષયક સામાન્ય જ્ઞાન, આટલું લક્ષ્ય મેં રાખ્યું છે અને તે પ્રમાણે સારું ચાલી રહ્યું છે. આ બાળકો ઝૂંપડપટ્ટીનું જીવન જીવનારાં શાપિત બાળકો છે. તેમની જીવનશૈલી આપણાથી ઘણી જુદી છે. તેમની ઝૂંપડીમાં બપોરે ચૂલો સળગતો નથી. દિવસમાં એક વખતે રાત્રે ચૂલો સળગે છે. જમવાનું દિવસમાં એક વખત રાત્રે જ થાય અને તે પણ માગીને લાવવાનું. કદાચ રોટલો, ચટણી, મરચું, ડુંગળી અને ચા બનાવવામાં આવે છે. શરીર અને કપડાં મેલાં, ગંદાં, માથું મેલથી ભરેલું, ઓળ્યા વિનાનું, અસ્તવ્યસ્ત. આ સ્થિતિમાંથી અમે તેમને બહાર લાવ્યા છીએ. હવે શરીર, કપડાં, માથું, જીભ, દાંત વગેરે સ્વચ્છ હોય છે. અમારી મહેનત એળે નથી ગઈ.

આ વર્ગમાં શાળાની શિસ્ત પ્રવેશી ન જાય તેની કાળજી મેં રાખી છે. કેવી રીતે બેસવું તેના કોઈ નિયમો અમે રાખ્યા નથી. મુક્ત રીતે જેમ બેસવું હોય તેમ બેસે. ન આવડે તો ઠપકો નહીં, માર તો નહીં જ. મીઠી સમજણ અને શીખવવાની વૃત્તિ અમે રાખી છે એટલે તેમને અહીં આવવું ગમે છે. અમારી સોબત ગમે છે. અમને દૂરથી જોઈને દોડતાં અમારી સામે આવી જાય છે.

શરૂઆત કરી ત્યારે આ બાળકો સાવ મેલાં-ઘેલાં હતાં. માથાના વાળનું કોઈ ઠેકાણું નહીં. હાથ-પગ મોં તથા કપડાં ગંદાં, પણ હવે ઘણો ફેર પડી ગયો છે. બધું સ્વચ્છ બન્યું છે. સ્વચ્છતા સ્પર્ધા રાખી તેમાં ૨૦ બાળકો સામેલ થયાં હતાં. માથાના વાળ, દાંત, જીભ, હાથ, હાથના નખ, મોં, પગ, પગના નખ, પગરખાં અને પોશાક બધું સ્વચ્છ હતું. આ મોટું પરિવર્તન છે.

અક્ષરજ્ઞાન ઉપરાંત સ્વચ્છતા, આરોગ્ય, નૈતિકતા,

પ્રામાણિકતા, આધ્યાત્મિકતા તથા સામાન્યજ્ઞાનને અમે તેમાં વણી લીધું હતું. દા.ત. પ્રશ્નો અને તેના જવાબો આ રીતે શીખવાડાતા હતા. માંદા પડવાનું કારણ ? ગંદી રહેણીકરણી. શું કરીએ તો માંદા ન પડીએ ? ચોખ્ખી રહેણીકરણી. શું ચાવવાથી દાંત ખરાબ થઈ જાય ? પાન, મસાલા, પડીકી, તમાકું. શું પીવાથી પેટની હોજરી ખરાબ થઈ જાય ? દારૂ. શું પીવાથી ફેફસાં બગડી જાય ? બીડી-સિગારેટ, શું પીવાથી ખાધેલું પચી જાય ? છાશ. કોઈ પશુ, પંખી, જીવજંતુને મારીએ કે મારી નાખીએ તો પાપ લાગે ? હા, ચોરી કરીએ, જૂઠું બોલીએ, છેતરીએ તો પાપ લાગે ? હા, મંદિરમાં ભગવાનની સેવા અને ઘરમાં મા-બાપની સેવા એ બેમાં સારું શું ? મા-બાપની સેવા. ભગવાન કેટલા છે ? એક જ. ક્યાં રહે છે ? બધે જ. કર્મનો બદલો રહી ગયો હોય તો આવતા જન્મમાં મળે ? હા.

બાળકોની સાથે તેમનાં માતા-પિતા પણ આવે (સમય હોય, અનુકૂળતા હોય તો) તો દેખરેખ પણ રહે એવી રીત અમે રાખી છે.

મેં અગાઉ કહ્યું તેમ આ શાપિત જિંદગી છે. તેમનાં માતા-પિતા ન ભણ્યાં તેનો ઘણો પસ્તાવો તેમને થાય છે. તેમનાં બાળકો ભણે એવી પ્રબળ ઇચ્છા તેમની છે. એટલે તેમનું પ્રોત્સાહન આની પાછળ છે.

જે વિસ્તારમાં હું આ વર્ગ ચલાવું છું તે વિસ્તારમાં લગભગ ૧૦૦ જેટલાં બાળકો છે (ઘ-૬, સર્કલની આજુબાજુ અડધા કિમી. વિસ્તારમાં) મારે વીસેક જેટલાં નિયમિત બાળકો જોઈએ છે. પણ તેટલી સંખ્યા મને મળતી નથી. અમારા વર્ગની સંખ્યા ૫થી ૧૦ જેટલી જ રહે છે. બાળકો આવે તે માટે અને તેમનાં મા-બાપ મોકલે તે માટે અવારનવાર હું તેમની ઝૂંપડીઓમાં ફર્યો છું. દરેક જણ હા જ કહે છે પણ આવે નહીં. આ અમારો અનુભવ છે. અકર્મણ્યતા તેમની જિંદગીનો ભાગ છે. દિવસે મજૂરી, રાત્રે થાક, વહેલી ઊંઘ અને આળસ, બેદરકારી જેવાં કારણોસર તેઓ નથી આવતાં, તેમની જીવનશૈલી જ એવી છે કે કોઈ કામમાં સાતત્ય જળવાય નહીં.

આ બાળકોમાં કામચોરી અને ઉત્સાહનો અભાવ મને જણાયો છે, આ તેમને મળેલો વારસો હોય તેમ મને લાગ્યું. અને આવો જ વારસો તેઓ તેમનાં સંતાનોને આપશે ? અમે આમાં શું કરી શકીએ ? અમારું મંથન ચાલુ છે. આ વર્ગ અનેક પરિવર્તનોમાંથી પસાર થયો છે અને તેથી જ ટક્યો છે.

અમે ભણાવવાની શરૂઆત કરી ત્યારે દરેકને સ્લેટ, પેનની પેટી, ડસ્ટર, આંકની ચોપડી અને થેલી એટલું અમે આપ્યું. પણ થોડાક જ દિવસોમાં આ બધું અદશ્ય થઈ જાય. કશું સચવાય નહીં. ખાલી હાથે ચાલ્યાં આવે. નિશાળે જતાં (લગભગ ન જતાં). બાળકોને કહીએ, તમારી સ્કૂલબૅગ લઈને આવો. પણ કોઈ લાવે નહીં. અત્યાર સુધીમાં પાંચેક વખત સ્કૂલબૅગોના સેટ આપ્યા. બધું જ ગાયબ, પૂછીએ કેમ નથી લાવ્યા ? જવાબ, 'નથી' ક્યાં ગયું ? જવાબ 'ખબર નથી' 'ધીમે ધીમે સ્લેટ-પેનનો ઉપયોગ બંધ થઈ ગયો. નોટબુક, બોલપેન શરૂ કરી. સ્કૂલબૅગ આપવાની બંધ કરી. કશું લીધા વિના ખાલી હાથે ચાલ્યાં આવે એટલે ૧૦ નોટો, ૧૦ બોલપેનો, ૧૦ આંકની ચોપડીઓની એક બૅગ તૈયાર કરી. એક જણને તેની જવાબદારી સોંપી. તે લઈને તે આવે. તેમાંથી દરેક જણ લે. વર્ગ પૂરો થાય એટલે પાછું મૂકી દે. આ પદ્ધતિ હાલ ચાલુ છે. બૅગ રોજરોજ લાવવાની આળસ તો ખરી જ. એટલે અઠવાડિયે ૧૦ રૂપિયા આપવાના નક્કી કર્યા. તેની લાલચે લાવે છે. પાથરણાં અમે લઈ આપ્યાં છે. પણ તે લાવવાની આળસ તો ખરી જ, એટલે તેના પણ રૂ. ૧૦ આપવાના નક્કી કર્યાં. તેની લાલચે લાવે છે. વર્ગ પૂરો થાય એટલે દરેકને પ્રસાદીરૂપે ચોકલેટ વહેંચવાની પ્રથા શરૂઆતથી જ રાખી છે. વધુ નાનાં બાળકો આ લાલચે પણ આવે છે.

અમારો વર્ગ ફૂટપાથ પાસે, ખુલ્લામાં, રાત્રે રોડ લાઈટના અજવાળામાં ચાલે છે. જતા-આવતા લોકો જુએ છે. તેમને સારું લાગે છે. કોઈ કોઈ માણસો નોટબુકો, નાસ્તો, બિસ્કિટ ચોકલેટ વગેરે આપી જાય છે. અમે સમય બદલ્યો. સાંજે ૬થી ૭ કર્યો. સ્થળ બદલ્યું. ફૂટપાથ ને બદલે અંદર છાપરાં આગળ જ વર્ગ રાખ્યો એટલે નાનાં-મોટાં બધાં આવવા લાગ્યાં. સંખ્યા ૧૫ જેટલી થઈ.

બાળકોને બેસાડવાની જગા અને શિક્ષકને બેસવાની જગાના પ્રશ્નો વારંવાર ઊભા થતા હતા. બાળકોનો સહકાર નહિવત હતો. કામચોરી અને વાદ

લેવા જેવી અનેક માનસિકતાઓથી બાળકો તથા તેમનાં માતા-પિતા પણ ઘેરાયેલાં હતાં.

છેવટે બેન્ચો લાવવાનું નક્કી કર્યું. ગાંધીનગરની સર્વ વિદ્યાલય, કડી સંસ્થાના સેવાભાવી ચેરમેન શ્રી વલ્લભભાઈ (સરદારભાઈ) પટેલે તૂટેલી બેન્ચો સુથાર પાસે રિપેર કરાવી અમને વિના મૂલ્ય આપી. તો પણ પ્રશ્નો તો ઊભા થતા જ હતા. અટકચાળાં છોકરાં બેન્ચોના સ્ક્રૂ કાઢી નાખતાં, તો કેટલાંક બેન્ચ પર બેસી બેન્ચ હલાવ્યા કરતાં, તો કેટલાંક સોટીઓ લઈ બેન્ચો પર નગારું વગાડતાં. શિખામણ કે સમજણની કોઈ અસર થતી ન હતી. છેવટે દરેક છાપરામાં એકેક બેન્ચ આપી દીધી. પણ આ બેન્ચોનો ઉપયોગ તો પોટલાં વગેરે મૂકવામાં જ થવા માંડ્યો !

પથ્થરના બાંકડા લાવવાનું નક્કી કર્યું. ૭ બાંકડા લાવી દીધા. આ વ્યવસ્થા ટકી છે. શિક્ષક-વિદ્યાર્થી બધાં બાંકડા પર જ બેસે છે. સ્વચ્છતાનો પ્રશ્ન હજી હલ થયો નથી. સાફસૂફી કરવા ભાગ્યે જ કોઈ તૈયાર થાય છે. કેટલાંક તો હાથ જ અડાડતાં નથી. સાફસૂફીના કામને હલકું ગણે છે.  કેટલાંક મારી શરમે સાફસૂફી કરે છે. કેટલાંક તો બિલકુલ નહીં. ખાવાની કે અન્ય કોઈ વસ્તુ આપવા માંડીએ એટલે બધાં ભેગાં થઈ જાય, પડાપડી કરે. કતારમાં ઊભાં રહે જ નહીં. કેટલાંક છાનાંમાનાં ફરીથી લેવા આવે. જૂઠું બોલે, ઇત્યાદિ. દરેક મુશ્કેલી પરિવર્તન માગે છે. આ બધી વિષમતાઓ અને વિપરીતતાઓ વચ્ચે આ વર્ગને અમે ટકાવી રાખ્યો છે.

ઉનાળુ વેકેશન કે દિવાળી વેકેશન અમે રાખતા નથી. વર્ગ ખુલ્લામાં ચાલતો હોવાથી વરસાદમાં અને વધુ ઠંડીના દિવસોમાં અમે વર્ગ બંધ રાખીએ છીએ. અમારું સમયદાન અલ્પ છે. અઠવાડિયાના પાંચ કલાક થયા. પણ તેનું પરિણામ અલ્પ નથી એવો અમારો અનુભવ રહ્યો છે. કેટલાંક બાળકો અભ્યાસમાં ૪૦ ટકાથી આગળ વધી ૮૦ ટકા સુધી, કેટલાંક રહેણીકરણી અને રીતભાતમાં મધ્યમવર્ગ સુધી, તો કેટલાંક આવકનું સાધન મેળવવામાં બ્યૂટી પાર્લર, વેસ્ટર્ન ડાન્સ, સીવણમાં આગળ વધ્યાં છે અમારા અભ્યાસવર્ગની આ ઉપલબ્ધિ છે.

**નોંધ** : હાલ આ વર્ગ સાંજે ૬-૦૦થી ૭-૦૦ દરમિયાન ઝૂંપડપટ્ટીની અંદર ચાલે છે. આ વર્ગને સર્વ વિદ્યાલય કડી સંસ્થા તરફથી ફળફળાદિ, મીઠાઈ, તેમજ અભ્યાસ સામગ્રી 'કર ભલા હોગા ભલા'ની ભાવનાથી અપાય છે.)

(કેમ્પસ ડાયરેક્ટર, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, સેક્ટર ૨૩, ગાંધીનગર. મો. ૯૪૨૭૩૩૧૦૧૨)

## ક્ષાત્રધર્મ

રામચંદ્રજી વનવાસ માટે નીકળ્યા ત્યારે હથિયાર ધારણ ન કરવાનો નિશ્ચય કરેલો. સાધુની જેમ ૧૪ વરસ રહેવાનું હતું. રસ્તામાં એક આશ્રમ આગળ હાડકાંનો ઢગલો જોઈને પૂછ્યું કે, આ શું ? ત્યારે આશ્રમવાસીઓએ જણાવ્યું કે, આ છે ઋષિઓનાં હાડકાં; રાક્ષસો આવીને અમને ઉપાડી જાય છે અને પછી હાડકાં અહીં નાખી જાય છે. આથી ક્રોધ અને આવેશમાં આવીને રામચંદ્રજી કહે : ''આશ્રમવાસીઓ, તમે જાઓ; નિરાંતે જપ-તપ-ધ્યાન કરો; આવા રાક્ષસોને હું હણીશ.'' અને સીતાજીને કહ્યું, ''લાવો મારાં ધનુષ્યબાણ !'' સીતાજીએ ધનુષ્યબાણ આપ્યાં ને હળવેકથી કહ્યું : ''તમે તો સાધુની જેમ હથિયાર હાથમાં ન લેવાનું વ્રત લીધું છે ને ?''

રામચંદ્રજી આવેશથી બોલ્યા : ''હું તને તજી શકું, લક્ષ્મણને તજી શકું, પણ આ આર્તત્રાણને બચાવવાનો મારો ક્ષત્રિયનો ધર્મ કદી ન તજી શકું.''

**મનુભાઈ પંચોળી**

(મહેન્દ્ર મેઘાણી સંપાદિત 'અરધી સદીની વાચનયાત્રા-૧'માંથી સાભાર)

# ગ્રંથસૌરભ

**એક અષાઢે અમદાવાદ** / ડૉ. મયંક પટેલ, ગૂર્જર સાહિત્ય પ્રકાશન, ૨૦૧૪, પૃષ્ઠ : ૧૦૪, કિં. રૂ. ૧૦૦.




ડૉ. મયંક પટેલ અત્યંત ઋજુ હૃદયના સંવેદનશીલ કવિ છે. એમ.ડી. (રેડિયોલોજી), ડી.એમ. આર.ઈ.ની ડિગ્રી પ્રાપ્ત કર્યા પછી તેમણે અમદાવાદની બી. જે. મૅડિકલ કૉલેજમાં પ્રાધ્યાપક તરીકે સેવા આપી ને હવે સ્વતંત્રપણે પ્રેક્ટિસ કરી રહ્યા છે. શ્રી મોહનલાલ પટેલ જેવા સુખ્યાત સાહિત્યકાર અને લઘુકથા જેવા સંકુલ સાહિત્ય સ્વરૂપના આદ્યસર્જક-પ્રવર્તક પાસેથી તેમને સાહિત્યસંસ્કાર તેમ જ રસરુચિને પૈતૃકવારસો સાંપડ્યો. પિતા સર્વ વિદ્યાલય, કડીના વિદ્યાર્થીપ્રિય આચાર્ય પણ ખરા એટલે વિશાળ શિક્ષણસંકુલ અને આસપાસના નૈસર્ગિક વાતાવરણમાં કવિનું શૈશવ, બાળપણ વીત્યું. કિશોરાવસ્થામાં કુદરતી સંપદાને મનભરીને માણી ને પછી જ્યારે અમદાવાદમાં સ્થાયી થવાનું થયું, ત્યારે પણ સત્યાગ્રહ છાવણી જેવો અત્યંત રમણીય વિસ્તાર પરિવેશ મળ્યો. કુદરતનું સહજ સાન્નિધ્ય અને સાહિત્યવાચનમાં રહેલાં રસ-રુચિએ એક તબીબની મનોભૂમિમાં કાવ્યાંકુર ફૂટવાની પશ્ચાદ્‌ભૂ પૂરી પાડી હોય તેમ જણાય છે.

કવિ મયંક એક અચ્છા ચિત્રકાર પણ છે. તેમણે 'હમ્બો ! હમ્બો !' (૨૦૦૧) અને 'ઓઈયાં ! ઓઈયાં !' (૨૦૦૮) જેવા બાળપ્રિય, વિદ્વદ્‌પ્રિય બાળકાવ્યસંગ્રહો આપ્યા છે. આ સંગ્રહોમાં કવિએ પોતે બાળકોને ગમે તેવાં, મનમાં વસી જાય તેવાં સુંદર ચિત્રાંકનો પણ કર્યાં છે. 'એક અષાઢે' એમનો પ્રથમ કાવ્યસંગ્રહ છે. આ રૂપકડા પુસ્તકનું મુખપૃષ્ઠ પણ કવિની પીંછીએ કંડારાયું છે. તે આ કવિની કલા પ્રત્યેની ઊંડી હૃદયપ્રીતિનું દ્યોતક છે.

આ સંગ્રહમાં સવિશેષ અછાંદસ રચનાઓ છે. ઉપરાંત હાઈકુ અને ગીતો પણ છે. ગ્રામજીવન સાથે સંકળાયેલ વિષયવૈવિધ્ય અને પ્રકૃતિને લગતાં મનોરમ ચિત્રાંકનો, ગ્રામ્ય જીવન સાથેનો વિચ્છેદ, એનો ઘેરો વિષાદ અને નગરજીવનની યાંત્રિકતા, દોડતા-ભાગતા ટોળાનો એક હિસ્સો બની જવાની વિડંબનાનું માર્મિક આલેખન કરતી કેટલીક રચનાઓમાં કવિએ કલ્પનો, ભાવ-પ્રતીકોનો વિનિયોગ કર્યો છે. સંગ્રહના મૃત્યુવિષયક કાવ્યગુચ્છમાંની કેટલીક રચનાઓ તો ભાવકની સંવેદનાને ઝંકૃત કરી જતી સ-બળ સ્પર્શક્ષમ રચનાઓ બની છે. 'મરણ પથારીએ' - આ રચનામાં ઓવારા 'મૂકીને ચાલ્યાં દીપ', તેમ જ 'ખૂલી ન શકેલી છીપ'- જેવાં કલ્પનો દ્વારા કાવ્યનાયકની સંવેદનાને તીવ્ર બનાવાઈ છે. તબીબ-કવિ મયંકે કાવ્યનાયકના જીવનની અંતિમ ક્ષણોનું ચિત્રાંકન ભાવકચિત્તને ઝકઝોરી નાખે તેવી વેધકશૈલીમાં કર્યું છે. બાટલામાંથી ટપકતી અને પ્લાસ્ટિકની ટ્યૂબમાં થઈને કાળી નસોના શૂન્યાવકાશમાં ફંગોળાતી જિંદગી, ઓક્સિજન-સિલિન્ડર પાસેથી ઉછીના લીધેલા શ્વાસ અને અંતમાંની વેધકતા જુઓ -

**મારી આંખોનાં ઝળઝળિયાં સુકાય**
**પછી મને ઉપાડજો !**

'મૃત્યુને' - આ રચના પણ સરળ અને હૃદયસ્પર્શી બની છે, સંવેદનની તીવ્રતાને કારણે કાવ્યનાયક પોતાને તેડવા આવેલા બારણાની આડશે ઊભેલા મૃત્યુ-સખાને સંબોધન કરતાં કહે છે :

**કોઈ નથી આસપાસ**
**આવ તું,**
**આવી જા !**
**મને ય તે મન ક્યારનું**
**ચાલી નીકળવા તારી સાથે.**
**ઘેર્યો હતો પણ મને ટોળાએ**
**હવે**
**આવ તું**
**આવી જા, જલદી,**
**બહાર બીડી પીવા ગયા છે સૌ !**

જિજીવિષાની એક ક્ષણ પણ જેનામાં રહી નથી તેવો ભગ્નહૃદયી કાવ્યનાયક ખોખલા સંબંધોની જાળમાંથી મુક્ત થઈને મૃત્યુને ભેટવાની તીવ્ર-આતુરતા પ્રગટ કરે છે. અહીં જીવનની નિસ્સારતા, નિરુત્સાહીપણાનું અને મૃત્યુના અંતિમ સત્યનું માર્મિક આલેખન કરાયું છે. 'ક્ષયના દર્દીનું ગીત' – આ પણ કવિશ્રી રાવજી પટેલની 'મારી આંખે કંકુના સૂરજ'-જેવી અવિસ્મરણીય રચનાની સાથે ઊભું રહી શકે તેવું, દર્દનાક સંવેદનાને પ્રગટ કરતું સ-રસ કાવ્ય છે. 'પક્ષાઘાતે'/'વોર્ડમાં', ૬-૮-૧૯૪૫-જેવી, પીંછીના એકાદ લસરકાથી પ્રગટેલી કલાકૃતિ જેવી લઘુરચનાઓ માણવા જેવાં કાવ્યો છે.

ડૉ. મયંકની પ્રકૃતિપ્રીતિ-'મારગે જતાં', 'વૃક્ષે', 'ટોળું અને હું' અને 'હિલસ્ટેશને' જેવાં કાવ્યોમાં જોવા મળે છે. અહીં કવિ-ચિત્રકારનાં કલમ-પીંછી, ભાવ અને ભાષાના સમન્વયથી સુપેરે ખીલી ઊઠીને સુભગ પરિણામ નીપજાવી શક્યાં છે.

'ટોળું અને હું' – લીલાછમ મેદાનમાંથી પસાર થતા ટોળામાંનો કવિ પોતાની નિસર્ગના સૌંદર્યને પામવાની આગવી દૃષ્ટિથી કેવો અલગ-નોખો તરી આવે છે ! એની અનોખી કલાદૃષ્ટિ એને પ્રકૃતિમય બનાવી દે છે. ને બીજી બાજુ રઘવાયું ટોળું કવિની રાહ જોતું ઊભું રહે છે ! જુઓ :

**મેદાને અધવચ્ચે જ**
**જતો વેરાઈ હું**
**થઈને ઘાસ**
**ઊગી નીકળતો, / ફરફરતો !**

રોજબરોજનું યાંત્રિકઢબે જિવાતું જીવન, દૃષ્ટિવિહોણા માણસનું દોડતું-ભાગતું ટોળું, ટોળાની ગાડરવૃત્તિ એની સામે સૌંદર્યલોભી કવિ - આ બંનેની સહોપસ્થિતિ કાવ્યને નવું જ પરિમાણ બક્ષે છે.

'સ્વજન' - માંના કવિએ પહાડપૂંઠે સૂરજ ડૂબે ને હૃદય સુધી અંધાર પહોંચે ત્યાં લગી વૃક્ષ નીચે બેસીને વાયોલિન વગાડ્યું ને પ્રત્યેક વેળાએ વૃક્ષડાળે

**નીચે સુધી ઊતરી આવીને**
**મારે ખભે સ્પર્શતી**
**એની ડાળને**
**હાથમાં લેતાં**
**મારી આંખોમાં**
**આવ્યાં છે**
**ઝળઝળિયાં !**

કવિની એકાકીપણાની ક્ષણોમાં, ભારઝલ્લી ક્ષણોમાં એના સાચા સહૃદયી સાથી બનનાર વૃક્ષનો નિર્વ્યાજ પ્રેમ, સ્વ-જનથીય અધિક હૂંફાળો સ્પર્શ, આ બધું લીલયા આલેખાયેલું છે. 'ના, નહીં પાડું !' - કવિ અહીં પોતાની શરતોએ સ્વૈચ્છિક મૃત્યુ હરખભેર સ્વીકારવા તૈયાર છે. એ કહે છે :

**ના નહીં પાડું મરવાની હું**
**પણ,**
**ખાટલો મારો**
**હોવો જોઈશે ટેકરીઓના ઢાળ ઉપર.**
**ને પછી ? માથે વૃક્ષ/મંદ વાયુ/ખરતાં પર્ણો/**
**ખુલ્લું ભીનું ઊઘડેલું આકાશ.**
**બસ, આટલું હોય તો બસ.**
**મેઘધનુષ્યના દરવાજામાં થઈને પછી**
**ચાલ્યો જઈશ હું !**

કાવ્યમાં પ્રકૃતિ વચ્ચે, પ્રકૃતિ સૌંદર્યનું આકંઠ પાન કરતાં કરતાં, ખરતાં પર્ણની સહજતાથી નિઃશબ્દપણે, પ્રેમભીના ઊઘડેલા આકાશે - મેઘધનુષ્યના દરવાજામાં પ્રવેશી, અદૃશ્ય થઈ જવાનું પ્રકૃતિઘેલા કવિની અંતિમ ઇચ્છાનું નિરૂપણ સરસ થયું છે. 'હિલસ્ટેશને' - હૉટેલની બારીમાંથી દેખાતો રમ્ય લેન્ડસ્કેપ કવિ-ચિત્રકારની આંખોમાં રમી રહ્યો છે. ટેકરી, વૃક્ષ, વાદળ, પંખી મનને

રસતરબોળ બનાવી રહ્યાં છે, ને ત્યાં અચાનક આ મનોહર - મનોરમ ચિત્રપટ પર ફરી વળતો ફેક્ટરીના ભૂંગળાનો ધૂમ્રગોટ !

**- ચીતરેલા કૅનવાસ ઉપર ઢોળાઈને**
**પ્રસરી જતા**
**કાળા રંગની જેમ !**

કુદરતીરૂપે કલાકારે ચીતરેલા નિઃસર્ગના અદ્ભુત ચિત્રને, પર્યાવરણને કલુષિત કરતી કારખાનાંની ધુમાડિયા ભીંસ - એનો ઘેરો વિષાદ પ્રસરી વળે છે, કવિ ચિત્ત પર, સંવેદનશીલ ભાવકના કોમળ હૃદય પર ! ચિત્રાત્મકતા ને ભાવલયને કારણે આ ઘૂંટાયેલી કલાત્મક રચના બની છે. 'મારગે જતાં'માં કવિએ આમ્રવૃક્ષ, વક્ષ, ફળદ્વય, વયવસંત વગેરે સંકેતો દ્વારા રસિકવલ્લભની મનઃસ્થિતિનું, એની સૌંદર્યઘેલી, રસિક પણ તટસ્થતા સભર નજરનું અહીં અસરકારક ઢબે નિરૂપણ થયું છે.

ડૉ. મયંકનાં પ્રકૃતિ પ્રેમનાં કાવ્યોની સાથે કૃષિજીવનના ભાતીગળરૂપ-સંવેદન વિશેનાં આલેખનો પણ એમનો સર્જક-વિશેષ રહ્યાં છે એમ કહેવામાં જરાય અતિશયોક્તિ જણાતી નથી. 'ના રહ્યું', 'પહેલી ખેડે', 'પાણત પત્યે', 'અડધી રાતે', 'મને ગમે છે', 'વૃક્ષે', 'વાસો', 'ઢળતી બપોરે', 'લલાટે મારે', 'ખઈનઅ પસૂઅ' અને 'રાતમાં પૂનમની' - આ બધી રચનાઓમાં વ્યક્ત થયેલી ગ્રામજીવનના તળપદની વૈવિધ્યસભરતા દાદપાત્ર છે. સંગ્રહના પ્રથમ કાવ્ય 'ના રહ્યું !'-માં બળદ, ઘૂઘરાના ઘમકાર, હળોતરા, ચાસ, બાજરી પેરવી, છોડ ઉછેર, પાણત, ખળું, કણસલાં, ઉપણવું, ગાડું - આ સર્વેથી થયેલો વિચ્છેદ કવિના મનમાં 'ના રહ્યું !'નો ઘેરો વિષાદ જન્માવે છે. જુઓ :

**થયું નગર મહીં જાતને રોપવાનું,**
**ઠાલા ઉદરને જળ સીંચવાનું !**

'મને ગમે છે !'માં કવિએ ખેતર-ઑફિસ, ઝાંપો-ઑફિસ-ડૉરક્લોઝર, ગ્રામ્ય અને ખેતજીવન-નગરજીવનમાં દંભી ગુડ મોર્નિંગ અને બારણાના કિચડ કિચૂડના ઘોંઘાટને પાસપાસે મૂકીને કશા જ દંભના ભારબોજથી મુક્ત એવું ગ્રામજીવન તેમને ગમે છે તેવો નિર્દેશ કવિએ સરસ રીતે નિરૂપ્યો છે. કૃષિવિષયક કાવ્યોમાં પ્રયોજાયેલા તળપદા શબ્દો-પાણત, ચોપણી, થળું, કોસ, કલ્લો, કુરી, ધોરી, થાકોડો, ગોફણ, માંચડો, નેળિયું વગેરેનો વિનિયોગ ગ્રામજીવનનું ભાતીગળ નિરૂપણ કરે છે. સાંપ્રત નગરસંસ્કૃતિ વિશાળ અજગરની જેમ મોં ફાડતી ગ્રામજીવનની અસલિયતને ગ્રસવા આગળને આગળ ધપી રહી છે ત્યારે 'લલાટે મારે' કાવ્યમાંનો ચિત્કાર ભાવકચિત્ત પર વિષાદની ઘેરી અસર નીપજાવવા સક્ષમ બને છે. કાવ્યનાયક નેળિયે આવ-જા કરતા શેળા, સસલાનો સ્પર્શ, મોરના ટહુકાને માણતો હતો, ને હવે ?

**રહ્યું ના દશ્યમાં નેળિયું હવે,**
**ફળફળતા ડામર તળે**
**ગઈ ભૂંજાઈ ગાડાવાટ્ય**
**ગયાં ચાલી કશે સંગી રોજનાં**
**લખાયું પણ લલાટે તો મારે,**
**ચાલવાનું કાળી આ સડક પરે રોજ !**

કવિશ્રી રઘુવીર ચૌધરીના 'ચીલો'નું સ્મરણ કરાવતા આ કાવ્યમાં એક તબીબ કવિનો, ચિત્રકારનો પોતીકો રણકો સંભળાય છે, તેની નોંધ લેવી ઘટે.

કાવ્યસંચયનું નામાભિધાન જે રચના પરથી થયું છે તે 'એક અષાઢે' કાવ્યના પ્રારંભનો વિરોધાભાસ જુઓ :

**ધખે**
**એક અષાઢે ખેતર.**

અને કાવ્યનો અંત :

**થાય મૂર્છિત**
**એક અષાઢે ખેતર.**

અહીં કાવ્યમાંનું ખેતર પ્રતીક બન્યું છે - અભાવગ્રસ્ત, અતૃપ્ત મનઃસ્થિતિ ધરાવતી વ્યક્તિની ઘેરી વ્યથાનું. અનરાધાર વરસાદની અપેક્ષા હોય ને વરસે દુર્વાસાના શાપ શો તાપ ! બળબળે કોરોધાકોર પાટ, મૂર્છિત ખેતર આવાં બધાં ઇંગિતો દ્વારા 'એક અષાઢે'માં વ્યક્ત થયેલી વ્યથાનું નાજુક સંવેદન તાદશ્ય થયેલું અનુભવાય છે.

ડૉ. મયંક કાવ્યોની જેમ કલાત્મક ને ધારદાર લઘુકથાઓનું પણ સર્જન કરે છે. એમની બળકટ

લઘુકથાઓની ચોટ લઘુકાવ્યોમાં સહજ વર્તાય છે. અહીં 'પીંછું'/'ચોપણી'/'ટૌકા'/'ફરી ?'/'ટપાલી'/'જેટલું'/'વાસો' અને 'દોહન' જેવાં પાણીદાર લઘુકાવ્યો તો સુંદર માર્મિક અભિવ્યક્તિ પામ્યાં છે. 'દોહન' કવિનાં શ્રેષ્ઠ લઘુકાવ્યોમાંનું એક છે. આ રચનામાં કાવ્યનાયિકાના વૈધવ્ય અને અતૃપ્ત માતૃવાત્સલ્યનું ઇંગિત કલાકીય ઢબે કરવામાં આવ્યું છે. મુઠ્ઠીમાંના આંચળ/દૂધની વછૂટતી સેર/બોઘરણાનો રણકાર/કાન હલાવતી, પાડું ચાટતી ભેંશ/અડવા હાથ અને

**ઊભરાઈનો બોઘરણેથી**
**જતું રેલાઈ દૂધ !**

'અડવા હાથ', 'પાડું ચાટતી ભેંશ' - જેવી શબ્દાવલિઓ દ્વારા સૂચનાત્મક ઢબ કવિની કાવ્યકલાની દ્યોતક જણાય છે. ડૉ. મયંકને લઘુકાવ્ય ઉપરાંત હાઈકુ જેવા લઘુ કાવ્યપ્રકારના ખેડાણમાં પણ સારી એવી સફળતા પ્રાપ્ત થઈ છે. સંગ્રહમાં હાઈકુઓનું પણ ઠીક ઠીક પ્રમાણમાં ચિત્રાંકન થયું છે. વ્યંજના દ્વારા સ્ફુરતી-પુષ્પની આહ્‌લાદક સુવાસની તાજગી - આવાં કાવ્યોમાં અનુભવાય છે. જુઓ એના બે નમૂના :

**રોડની ધારે**
**પુષ્પિત વૃક્ષ : ભીખે**
**એક દૃષ્ટિને.**

કુદરતને માણવાની સૌંદર્યદૃષ્ટિ સદંતર ગુમાવી બેઠેલા નગરવાસીઓ પરનો કઠોર વ્યંગ અહીં ધ્યાનાર્હ બની રહ્યો છે.


**ઉગામ્યો ભાલો**
**કથાનાયકે, પાનું**
**પછીનું ગુમ !**

ભાલો ઉગામ્યો કથાનાયકે, પણ પછી ? પછી શું થયું ? વિસ્મય, કુતૂહલના તંતુઓ દ્વારા પ્રગટાવાયેલી રહસ્યગર્ભ પરિસ્થિતિનું અદ્‌ભુત ચિત્રાંકન કરતી નાજુક નમણી રચના ભાવકને સંતર્પે તેવી કલાકૃતિ છે. ડૉ. મયંકને અછાંદસ કાવ્યો, લઘુકાવ્યો અને હાઈકુના કલાત્મક સર્જનમાં જેવી ફાવટ પ્રાપ્ત થઈ છે તેવી ગીતરચનાઓમાં કદાચ નથી મળી. અલબત્ત, આવાં કાવ્યોમાં પણ જ્યાં ભાવ-ભાષાની સંપૃક્તિ, લય-પ્રાસ જળવાયાં છે ત્યાં સુભગ પરિણામ જોવા મળે છે.

'હેંડ, ચણ નોંખ !'-ગીતમાં કવિએ તળપદી બોલીનો વિનિયોગ કરી, બાળગીતની શૈલીમાં માણસની હિંસક-બુભુક્ષા અને ચકલાની ત્યાગ પરાયણતાનું વિરોધાભાસી વલણનું નિરૂપણ કર્યું છે. અલબત્ત, 'ઊંઝી જાય', 'ઊડી જાય'-જેવી પ્રાસરચના થોડી ખટકે છે જરૂર ! ડૉ. મયંક પટેલનો આ પ્રથમ કાવ્યસંગ્રહ હોવા છતાં અહીં પ્રગટ થયેલાં - 'સ્વજન'/'મરણ પથારીએ'/'ના નહીં પાડું'/'મારગે જતાં...'/'એક વાર જો !'/'વૃક્ષે'/'હિલસ્ટેશને' અને 'દોહન' – જેવાં કાવ્ય-મૌક્તિકોનો ઝળહળાટ કવિચિત્રકારની ઘણી મોટી ઉપલબ્ધિ ગણાય. અહીં વહેતું કલકલતું નાનકડું નિર્ઝર ભાવકચિત્તને ભીંજવીને અનેરી તાજગી બક્ષે છે. કવિનું ભાવવિશ્વ અકૃત્રિમ, સૌંદર્ય મઢ્યું ને સરળ છે. તેમાં પ્રવેશ કરનારને સહજપણે ફુલ્લદલ કાવ્યપુષ્પની સુવાસની અનુભૂતિ અવશ્ય થશે, કોઈનોય ઉધાર-ઉછીનો નહીં પણ કવિનો પોતીકો રણકો કાવ્યસંચયના પૃષ્ઠે પૃષ્ઠે માણી શકાય છે. તેમણે હજુ પણ વધારે ને વધારે આવાં કાવ્યો સર્જવાં જોઈએ તેવી આશા-અપેક્ષા જન્માવનારા આ સંગ્રહને અંતરના ઉમળકાથી વધાવવો રહ્યો !

**– રમેશ ત્રિવેદી**
૩૩, રોયલવ્યૂ, કડી-કરણનગર રોડ, કડી (ઉ.ગુ.)

**ધ્રુવતારક : શ્રી માણેકલાલ પટેલની જીવનકથા /** મોહનલાલ પટેલ, કડી : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ૨૦૧૩, પૃ. ૨૧૬, કિં. રૂ. ૧૫૦.




કર્મચૂડામણિ માણેકલાલ એમ. પટેલ (૧૯૨૯-૨૦૧૨) 'સાહેબ' કડી નગર-પાલિકાના ચીફ ઑફિસર - સી.ઓ. અને નગરપતિ, ઉદ્યોગપતિ, શિક્ષણ-સંસ્થાઓના કેળવણી-વિદ્ સંચાલક અને એક વ્યક્તિ તરીકે

મહાજન પરંપરાના પોષક એવા ઉમદા માનવના જીવનનાં ચતુર્વિધ પાસાંઓને ઉજાગર કરતો પ્રસ્તુત સમીક્ષિત ગ્રંથ 'ધ્રુવતારક : શ્રી માણેકલાલ પટેલની જીવનકથા' ખરા અર્થમાં એક વ્યક્તિની માત્ર જીવનકથા ન બની રહેતાં તેમના લોહીનો લય બની ગયેલ કડી નગર, કડીના ઉદ્યોગો અને તેને ઉપકારક કડી નાગરિક સહકારી બેંક, કડી વિસ્તારના પ્રજાજનોના આરોગ્યની સુખાકારી માટે સ્થાપવામાં આવેલ ભાગ્યોદય હૉસ્પિટલ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર અને અન્ય આનુસંગિક બાબતોની વિકાસગાથા વર્ણવતો ચરિત્ર સાહિત્યની ઉમદા કૃતિની સાથે સાથે એક ઐતિહાસિક દસ્તાવેજની ગરજ સારીને મ્હોરી રહ્યો છે. આ ગ્રંથ એક સફળ સાહિત્યિક કૃતિ હોવા છતાં સ્વાતંત્ર્યોત્તર કડીના ઇતિહાસના અને સવિશેષતઃ કડીના આર્થિક, શૈક્ષણિક અને સામાજિક વિષયક્ષેત્રોના સંશોધકો અને જિજ્ઞાસુઓ માટે અપરિહાર્ય બની રહે તેટલો બળૂકો છે. અહીં સાહિત્ય અને ઇતિહાસના તાણાવાણાઓનું સમતોલ અને સુરેખ નિરૂપણ થવા પાછળ પ્રસ્તુત ગ્રંથના સર્જક સ્વયં એક સિદ્ધહસ્ત સાહિત્યકાર છે કે જેમણે ગુજરાતી લઘુકથા, ટૂંકી વાર્તા, નવલકથા, ચરિત્ર, નિબંધ, પ્રવાસ, વિવેચન વગેરે ક્ષેત્રે મહામૂલું પ્રદાન કરતા ૭૦થી અધિક ગ્રંથોનું સર્જન કર્યું છે. ચરિત્રગ્રંથો પૈકી 'પ્રજ્ઞાદીપ છગનભા' (૧૯૮૯), બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ (૧૯૯૧), બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ (૧૯૯૫) અને આત્મકથા 'ટાઇમ કેપ્સ્યૂલ' (૨૦૧૩) જેવી પ્રાણવાન કૃતિઓના સર્જક તરીકે ખ્યાતિપ્રાપ્ત છે. વધુમાં ઇતિહાસ અને સવિશેષતઃ પાટણના ઇતિહાસના પ્રખર અભ્યાસુ રહ્યા છે. અને આ ઉપરાંત આ સંબંધી સૌથી મોટી નોંધપાત્ર વિશેષતા એ કે લેખક ચરિત્રનાયકની સાથે તેમના જીવનના છેલ્લા પાંચ દાયકાથી અધિક સમયગાળાથી ઘનિષ્ઠ રીતે સંકળાયેલા રહ્યા છે. અર્થાત્ સર્જક મોહનલાલ પટેલે સર્વ વિદ્યાલયના એક શિક્ષક અને આચાર્ય (૧૯૫૦-૧૯૮૪), સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મંત્રી અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના પ્રમુખ તરીકે માણેકલાલ પટેલને કડી નગરપાલિકાના ચીફ ઑફિસર અને તેના પ્રમુખ, ઉદ્યોગપતિ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મંત્રી અને ત્યારબાદ ચેરમેન, કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના ચેરમેન, કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ તરીકે અને મૂઠી ઊંચેરા વ્યક્તિ તરીકે ખૂબ જ નજીકથી પિછાણ્યા છે - અનુભવ્યા છે. વળી, આ સમયગાળા દરમિયાન ઉભય પક્ષે ભારે ઉષ્મા અને સૌહાર્દપૂર્ણ સંબંધો જળવાયા હોવા છતાં પ્રશસ્તિગાનથી દૂર રહીને ઇતિહાસકારની તટસ્થતા સાથે નિરપેક્ષ ભાવે ચરિત્રનાયકની વિશેષતાઓ અને મર્યાદાઓ તથા તત્કાલીન પરિસ્થિતિનું યથાતથ સમરસતાપૂર્ણ આલેખન કર્યું છે. વર્ણ્યવિષયની દૃષ્ટિએ જોઈએ તો આ ગ્રંથનાં પ્રથમ પાંચ પ્રકરણો અને પ્રકરણ-૧૨ : મેજર ઓપરેશન અર્થાત્ ફક્ત ૪૫ પૃષ્ઠો સંબંધી ચરિત્રનાયકનાં વતન, શિક્ષણ વગેરે વ્યક્તિગત વિગતો માટે ફાળવાયાં છે. બાકીનાં ૨૭ પ્રકરણો અર્થાત્ અંતિમ પ્રકરણ-૩૩ : માન, અકરામ અને અંજલિમાં માણેકલાલ સાહેબ એક વ્યક્તિ મટી સમષ્ટિ-કવિ ઉમાશંકર જોશીના શબ્દોને સાર્થક કરતાં "વ્યક્તિ મટી બનું હું વિશ્વમાનવી, માથે ધરું ધૂળ વસુંધરાની"-માં કઈ રીતે પરિવર્તિત થઈ ગયા તેની કથા લેખકે ભારે કુશળતા અને રસપૂર્વક રજૂ કરી છે. અર્થાત્ કડી નગરપાલિકાના ચીફ ઑફિસર તરીકેની પ્રારંભિક કામગીરીથી શરૂ કરીને તેઓ જે જે સંસ્થાઓ અને પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા રહ્યા તેનો કેટલો ભવ્ય વિકાસ થયો અને તેમાં રહેલી માણેકલાલ સાહેબની ભૂમિકા માટે ફાળવવામાં આવ્યાં છે.

ગ્રંથના પ્રારંભપૂર્વે 'પ્રાક્કથન'માં લેખકે 'આ પુસ્તક કેમ લખ્યું ? તે સંબંધી કેફિયતમાં કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, વિદ્યાર્થી આશ્રમ અને સર્વ વિદ્યાલયની સ્થાપનાના સ્વપ્નદ્રષ્ટા વીરમગામવાળા પુરુષોત્તમદાસ લલ્લુભાઈનું આકસ્મિક અવસાન થતાં નગીનભાઈએ એમના લક્ષ્યને જરાપણ શિથિલ થવા દીધા વિના એક વર્ષ સુધી કડી વિસ્તારમાં રઝળપાટ કરીને કેળવણીની સંસ્થા સ્થાપવા માટે લોકોમાં ઉત્સાહ પ્રેરતા રહ્યા અને આ કાર્યમાં સહાય થવા જ્ઞાતિના આગેવાનોને પત્રો લખતા રહ્યા અને આ પૈકી સરઢવના શ્રી છગનલાલ પટેલ (આપણા છગનભા)ને પત્ર લખ્યો તે પત્રનો સારભૂત અંશ, તા. ૮-૬-૧૯૧૯ના રોજ

સરઢવમાં જ્ઞાતિજનોની સભા મળવી અને તેમાં કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ અને વિદ્યાર્થી આશ્રમની કડીમાં સ્થાપવાનો ઠરાવ અને કાળક્રમે આ બધી સંસ્થાઓની સ્થાપના, સંસ્થાના બંધારણ સંબંધી આંધી ફૂંકાવી અને એકાએક તા. ૫-૮-૧૯૨૩ના રોજ નગીનભાઈનું રાજીનામું આપી છૂટા થવું, આ ઘટના સંદર્ભે છગનભાએ તેમના નિવેદનમાં ''આ કેળવણી મંડળની સ્થાપના ભાઈશ્રી નગીનભાઈના ખંતપૂર્ણ પ્રયત્નથી થઈ'' તેમ નોંધીને તેમના કાર્યની સરાહના કરવી વગેરે પ્રાયઃ અજ્ઞાત રહેલી વિગતોને પ્રકાશમાં આણીને ભગ્ન હૈયે છતાં વિનમ્રભાવે નોંધ્યું છે કે ''નગીનભાઈ વિસ્મૃતિના પડદા પાછળ ધકેલાઈ ગયા. એમનું કામ નાનુંસૂનું નહોતું, છતાં ભુલાઈ ગયા. નામશેષ પણ ન રહ્યા. માણેકલાલભાઈનું કામ ભગીરથને યાદ અપાવે એવું છે. ભગીરથે તો એક જ ગંગાનું અવતરણ કરાવ્યું હતું. માણેકલાલભાઈએ તો અનેક જ્ઞાનશાળાઓની ગંગાનું અવતરણ કરાવ્યાં છે. આમ હોવા છતાં એમના વિશે કશું ન લખાય તો લોકો કદાચ લાંબા સમય સુધી યાદ કરતા રહે એ ખરું પણ એ જે હતા, જેવા હતા એ વિશેનું જ્ઞાન ધીરે ધીરે ધૂંધળું થવા લાગે અને એમના મૂળ સત્ત્વ (essence)ને પરખનારા ભાગ્યે જ જડે. આવું ન બને એટલા માટે મેં આ પુસ્તકની રચના જરૂરી બલ્કે અનિવાર્ય ગણી છે એટલે એ તૈયાર કર્યું છે....ધ્રુવનો તારો માનવજાત માટે પથપ્રદર્શક બની રહ્યો છે...માણેકલાલભાઈ પણ વિકાસ અને પ્રગતિના માર્ગ પર ધ્રુવતારકની જેમ સૌના પથપ્રદર્શક, અડગ અને અચલ તેથી પ્રેરણાદાયી.''

પ્રથમ પ્રકરણ 'જન્મભૂમિ : વતન'માં સાહેબનું વતન કડીથી ડાંગરવા જતા રસ્તે ચારેક કિલોમીટરના અંતરે આવેલ ઊંટવા ગામ અને વીસમી સદીના પૂર્વાર્ધમાં આ ગામનો ગાડાવાટવાળો છતાં સ્વચ્છ અને પ્રાકૃતિક સંપદાથી હર્યોભર્યો રસ્તો અને ગામના પાદરનું વર્ણન આજનાં ગામડાં જોતાં કલ્પનાતીત લાગે તેવું દીસે છે. આ વર્ણન લેખકના જ શબ્દોમાં જોઈએ : 'આવળનાં ઝાડવાં, કેરડાનાં જાળાં, વિછુંડા, ગાડરી, દારૂડી, અંગાડી, સંગતરા વચ્ચે ક્યાંક ચણીબોરવાળી બોરડી....વગેરે જાણીતી કે અજાણી વનસ્પતિની અડાબીડ જટાજાળથી આ ગામ તરફનો રસ્તો ભરચક હતો. પ્રકૃતિનું એક સમ્યક દર્શન, કુદરતનું એક ઊર્મિકાવ્ય જ જાણે ! મોસમ પ્રમાણે સૌ ખીલે....આંખ ધરાય નહીં અને ચિત્ત આનંદમાં મગન થઈ જાય...ગામનું તળાવ...ઊંટવા ગામના કિશોરો માટે આ તળાવ એક ડિઝનીલેન્ડ. જાતજાતનાં સાહસો અને રાઈડો અહીં થાય. કિશોર માણેક એમાં કેમ બાકી હોય ?' આ વાસ્તવિક વર્ણન આજે કલ્પનાતીત એટલા માટે લાગે કે આજના ગામડાંનાં પાદર નથી વગડાઉ વનસ્પતિથી ખચિત કે નથી રહ્યાં આવળનાં ઝુંડ પીળા રંગથી લહેરાતાં કે નથી રહ્યાં પારિવારિક દિનચર્ચા પૂરી પાડતાં લહેરાતાં તળાવો. અહીં આ ગામનો મુખ્ય વ્યવસાય ખેતી, પશુપાલન અને કડીની છોટાલાલ મિલ્સમાં મજૂરી. ગામની વસતિ અને આર્થિક સ્થિતિની ઝલક દર્શાવીને વતનના ગામ પ્રત્યે ચરિત્રનાયકના લગાવને ટૉલ્સ્ટૉયના વતનપ્રેમ સાથે સરખાવીને લેખકે નોંધ્યું છે કે 'ઈ.સ. ૧૯૫૮થી નોકરી અને પછી ઉદ્યોગના કારણે, માણેકલાલ કડીમાં સ્થાયી થયા, પણ ઊંટવા એમને હૈયે વસેલું ગામ હતું. ગામના નાના-મોટા પ્રસંગે હાજરી આપવી અને બેસતા વર્ષના દિવસે વહેલી સવારે વતનમાં પહોંચી જઈ સૌને પ્રેમ અને આદરથી મળવું અને તેમના ખબરઅંતર પૂછવા તથા આર્થિક રીતે મદદરૂપ નીવડવું એ તેમનો નિત્યક્રમ રહ્યો હતો.' આ પર્વે જીવનનાં છેલ્લાં વર્ષોમાં પોતે વતન જઈ ન શકતા હોવાથી આ જવાબદારી પોતાના પુત્ર વલ્લભભાઈને સોંપી રાખી હતી. પરંતુ ગામલોકો કડીમાં પાયલાગણ માટે આવતા. આ પૈકી હરિજનભાઈઓ અને ઠાકોરભાઈઓને જોઈને તેઓ બહુ હરખાતા અને ખબરઅંતર પૂછતાં કહેતા કે : 'એ ખેતર તો સાચવી રાખ્યું છે ને ?' ઠાકોરભાઈ હસતાં હસતાં ખખડીને હકારમાં અને માણેકલાલના 'પ્રતાપ'ને જશ આપીને વિદાય થતો. અહીં લેખકે ચરિત્રનાયક માટે પ્રયોજેલ શબ્દ 'પ્રતાપ'ની વ્યંજનાના માધ્યમથી ચરિત્રનાયકના બહુઆયામી અને પરદુઃખભંજન વ્યક્તિત્વ વિશે સહેજ પણ મુખર થયા સિવાય ઘણું બધું કહી દીધું છે. આ ઊંટવા ગામમાં ઈ.સ. ૧૯૨૯ના ફેબ્રુઆરી માસની પહેલી તારીખે બાળ માણેકનો જન્મ થયો. અનુગામી ચાર પ્રકરણોમાં બાળ માણકને થયેલ ગૂમડાની વ્યાધિ અને

ગામડાંઓની ચિકિત્સાપદ્ધતિ અનુસાર અપાવેલ ડામ, માતાની વ્યથા, વડોદરા રાજ્યની શિક્ષણપ્રણાલી, સાતમા ધોરણના અભ્યાસ માટે કડીની સરકારી શાળામાં પ્રવેશ અને ફાઈનલની પરીક્ષામાં આખા રાજ્યમાં બીજા નંબરે ઉત્તિર્ણ થવું, માધ્યમિક શિક્ષણ માટે સર્વ વિદ્યાલય, કડીમાં પ્રવેશ મેળવવો અને આ દરમિયાન 'કોવિદ'ની પરીક્ષામાં કડી કેન્દ્રમાં દ્વિતીય નંબરે પાસ થઈ પોતાની તેજસ્વિતા સિદ્ધ કરવી, પ્રાથમિક શિક્ષક તરીકે તેજસ્વિતાની દષ્ટિએ સર્વ રીતે લાયક છતાં કૃશ શરીરના કારણે પસંદગી સમિતિ દ્વારા વંચિત રાખવા, એસ.એસ.સી.માં ઝળહળતી સફળતા મેળવ્યા બાદ ગુજરાત કૉલેજમાં પ્રવેશ મેળવી બી.એ.ની ડિગ્રી મેળવ્યા બાદ કોર્પોરેશનમાં નોકરીની સાથે એલએલ.બી. થઈને બાર કાઉન્સિલની પરીક્ષા પાસ કરીને વકીલાતની સનદ મેળવવા સુધીની ઘટનાઓ વર્ણવવામાં આવી છે. આ બધાં પ્રકરણોમાં આઝાદી પૂર્વેના પોતે અનુભવેલ ગ્રામસમાજના પર્યાવરણને વાચા આપવામાં લેખક મન મૂકીને વર્ષ્યા છે, જાણે કે ગ્રામપ્રદેશ સંબંધી વિષયવસ્તુના આધારે રચાયેલ નકલકથાનો ઉપાડ અને દ્રુત ગતિએ વહેતો તેનો કથાપ્રવાહ !

અનુગામી છથી દસ સુધીનાં પ્રકરણોમાં કડી નગરપાલિકાના ચીફ ઑફિસર અને પ્રમુખ, ભાગ્યોદય હૉસ્પિટલના સેટલર, ઉદ્યોગપતિ, કડી નાગરિક સહકારી બૅંકના સ્થાપક ચેરમેન વગેરે માટે ફાળવવામાં આવ્યાં છે. અહીં 'સાહેબ'ના હુલામણા નામથી ઓળખાતા એક શાર્દૂલ સમી ધાક જમાવનાર બાહોશ છતાં સદ્ભાવપૂર્ણ વ્યવહાર કરનાર સેવાપરાયણ અને કર્તવ્યનિષ્ઠ સી.ઓ. સાહેબ, ગાંધીજીના ટ્રસ્ટીશિપના આદર્શને આત્મસાત કરીને પોતાના કર્મચારીઓને પણ પાર્ટનર બનાવનાર આર્ષદ્રષ્ટા ઉદ્યોગપતિ અને અર્થકારણના તજજ્ઞ તથા દાનવીર તરીકેના ગુણોથી સંપન્ન દર્શાવવામાં આવ્યા છે. કડી નાગરિક સહકારી બૅંકની સ્થાપના પાછળનાં જવાબદાર પરિબળોની ચર્ચા કરતાં લેખકે કડીની છોટાલાલ સ્પિનિંગ એન્ડ વિવિંગ મિલ્સની સ્થાપનાનો ઇતિહાસ અને તેના બંધ પડવાથી કડી પ્રદેશની થયેલી બેહાલીનું અર્થશાસ્ત્રીય દષ્ટિએ કરેલું વિશ્લેષણ સુચિંતનીય છે. આવી દયનીય સ્થિતિમાં સમાજના હિતચિંતકો સર્વ શ્રી વનમાળીદાસ મગનલાલ, શ્રી રતિલાલ મગનલાલ, શ્રી નટવરલાલ મગનલાલ, શ્રી માણેકલાલ એમ. પટેલ, ડૉ. માણેકલાલ, ડૉ. મધુસૂદન શાહ, શ્રી બાબુભાઈ, શ્રી બળદેવભાઈ, શ્રી ડાહ્યાભાઈ વગેરેએ ભેગા મળી બૅંકની સ્થાપના કરવાનો નિર્ણય કર્યો, જેને સાકાર કરવા ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા કડીને પછાત વિસ્તાર તરીકે જાહેર કરાવવામાં અને રિફાઈન્ડ કર્યા પૂર્વેના કપાસિયા તેલને અખાદ્ય તેલ તરીકે ગણવા માટે કેન્દ્ર સરકાર સામે સુપ્રીમ કોર્ટ સુધી જઈને ધાર્યું કામ સંપન્ન કરીને કડીને ઉદ્યોગ નગરીમાં પરિવર્તિત કરવામાં અને તેના આર્થિક વિકાસમાં માણકેલાલ પટેલે નિભાવેલ અહમ્ ભૂમિકાની રસપ્રદ વિગતો શ્રી યશવંત કડીકરના લેખના આધારે અવતરણ રૂપે આપી છે, જે રોમહર્ષણ અનુભવ કરાવનાર છે.

પ્રકરણ ૧૨ને બાદ કરતાં ૧૧થી ૧૯ સુધીમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને ગાંધીનગરના વિકાસમાં પ્રારંભમાં એક મંત્રી અને ત્યાર બાદ તેના આર્ષદ્રષ્ટા ચેરમેન અને કેળવણીવિદ્ સંચાલક તરીકે કરેલાં ઉદાહરણસ્વરૂપ કાર્યો જેમકે સમયનાં વહેણો સાથે સ્વવિત્ત યોજનાના ધોરણે ઉચ્ચશિક્ષણની બહુવિદ્યાશાખાઓવાળી સંસ્થાઓની સ્થાપના કરવી જેમકે ફાર્મસી, મેનેજમેન્ટ, એન્જિનિયરિંગ, નર્સિંગ, કોમર્સ વગેરે, કન્યા કેળવણી માટે પર્યાપ્ત વ્યવસ્થા ઊભી કરવી, લલિતકલા કેન્દ્ર, આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટર અને મંડળના હરણફાળ વિકાસનું યશકલગી રૂપ કાર્ય તે ગાંધીનગરમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયની સ્થાપનાનું સ્વપ્ન સાકાર કરવું તથા તેની સાથે ભલભલા વ્યક્તિ અને મંડળોને લલચાવે તેવા મેનેજમેન્ટ ક્વોટાનો ત્યાગ કરવો અને વિદ્યાર્થી પ્રવેશ માટે માત્ર મેરિટનો આધાર અમલીકૃત કરવો, ફ્રીશિપ અને વિદ્યાર્થીઓને આર્થિક સહાય આપવી, ફી વિવર કમિટીની ભલામણનો અમલ, ગુણવત્તાના આધારે ભરતી અને કર્મચારીઓ કે વાલીઓ પાસેથી કોઈ પણ પ્રકારનું ડોનેશન નહીં લેવાનો અમલ વગેરેના પરિણામે મંડળે સમગ્ર ગુજરાતનાં કેળવણી મંડળોમાં પ્રાપ્ત કરેલ મોખરાનું સ્થાન – મંડળની ઉપલબ્ધિઓ સંબંધી છે. અહીં સાહેબનાં દષ્ટિસંપન્ન કાર્યોનો ચરમોત્કર્ષ જોવા મળે છે. આ બધી વિવિધ

જ્ઞાનશાખાવાળી સંસ્થાઓની સ્થાપના પૂર્વે તેની જરૂરિયાતોનો અભ્યાસ કરવો, જમીન સંપાદન, અગોતરાં દાન મેળવી તેની આર્થિક વ્યવસ્થા કરવાની સાથે જે તે કાઉન્સિલના નિયમાનુસાર પર્યાપ્ત માળખાગત સુવિધાઓ ઊભી કરીને માન્યતા મેળવવી વગેરે બાબતો તેમની અંગત નિસબત બની ગઈ હતી. આ સંબંધી કેટલીક વિગતો વિશ્વવિદ્યાલયના પ્રવર્તમાનકાલીન ડાયરેક્ટર શ્રી ડી. ટી. કાપડિયાનો હવાલો ટાંકીને સ્પષ્ટ કરવામાં આવી છે. અરે ! નર્સિંગ કૉલેજના ઉદ્‌ઘાટન ટાણે રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ માણેકલાલની ભાવના અને કાર્ય રીતિનીતિ સંદર્ભે વ્યક્ત કરેલા શબ્દો : 'સામાન્ય રીતે સંસ્થાઓ ચલાવનારા લોકો મુખ્યમંત્રી પાસે રોદણાં રડતા આવતા હોય...પરંતુ એક જ અપવાદ જોઈએ તો શ્રી માણેકભાઈ સતત નવાં આયોજનો લઈને આવે છે. માણેકભાઈ સમય માગે ત્યારે સમજી લેવાનું કે બે પાંચ એકર જમીન આપવાની આવી. એ એક માત્ર એવી સંસ્થા છે જે નવા વિચારો અને આયોજનો સાથે આવે છે' – તેમના વ્યક્તિત્વને ઉજાગર કરવા પર્યાપ્ત થઈ પડે છે. આ ભાવના અને કાર્યશૈલીને પણ ન આંબી શકે તેવી આ મંડળ પ્રત્યેની તેમની સંપૂર્ણ સમર્પિત વ્યક્તિત્વની છબિનું ઉદાહરણ સર્વ વિદ્યાલય કેળવણી મંડળની ગાંધીનગર શાખાના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલે સાહેબના ખિસ્સામાં રાખવામાં આવતી અનેક પ્રકારની ચિઠ્ઠીઓ પૈકી એક ચિઠ્ઠી વાંચેલ જેમાં લખાણ હતું 'મારી હયાતી ન હોય અને સંસ્થાનું કોઈ દેવું બાકી રહેતું હોય તો તે મારી અંગત મિલકતમાંથી ભરપાઈ કરવું.' ના દ્વારા સ્પષ્ટ ઊપસી આવે છે. આજે Rarest Rare ગણાય તેવું આ અદ્‌ભુત – વિરલ વ્યક્તિત્વ ! આમ, અહીં સાહેબના માધ્યમથી મંડળની વિકાસગાથા અને તેની આગવી ઓળખ ઊભી કરવામાં સાહેબના પ્રદાનની સુપેરે ઝાંખી કરાવવામાં આવી છે.

માણેકલાલ સાહેબનું એક કેળવણીવિદ્‌ સંચાલક તરીકે કેળવણીવિદ્‌ લેખકે કરેલું અવલોકનઃ ''આદર્શ સંચાલકની વ્યાખ્યા બાંધવી હોય તો ભ્રષ્ટાચારથી ખદબદતા આ ક્ષેત્રમાં પણ....ખારા પાટમાં વીરડી શોધવા નીકળીએ કે ધગધગતા રણમાં રણદ્વીપની ખોજ આદરીએ તો જરૂર એક વ્યક્તિ મળી રહે. એનું નામ છે માણેકલાલ માધવલાલ પટેલ....માણેકલાલ માટે શિક્ષણનું જે ક્ષેત્ર નિર્માયું હતું એમાં એમની ચર્યા અને આચાર જોતા રહો તો એક પછી એક ઉત્તમ સંચાલકનાં લક્ષણો લાધતાં રહેશે. આજે માણેકલાલભાઈ આપણી વચ્ચે નથી પણ કેળવણીના એમના ક્ષેત્રમાં એમણે જે કંઈ કર્યું છે જે ઉસુલો સ્થાપ્યા છે અને જે આગ્રહો રાખ્યા છે એ બધા એટલા બધા મુખરિત છે કે એમની ઉપસ્થિતિ સિવાય આપણી સમક્ષ કોઈ દળદાર વહીનાં પાનાં ઊઘડતાં રહે છે. કડી પરિસરમાં કે ગાંધીનગર પરિસરમાં ૧૯૮૪ પછી કોઈ પણ અભ્યાસક્રમની સ્થપાયેલી શિક્ષણસંસ્થા આગળ જઈને ઊભા રહો – ત્યાં સાંભળવા મળશે, માણેકલાલભાઈએ આ વર્ષમાં, આ સંજોગોમાં આ સરકારી તંત્રના રેઢિયાળ તંત્રને ચાનક આપીને બરાબર ઢંઢોળ્યા પછી આ એકમ સ્થાપ્યું....સંપૂર્ણ પૂર્વ તૈયારી સિવાય માણેકલાલ કોઈ નવી સંસ્થાને આંધળિયાં કરીને શરૂ ન કરી દે. સંસ્થાની મંજૂરીની પૂર્વભૂમિકામાં જે કંઈ કાર્યવાહી કરવાની જરૂર હોય તે કરે, કડી-ગાંધીનગરનું નિયમિતપણે આવન-જાવન... – આ બધું પોતાના ખર્ચથી માણેકલાલ કર્યા કરે. સમય, શ્રમ અને ખર્ચ બધું માણેકલાલનું પોતાનું !....શુદ્ધ અને પારદર્શી વહીવટ એ માણેકલાલનો પ્રથમ આદર્શ....એમનો શિક્ષણપ્રેમ એટલો વ્યાપક હતો કે બહારની જુદી જુદી સંસ્થાઓ તરફથી યોજાતા વર્કશોપ, સેમિનારો, ચર્ચાઓ, ગોષ્ઠીઓ જેવા અનેક પ્રકારના શૈક્ષણિક કાર્યક્રમો માટે બહારની સંસ્થાઓ તરફથી માગણી થતાં એ સંસ્થાઓને સર્વ વિદ્યાલયનું ઓડિટોરિયમ કે હૉલ કે મહેમાનગૃહનો કોન્ફરન્સ હૉલ પ્રેમથી વાપરવા આપે.... એમની સર્વ પ્રકારની સગવડ સાચવે અને ભોજનની વ્યવસ્થા પણ આપે અને અંતે જે તે સંસ્થાનો ગમે તેટલો આગ્રહ હોય તો પણ ખર્ચનો એક રૂપિયો પણ ન સ્વીકારે... સરવાળે માણેકલાલને કેળવણી મંડળના એક સંચાલક કહેવા કરતાં એક કેળવણીકાર તરીકે ઓળખવા વધારે ઉચિત ગણાય.'' – શિક્ષણની સંસ્થાઓના – સંચાલકો માટે પ્રેરણાદાયી બની રહે તેવાં તેમનાં કાર્યો અને ઉમદા પ્રણાલીઓ છે.

બાકીનાં પ્રકરણો મંડળના મોભી માણેકલાલ

પટેલના અંતરંગ વ્યક્તિત્વનાં પરિચાયક બની રહે છે. અહીં એક સાહિત્ય સંગી, કલાપ્રેમી, પ્રકૃતિપ્રેમી, બૃહદ પરિવારના સહૃદયી મોભી, સત્યના પુરષ્કર્તા વગેરે બાબતો તેમના જીવન-વ્યવહાર સાથે કેટલી અંતરંગ રીતે વણાઈ ગઈ હતી અને આ સંબંધી કઈ કઈ નોંધપાત્ર ઘટનાઓએ તેમના જીવનમાં આકાર લીધો તેની વિસ્તૃત જાણકારી લેખકે મંડળની શાળા-કૉલેજોમાં કાર્યરત કર્મચારીઓ, સ્નેહીજનો સાથી કાર્યકર્તાઓ, કેળવણીવિદો, ઉચ્ચ સનદી અધિકારીઓ, રાજકારણીઓ વગેરેએ સાહેબના અભિવાદન સમારોહ પ્રસંગે પ્રકાશિત કરેલ ગ્રંથ ‘કર્મચૂડામણિ માણેકલાલ’ અને ‘સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત’ના શ્રદ્ધાંજલિ અંકમાં લેખ સ્વરૂપે રજૂ કરેલાં સંસ્મરણોના આધારે લેખકે સાભાર નોંધી છે. પરિણામે મંડળ સંચાલિત શાળા-કૉલેજ ઉપરાંત બહારના જગતમાં – જનસમાજમાં તેમની કેવી પ્રતિભા અંકિત થઈ હતી તેનાથી ભલીભાંતિ અવગત થઈ શકાય છે. આમ, ચરિત્રકર્તાએ ચરિત્રનાયકના જીવનનાં બહુઆયામી પાસાંઓને તટસ્થતાપૂર્વક ઉજાગર કરવાના હેતુસર ઉપલબ્ધ આંતરિક અને બાહ્યસ્રોતોનો ભરપૂર ઉપયોગ કરીને પોતાની સર્વગ્રાહી દૃષ્ટિનાં દર્શન કરાવ્યાં છે. આ પૈકી જસ્ટિસ મહેતા, ડૉ. રામભાઈ પટેલ, ડૉ. મણિભાઈ પટેલ, શ્રી મનુભાઈ પટેલ, પદ્મશ્રી ભોળાભાઈ પટેલ, શ્રી રઘુવીર ચૌધરી, પદ્મશ્રી કુમારપાળ દેસાઈ, શ્રી રતિલાલ નાયક, શ્રી મનસુખ સલ્લા, શ્રી કુમુદચંદ્ર રાવલ, શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક, શ્રી પ્રવીણ લહેરી, શ્રી નરોત્તમભાઈ પટેલ, પ્રિ. સોમભાઈ પટેલ વગેરેનાં સાહેબ માટેનાં મંતવ્યો ધ્યાનાર્હ બની રહે છે. અરે ! નાના કર્મચારીઓ ઉદા. તરીકે છાત્રાલયના રસોયા ગિરજાશંકર ત્રિવેદી, કોઠારી હીરાભાઈ વગેરે અગણિત કર્મચારીઓ પ્રતિ સાહેબે દાખવેલ સ્નેહ અને આ સૌએ સાહેબ પ્રતિ અભિવ્યક્ત કરેલ અહોભાવ હૃદયને ભીંજવી દે છે. આ સાથે પ્રસંગોપાત્ત વિશિષ્ટ મહાનુભાવોના જીવનની નોંધપાત્ર ઘટનાઓ ચરિત્રનાયકના વ્યક્તિત્વના કોઈ એક કે એકાધિક પાસાના તુલનાત્મક પરિપ્રેક્ષ્યમાં પણ રજૂ કરવામાં આવી છે. ઉદા. તરીકે રોબર્ટ શેરવુડે અમેરિકાના પ્રેસિડેન્ટ રુઝવેલ્ટ એમના શોફર (કાર ડ્રાઇવર)ને સિગારેટ ઓફર કરતા દર્શાવ્યા છે. વિશ્વના સૌથી સમૃદ્ધ દેશના પ્રેસિડેન્ટનું આ કાર્ય મનુષ્ય મનુષ્ય વચ્ચે જવલ્લે જ જોવા મળતું ભાવલીલાનું આ એક દૃશ્ય છે. આપણા ચરિત્રનાયકના માનવતાવાદી વલણની આવી અનેક ઘટનાઓ લેખકે નોંધી છે ઉદા. તરીકે પોતાની ફૅક્ટરીના નાના કર્મચારીઓને ભાગીદાર બનાવવા, કાર્યાલયમાં કાર્યવશાત કોઈ કર્મચારીને વધુ રોકાવું પડે તો રાત્રે તેને ઘેર પહોંચાડવાની વ્યવસ્થા કરવી વગેરે. આ ઉપરાંત જુલિયસ સીઝરના વિજયોત્સવ સંદર્ભે કહેવાતી સૂક્તિ : ‘Veni, Vidi, Vici (I came, I saw, I concquered’ હું આવ્યો, મેં જોયું મેં જીતી લીધું) માણેકલાલ સાહેબના જીવનનાં ચતુર્વિધ સોપાનો સાથે કઈ રીતે સાંગોપાંગ મળતી આવે છે તે ‘સ્વયંસિદ્ધ પુરુષ’ના પ્રકરણમાં તારવી આપ્યું છે.

‘જીવનકિતાબનું અંતિમ પાન’માં સાહેબના જીવનના અંતિમ દિવસ અને સમય સુધીનો એટલે કે કડીમાં તા. ૧૨ જાન્યુઆરી, ૨૦૧૨ના રોજ રાત્રે ૧૧ કલાક આસપાસ થયેલા તેમના અવસાનની ક્ષણ સુધીનો અહેવાલ પ્રિ. સોમભાઈ પટેલે તૈયાર કરેલ વિગતોની અક્ષરશઃ નોંધ સાથે રજૂ કરવામાં આવ્યો છે, જે સંસ્થા પ્રત્યેની પ્રતિબદ્ધતાનો પ્રતીતિકારક બની રહે છે. અંતિમ પ્રકરણ માન, અકરામ અને અંજલિઓ માટે ફાળવેલ છે. ‘એક બીજા છગનભાએ વિદાય લીધી’ પ્રકરણમાં સર્વ વિદ્યાલય પરિવારના મોભી – પરિવારના વડાના આકસ્મિક નિધનથી શોકસંતપ્ત બનેલ કડી નગર તથા શિક્ષણજગત અને તેમના અંતિમ દર્શનાર્થે ઊમટી પડેલ વિરાટ માનવસમુદાય, સ્મશાનયાત્રા ટાણે મહોલ્લે મહોલ્લે આર્તભાવે શ્રદ્ધા– સુમન અર્પણ કરતાં અબાલવૃદ્ધ નગરજનો, તા. ૧૩મીની સાંજના ચાર વાગ્યે ભાઉપુરાના સ્મશાનમાં અગ્નિસંસ્કાર એ ત્યાર બાદ કડી તથા ગાંધીનગરમાં યોજાયેલી શ્રદ્ધાંજલિ સભાઓનું આયોજનને આવરી લેતું હૃદયદ્રાવક વર્ણન વાચકને અશ્રુસભર બનાવી દે એટલું ભાવસભર છે.

સમગ્રતયા આ ચરિત્રગ્રંથ સાહિત્ય અને ઇતિહાસના તાણાવાણાઓથી રસાયેલ અને કસાયેલ છે. સર્વાનુભવ રસિક છે. માણેકલાલ પટેલના માધ્યમથી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી - ગાંધીનગર અને કડી

નગરના સર્વાંગીણ વિકાસનો પ્રાયઃ અડધી સદીના કાળખંડનો સુગ્રથિત ઇતિહાસ મળી રહે છે. બીજી રીતે જોઈએ તો એક શિક્ષક - આચાર્ય નિવૃત્તિના ત્રણ દશક પછી પણ પોતાની કર્મભૂમિ - સંસ્થા સાથે એકનિષ્ઠ ભક્તિભાવે જોડાયેલા રહ્યા છે, તેનાં અનોખા દર્શન થાય છે. – ગુરુકુળ પરંપરાની યાદ તાજી કરાવે છે. આવા ઉદાત્ત, કર્મનિષ્ઠ આચાર્ય - લેખક અને કર્મચૂડામણિ ચરિત્રનાયકને કોટિ કોટિ વંદન.

**મણિભાઈ પ્રજાપતિ**

**લોકસ્મૃતિમાં સયાજીરાવ** / સંકલન અને સંપાદન : બંસીધર, અનુવાદ : રાજેન્દ્ર નાણાવટી, વડોદરા : સરદાર ભુવન ટ્રસ્ટ, ૨૦૧૪. ૨૪, પૃ. ૧૩૧, કિ. : રૂ. ૧૫૦.




ભૂતપૂર્વ વડોદરા રાજ્યના મહારાજા સર સયાજીરાવ ગાયકવાડ ત્રીજાનો શાસનકાળ ઈ.સ. = સા.સં. ૧૮૮૧થી ૧૯૩૯ રહ્યો હતો. તેમનો જન્મ વડોદરાના ગાયકવાડ રાજકુળની એક શાખામાં નાસિક જિલ્લાના કવલાણા ગામમાં ઈ.સ. ૧૮૬૩માં થયો હતો અને તેમને સ્વ. મહારાજા ખંડેરાવનાં વિધવા મહારાણી જમનાબાઈ દ્વારા ઈ.સ. ૧૮૭૫માં દત્તક લઈને વડોદરા રાજ્યના ભાવી ઉત્તરાધિકારી તરીકે ઘોષિત કરવામાં આવ્યા હતા. તેમના અવસાનને આજે ૭૫ જેટલાં વર્ષો પસાર થઈ ગયાં હોવા છતાં તેમની સ્મૃતિ લોકહૈયામાં તાજી જ રહી છે, તેનું શ્રેય તેમનાં અસાધારણ પ્રજાવત્સલતા, પ્રગતિશીલતા, સ્વાભિમાનતા, રાષ્ટ્રભક્તિ વગેરે ગુણોને જાય છે. આ બધા ગુણો સદ્ગત મહારાજા સાથે સંકળાયેલ ઘટનાઓના માધ્યમથી પ્રસંગોપાત્ત લોકજીભે સાંભળવા મળે છે અને તે પણ ભારે ગર્વપૂર્વક અને ઉદાહરણ સ્વરૂપ કહેવામાં આવે છે કે ક્યાં આજના કહેવાતા પ્રજારાજના આપણા ચૂંટેલા ભ્રષ્ટ અને સત્તાલોભી શાસકો અને ક્યાં આ વંશપરંપરાગત છતાં ખરા અર્થમાં પ્રજારાજના હિમાયતી અને પ્રજાવત્સલ શાસક ! જોકે ક્વચિત્ આવી ઘટનાઓને લોકરંજકતા કે મહારાજા પ્રતિ અહોભાવ પ્રગટ કરવા માટે જાણે યા અજાણે કલ્પનાનો ઢોળ ચઢાવવામાં આવતો હોય છે, પરિણામે મૂળ ઘટના કે હકીકતનું વિકૃત સ્વરૂપ પ્રચલિત બની રહે છે. આ પરિસ્થિતિમાંથી બચવા માટે મહારાજાનું વાસ્તવિક સ્વરૂપ યથાતથ જળવાઈ રહે તે હેતુસર રામાયણ અને મહાભારતની શુદ્ધ વાચના તૈયાર કરવા માટે વડોદરા અને પૂના દ્વારા જે સંશોધકીય અભિગમ અને હેતુથી પાઠ નિર્ધારિત કરવામાં આવ્યા છે તેવા વિશુદ્ધ ભાવે પ્રો. બંસીધરજીએ મહારાજા સંબંધી ઉપલબ્ધ વિપુલ સાહિત્યમાંથી ખાં-ખાંખોળા કરીને પ્રામાણિક ઘટનાઓને દસ્તાવેજી સ્વરૂપ આપ્યું છે, જે ભૂરિ ભૂરિ પ્રશંસાને પાત્ર છે. અહીં તેમનાં મહારાજા સાહિત્યના પ્રખર અધ્યેતા અને ઇતિહાસનિષ્ઠાનાં દર્શન થાય છે. આ બાબતની પ્રતીતિ ગ્રંથારંભેની 'પ્રસ્તાવના'માં મહારાજાની વંશપરંપરા, શાસન સંભાળવા પૂર્વેની અને સમકાલીન સામાજિક-રાજકીય પરિસ્થિતિ, ૧૮૫૭ની ક્રાંતિ પરવર્તીયુગીન ભારેલા અગ્નિ જેવી રાજકીય સ્થિતિ, ઈસાઈ મિશનરીઓનું સાંસ્કૃતિક આક્રમણ અને તેની સામે આર્યસમાજ, રામકૃષ્ણ મિશન વગેરેની સ્થાપના અને તેમની પ્રવૃત્તિઓ, સામ્રાજ્યવાદી માનસિકતાથી ગ્રસિત ભારતીય સમાજ વગેરે બાબતોની છણાવટ કરીને સર સયાજીરાવની પ્રજા કલ્યાણલક્ષી પ્રવૃત્તિઓ અને બ્રિટિશ શાસકોની ધમકીઓ અને દબાણને વશ ન થઈને રાષ્ટ્રના ઉદ્ધારની જવાબદારી કઈ રીતે વહન કરી તેની ગહન ચર્ચાના આધારે થાય છે. આ ગ્રંથને આવકારતાં મ.સ. વિશ્વવિદ્યાલયનાં કુલાધિપતિ ડૉ. મૃણાલિની દેવી પુવારનો હૃદયોદ્ગાર 'શ્રી મહારાજ સા. પર અત્યાર સુધીમાં જેટલાં પુસ્તકો આવ્યાં છે તે બધાંમાં આ એકદમ અલગ પ્રકારનું અને અભિવન પુસ્તક છે....શ્રી બંસીધરે.... વિવિધ પુસ્તકોમાં શોધખોળ કરીને ઘટનાઓના મૂળ સુધી જવાનો પ્રયત્ન કર્યો છે. એ કારણે આ પુસ્તક ઘણું ઉપાદેય અને મહત્ત્વનું બન્યું છે.' અને આ જ વાતને શબ્દાન્તરે વધાવીને અને સ્વીકારીને

નેશનલ લાઇબ્રેરી, કોલકતાના મરાઠી વિભાગના ગ્રંથપાલ તથા સુપ્રસિદ્ધ મરાઠી સાહિત્યકાર શ્રી શ્રી. બા. જોશીએ આ ગ્રંથને 'નવનીતનો કળશ' ગણાવેલ છે, જ્યારે આ ગ્રંથના પ્રકાશક અશ્વિન શાહે આ ગ્રંથના પ્રકાશન પાછળ સેવેલ અભિલાષા 'મહારાજા સાહેબની સેવાઓ, તેમના વિચારો, આદર્શો અને કાર્યોથી નવી પેઢી ભલી ભાંતિ અવગત બની રહેશે' તે યથાર્થ જ ઠરે છે.

પ્રસ્તુત ગૌરવશીલ ગ્રંથમાં મહારાજા સયાજીરાવ ત્રીજાનાં જીવન અને કાર્યશૈલી યા કહો કે ગુણરાશીને અભિવ્યક્ત કરતી ફક્ત ૬૨ ઘટનાઓ ગ્રંથસ્થ કરવામાં આવી છે, જે જીવનોપયોગી હોવા ઉપરાંત પ્રેરક સંદેશ પણ આપી જાય છે. આમ તો પોતાના યુગના મહાસમર્થ લોકનાયક વિશે ઢગલાબંધ કિંવદન્તિઓ કર્ણોપકર્ણ સાંભળવા મળે છે. પરંતુ લેખક – સંપાદકે અંગ્રેજી, મરાઠી અને ગુજરાતી ગ્રંથોમાં એક યા બીજા સ્વરૂપે ઓછાવત્તા અંશે નોંધાયેલ અને અધિકૃત ઘટનાઓની પસંદગીમાં જ ધ્યાન આપ્યું છે, તેમજ જે તે ઘટનાના સંદર્ભો યથાસંભવ પાદટીપમાં અથવા ચોક્કસ તારીખ વર્ષ સહિત જે તે ઘટનાના વર્ણન સાથે વણી લીધા છે. ઉદા. તરીકે 'મહારાજા અને લોકમાન્ય તિલક'ની ઘટનામાં મહારાજાએ પૂનાનો ગાયકવાડો લોકમાન્ય તિલકને ટોકન કિંમત લઈને મફતના ભાવમાં આપી દીધો હતો તેવી લોકવાયકા પ્રચલિત છે. હકીકતમાં રૂ. ૧૫,૪૦૦ની કિંમતે વેચેલ તેનો આધાર ન. ચિ. કેળકર કૃત તિલકના જીવનચરિત્રના આધારે તેમજ મહારાજા અને સદાશિવ વિનાયક બાપટ વચ્ચેની મુલાકાતનો આધાર રજૂ કરીને સ્પષ્ટ રીતે તારવી આપી છે. આમ છતાં પ્રત્યેક ઘટના કયા ગ્રંથ – કે સ્રોતમાંથી અને કયા પેજ ઉપરથી લેવામાં આવી છે તેનો ચોક્કસ સંદર્ભ આવકાર્ય બની રહેત તેમજ ભાવિ સંશોધકો માટે આધારરૂપ બની રહેત, જેનો અહીં અભાવ જણાય છે. ઉદા. તરીકે 'ભવિષ્યની આગાહી'માં મહારાજા અને સર આગાખાન પૂનાના 'ગવર્નર હાઉસ'માં સા.સં. ૧૯૦૮માં રોકાયા હતા તે સમયે બંને વચ્ચે થયેલ ખૂબ જ મહત્ત્વનો વાર્તાલાપ કે જે મહારાજાના વ્યક્તિત્વની કસોટી રૂપ છે અને આર્ષદ્રષ્ટા સ્વરૂપ છે તે કયા સ્રોતના આધારે ટાંક્યો છે તેનો કોઈ સંદર્ભ દર્શાવ્યો નથી. ગ્રંથાન્તેની 'સંદર્ભગ્રંથસૂચિ' કે પ્રાયઃ જેના આધારે ઘટનાઓ વર્ણવામાં આવી છે તેમાં પણ માત્ર શીર્ષક અને તેના કર્તાના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, બાકીની વિગતો જેમકે પ્રકાશક, પ્રકાશન સ્થળ, પ્રકાશન વર્ષ, આવૃત્તિ વગેરે પ્રતિ ઉપેક્ષા સેવવામાં આવી છે. આપણા ત્યાં શાસ્ત્રીયસૂચિની સભાનતા કેળવાઈ નથી તેનું આ પરિણામ ગણવું રહ્યું !

અહીં ગ્રંથસ્થ ઘટનાઓને કાળક્રમાનુસાર રજૂ કરવાના પરિણામે મહારાજાના વ્યક્તિત્વનો ક્રમિક વિકાસ સ્વતઃ ઊપસી આવે છે, તેમજ જે તે સંદર્ભે મહારાજાએ કરેલ નિર્ણય યા અપનાવેલ રીતિ-નીતિને ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં મૂલવવા માટે પણ ઉપકારક બની રહે છે. લેખક – સંપાદક સર સયાજીરાવના શાસનના અને તત્કાલીન રાજકીય – સામાજિક સ્થિતિના કેટલા આરૂઢ અભ્યાસી છે તેની પ્રતીતિ ગ્રંથસ્થ ઘટનાઓના આલેખન દ્વારા થઈ રહે છે. અર્થાત્ પ્રત્યેક ઘટના રજૂ કરવાના પ્રારંભમાં અથવા અનુકૂળ સ્થળે તેનો સંક્ષેપમાં પણ ઐતિહાસિક સંદર્ભ આપવાનું ચૂક્યા નથી. પરિણામે સયાજીરાવના જીવનચરિત્ર – શાસનપ્રણાલીમાં રસ ધરાવતા જિજ્ઞાસુઓ અને સંશોધકોને ઠોસ આધાર મળી રહે છે. આ ઉપરાંત લેખકની રસળતી અને પ્રવાહી શૈલી પણ ધ્યાનાકર્ષક બની રહે છે. આમ, મહારાજા પ્રત્યેનાં અનન્ય આદર અને આસ્થા, ઠોસ તથા જીવનોપયોગી વિષયવસ્તુ અને તેની સામર્થ્યશીલ અભિવ્યક્તિના ત્રિવેણી સંગમના કારણે આ પુસ્તક હાથમાં લીધા પછી ભાગ્યે જ કોઈ વાચક અધૂરું છોડશે.

મહારાજાના વ્યક્તિત્વનાં અનેકવિધ પાસાંઓ જેમકે બહુશ્રુત અને બહુઆયામી કુશળ પ્રશાસક અને રાજનીતિજ્ઞ, રાષ્ટ્રભક્ત, પ્રજાવત્સલ, સાહિત્ય, કલા, શિક્ષણ, અખાડાપ્રવૃત્તિ અને ઇતિહાસમાં વિશેષ રસરુચિ ધરાવનાર, સમાજસુધારક વગેરેનાં દર્શન આ ઘટનાઓના માધ્યમથી થાય છે. લુઈસ બ્રુમફિલ્ડે સાચું જ કહ્યું છે કે 'તેઓ પ્રજાને માટે આવ્યા હતા અને પ્રજાને માટે જીવ્યા.' અહીં આપણને મહારાજા સત્તાનાં સૂત્રો સંભાળ્યાના થોડાક જ માસમાં મોટરના બદલે બળદગાડામાં બેસીને રાજ્યનો પ્રવાસ કરતા અને પ્રજાની સમસ્યાઓ હલ કરતા, વિખ્યાત ચિત્રકાર રાજા રવિ

વર્માના ચિત્રોનું મોતીબાગ બંગલામાં પ્રદર્શન ગોઠવીને રાજ્યની પ્રજાને લાભ આપતા અને રવિ વર્માને સન્માનતિ કરતા, વતન કવલાણાના બાળસખા ચિંધાને વડોદરા મળવા બોલાવતા અને મુક્ત મને મળતા તથા ઈ.સ. ૧૯૨૬માં જન્મભૂમિ કવલાણામાં જઈને સૌને મળતા, ન્યાયના પક્ષકાર, વડોદરા રાજ્યની શાળાઓમાં શારીરિક શિક્ષણ આપવા માટે જુમ્માદાદા સાથે વિચાર-વિમર્શ કરતા, અસ્પૃશ્યતા નિવારણ અર્થે રાજમહેલમાં તમામ જાતિના સમુદાયો માટે ભોજન સમારંભનું આયોજન કરતા અને આંબેડકરના પ્રેરક, શીર્ષસ્થ ક્રાંતિકારી અને આ પ્રવૃત્તિઓ માટે લગાવ હોવાના કારણે મહારાજાએ વિદેશથી તત્કાલીન દીવાનને તાર દ્વારા જણાવ્યું હતું કે ‘શ્રી અરવિંદ વડોદરા અને કૉલેજની નોકરી છોડીને ન જાય એ માટે પૂરેપૂરા પ્રયત્નો કરવામાં આવે’ તે સૂચના આપતા, એક સાર્વભૌમ મહારાજા તરીકે લોર્ડ કર્ઝનના ૧૯૦૩ના દિલ્હી દરબાર પ્રસંગે સરઘસમાં જોડાવાનો સ્પષ્ટ ઇન્કાર કરવો અને વાઇસરોયને કુર્નિસ બજાવવાના પ્રોટોકોલનો ભંગ કરતા અને ઈ.સ. ૧૯૧૧ના દિલ્હી કોરોનેશન દરબાર સમયે રાજાને પ્રણામ કર્યા બાદ ઊલટા પગે ચાલવાની પરંપરાને તોડીને રાજા-રાણી તરફ પીઠ ફેરવીને પોતાના સ્થાને પાછા ફરતા, ૫૫ વર્ષે સંસ્કૃત શીખતા અને ધાર્મિક ક્રિયાઓની પ્રજાને જાણકારી મળી રહે તે માટે નાની – નાની પુસ્તિકાઓ છપાવતા, સાહિત્યરસિક, વડોદરામાં ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ અને પેટલાદમાં હાઈસ્કૂલની સ્થાપના કરનાર, ગુજરાતીને રાજભાષાનો દરજ્જો આપનાર વગેરે પાસાંને ઉજાગર કરતી રસપ્રદ ઘટનાઓ જોવા મળે છે.

આ અનુવાદિત ગ્રંથ મૂળમાં ‘લોકસ્મૃતિ મેં સયાજીરાવ’ શીર્ષક હેઠળ હિંદીમાં રચાયેલ છે. આ અનુવાદ એટલો હૃદ્ય થઈ પડ્યો છે કે જાણે કે તે મૂળમાં જ શિષ્ટ ગુજરાતી ભાષામાં રચાયેલ હોય તેવી પ્રતીતિ થાય છે. અનુવાદક સંસ્કૃતના પ્રકાંડ પંડિત હોવાથી તેમના લેખનમાં સંસ્કૃતનિષ્ઠ પદાવલી સ્વાભાવિક રીતે જ વણાઈ ગયેલી બની રહે. આમ છતાં અહીં તેની છાંટ પણ આવવા દીધી નથી, જે ખરે જ સરાહનીય – શ્લાઘનીય બાબત છે. નોંધવું રહ્યું કે ગુજરાતનું ગૌરવ એવા અનુવાદક ડૉ. રાજેન્દ્ર નાણાવટી ઓરિએન્ટલ ઈન્સ્ટિટ્યૂટ, એમ. એસ. યુનિવર્સિટી, વડોદરાના સેવાનિવૃત્ત નિયામક છે. ભારતના રાષ્ટ્રપતિ દ્વારા સંસ્કૃતના વિદ્વાન તરીકે ‘સર્ટિફિકેટ ઓફ ઓનર’થી વિભૂષિત છે. આ ગ્રંથના ‘અભિમત’માં શ્રી શ્રી. બા. જોશીએ વડોદરામાં દેશી રિયાસતો વિશેની સંપૂર્ણ સામગ્રી સંગૃહીત કરીને એક રિસોર્સ સેન્ટર કમ – લાઇબ્રેરીનું નિર્માણ કરવા સુચિંતનીય સૂચન કર્યું છે, જે ખરે જ કરવા જેવું કાર્ય છે. આ દૂરંદેશિતાપૂર્ણ સૂચનને કેન્દ્ર સરકાર દ્વારા સાકાર કરવું જ રહ્યું ! કમ સે કમ ગુજરાત સરકારે ગુજરાતની દેશી રિયાસતોના રિસોર્સ સેન્ટર સંબંધી આ સામગ્રી વિલુપ્ત થઈ જાય તે પૂર્વે સત્વરે વિચારવું રહ્યું !

અહીં ગ્રંથસ્થ ઘટનાઓનું ભૌગોલિક દૃષ્ટિએ નિરીક્ષણ કરતાં સ્પષ્ટ ઊપસી આવે છે કે રાજ્યના અન્ય ત્રણ પ્રાંતો અમરેલી, કડી અને નવસારી સાથેની મહારાજા સાહેબની કોઈ સંસ્મરણાત્મક ઘટનાઓ નોંધાયેલી જોવા મળતી નથી – નવસારી પ્રાંતની બે ઘટનાઓના અપવાદને બાદ કરતાં. આ ઉપરાંત વિષયની દૃષ્ટિએ જોઈએ તો કેટલાક વિષયોનું પ્રતિનિધિત્વ જોવા મળતું નથી. ઉદા. તરીકે ભારતની સાર્વજનિક પુસ્તકાલય પ્રવૃત્તિના પ્રણેતા – ગામ ત્યાં ગ્રંથાલયની સ્થાપનાના પુરસ્કર્તા, મહિલા શિક્ષણ, સત્તાનું વિકેન્દ્રિકરણ કરી લોકપ્રતિનિધિત્વ ક્ષેત્રે પહેલ કરનાર વગેરે વગેરે. આ બધાં ક્ષેત્રોમાં સંશોધન કરવાથી ઘણી રસપ્રદ ઘટનાઓ મળી રહેવાની પૂરી શક્યતા છે. ઉદા. તરીકે ઈ.સ. ૧૯૨૬માં મહારાજા સાહેબે બ્યુરોક્રસીની સલાહને અવગણીને કડીમાં સર્વ વિદ્યાલયની મુલાકાત લીધી હતી, જેમાં મહારાજાની આગવી સૂઝ અને સર્વ વિદ્યાલયના સંચાલકોનાં રાષ્ટ્રભક્તિથી અભિષિક્ત અસાધારણ ખમીર અને હિંમતનાં દર્શન થાય છે. સ્વાતંત્ર્ય સંગ્રામની ચળવળ સમયે બનેલ આ ઘટના આજે પણ પ્રેરણાદાયી અને દ્રષ્ટવ્ય હોવાથી તેનો અક્ષરશઃ પાઠ નીચે મુજબ છે. આ ઘટનાના સાક્ષી દાસકાકા (સ્વ. પુરુષોત્તમદાસ રણછોડદાસ પટેલ, એમ.પી.) હતા. મોહનલાલ પટેલે તેમના બહુમૂલ્યચરિત્રગ્રંથ ‘પ્રજ્ઞાદીપ છગનભા’ (૧૯૮૯)માં પૃ. ૧૦૦-૧૦૨માં આ ઘટના નોંધી છે, જેનો

અક્ષરશઃ પાઠ નીચે મુજબ છે. વધુમાં કડીની આ શાળા અને છાત્રાલયનો પુનઃ ઉલ્લેખ મહારાજાએ શ્રી કડવા પાટીદાર છાત્રાલય, કારેલી બાગ, વડોદરામાં ઉદ્‌ઘાટન પ્રસંગે તા. ૧૬ ડિસેમ્બર, ૧૯૩૫ના રોજ કરતાં જણાવ્યું હતું કે, 'કેટલાક વર્ષ ઉપર હું કડી પ્રાંતમાં ફરતો હતો ત્યારે કડીમાં તમારી કોમના છાત્રાલયની મુલાકાતે ગયેલો. તે વખતે રા. સ્વામીનારાયણે મને સંસ્થા બતાવેલી. તેનું કામકાજ જોઈ મને હર્ષ થયેલો. તે સંસ્થા આજે વિસ્તીર્ણ થઈ આવી સારી સ્થિતિમાં આવી તે જોઈને મને વધારે હર્ષ થાય છે. કારણ તે વખતે જે વિચાર સંભવિત ન હતો તે આજે સંભવિત થયો છે.' (જુઓ : શ્રી મહારાજા સયાજીરાવ ગાયકવાડ એઓશ્રીનાં વ્યાખ્યાનો તથા ભાષણો, પુસ્તક ત્રીજું, ૧૯૩૮, પૃ. ૨૩-૨૪)

"વડોદરા નરેશ મહર્ષિ સયાજીરાવ તા. ૩-૧-૧૯૨૬ના દિવસે કડીમાં પધાર્યા. વડોદરા રાજ્યની પ્રણાલિકા કે મહારાજા સાહેબ જ્યાં જાય ત્યાં તેની આગળ પડતી સંસ્થાઓની મુલાકાત લે. તેમની મુલાકાતનો પ્રોગ્રામ તે પધારે તે પહેલાં સંસ્થાઓને જણાવવામાં આવે. મહારાજા સાહેબ તા. ૪-૧-૧૯૨૬ના દિવસે સવારે આઠ વાગે કડવા પાટીદાર વિદ્યાર્થી આશ્રમની મુલાકાત લેશે તેવું જણાવવામાં આવ્યું. સંસ્થાના પ્રાણસમા શેઠશ્રી દુર્ગાપ્રસાદ લશ્કરી અને પ્રો. સ્વામિનારાયણ અમદાવાદથી આવી ગયા. મહારાજા સાહેબના સ્વાગતની તૈયારીઓ થવા લાગી.

તા. ૪-૧-૨૬ની આગલી રાત્રે વડોદરા રાજ્ય સ્કાઉટ કમિશ્નર બોર્ડિંગમાં આવ્યા અને આશ્રમના વિદ્યાર્થીઓની સ્કાઉટ ટ્રુપ રચવા આગ્રહ કર્યો અને મહારાજા સાહેબના શુભ હસ્તે સ્કાઉટનો વાવટો ટ્રુપને આપવાનું કહ્યું, તે વખતે સ્કાઉટે For God, King and Country (ઈશ્વર, રાજા અને દેશ)ને વફાદાર રહેવાની પ્રતિજ્ઞા લેવી પડતી. કમિશ્નર સાથે વાટાઘાટ કરવામાં શ્રી પોપટભાઈ, કુબેરભાઈ, છગનભાઈ વગેરે તેમ જ હું હતા. ચર્ચા બે કલાક ચાલી. ઉગ્ર ચર્ચા થઈ. અમારું કહેવું હતું કે ભારતમાં રાજાઓ આવ્યા અને ગયા. વડોદરાની ગાદી ઉપર પણ રાજાઓ આવ્યા અને ગયા. આથી રાજાની વફાદારીના સોગન લેવામાં અમે માનતા નથી. સ્કાઉટની પ્રતિજ્ઞામાં રાજા શબ્દ એ ઇંગ્લૅન્ડના રાજા માટે છે. ભારત ઉપર અંગ્રેજો તેમના નામથી રાજ્ય કરે છે. ભારત આઝાદ થવા માગે છે. રાજા પ્રત્યે વફાદારીના સોગન એટલે ભારતને કાયમ માટે અંગ્રેજોના હાથ નીચે આવવાનું, ભારતની આઝાદીનો દ્રોહ કરવાનું. આ અમારાથી કે અમારા વિદ્યાર્થીથી નહિ થાય. અમે તો માત્ર દેશને વફાદાર રહેવા સોગન લઈએ.

કમિશ્નર નારાજ થઈ કડી રેસ્ટ હાઉસ ગયા. દીવાન સાહેબને વાત કરી. આ સંસ્થા તો બંડખોર છે. દીવાન સાહેબે મહારાજાને વાત કરી અને તેમની સંમતિ લઈ મહારાજા સાહેબની કડવા પાટીદાર વિદ્યાર્થી આશ્રમની મુલાકાત રદ કરતો ફતવો અમને રાત્રે એક વાગે પહોંચાડવામાં આવ્યો.

રાત્રે છગનભા, પ્રો. સ્વામિનારાયણ તેમજ શેઠશ્રી લશ્કરીને મહારાજા સાહેબની મુલાકાત રદ થયાની ખબર આપવામાં આવી. સૌ નારાજ થયા. પ્રો. સ્વામિનારાયણ સવારની પાંચની ગાડીમાં દેત્રોજ ગયા. શેઠશ્રી દુર્ગાપ્રસાદ લશ્કરી એમની મોટરમાં અમદાવાદ ગયા. વિદ્યાર્થીઓને ખબર આપવામાં આવેલ નહિ અને તેમણે તો સવારના બેન્ડ તૈયાર કર્યું અને એમની ડ્રીલ-કવાયતનો પોશાક પહેરી તૈયાર થયા.

મહારાજા સાહેબ સવારે આઠ વાગે એમની સાથે એમના એ.ડી.સી.ને રાખીને સ્ટેશન ઉપર આંટા મારવા નીકળ્યા. સામે વિદ્યાર્થી આશ્રમ. એમના મનમાં થયું કે આ બંડખોર સંસ્થાને મારે જોવી. તેમનું બંડનું જે કાંઈ જોવા મળે તે જોવું. અને રેલવેના પાટા ઓળંગી આશ્રમ તરફ આગળ વધ્યા. તેમને જોતાં જ સંસ્થાના પ્રવેશે તેમનું સ્વાગત કરવા સૌ તૈયાર થઈ ગયા. બેન્ડે સ્વાગત ગીત શરૂ કર્યું. મહારાજા સાહેબ આશ્રમમાં બૅન્ડની પાછળ પાછળ પ્રવેશ્યા. વિદ્યાર્થીઓની તથા શિક્ષકોની પલટણ પાછળ.

રેસ્ટ હાઉસ સ્ટેશનની નજીક જ છે. દીવાન સાહેબ વગેરે મહારાજા સાહેબ પાટીદાર આશ્રમમાં ગયા છે તે જાણી દોડતા આવ્યા.

મહારાજા સાહેબ વિદ્યાર્થીઓની રૂમોમાં ઓરડીઓમાં ગયા. વિદ્યાર્થીઓનાં દફતરો જોયાં. એમનાં પુસ્તકો જોયાં. ચક્કર ચક્કર ફરતી તકલીઓ વિદ્યાર્થીઓ

પાસે જોઈ. બધા વિદ્યાર્થીઓને શુદ્ધ ખાદીમાં જોયા. સ્કૂલના શિક્ષણ કાર્યક્રમમાં રેંટિયા અને સાળો જોઈ. વણાયેલી ખાદી અને પાટી જોઈ. કાંતેલું સૂતર જોયું. લાઇબ્રેરીમાં ગયા તો ઘણાં પુસ્તકો ઊંચાંનીચાં કરી જોયાં. પ્રિન્ટિંગ પ્રેસમાં છપાતું અને છાપેલું સાહિત્ય જોયું અને અંતે રસોડાની દક્ષિણ તરફની પડાળીમાં ગાદી બિછાવવામાં આવેલી ત્યાં આવીને બેઠા.

છગનભાએ સ્વાગત પ્રવચન કર્યું. મહારાજા સાહેબ તેમના તરફ જોઈ રહ્યા. અંતે મહારાજા સાહેબે પ્રવચન કરતાં જણાવ્યું : 'ગઈ કાલે રાત્રે મને તમારી સંસ્થા બંડખોર છે તેવું જણાવવામાં આવ્યું અને મેં તમારી સંસ્થાની મુલાકાત રદ કરી હતી. પણ સવારના ફરવા નીકળ્યો અને મનમાં થયું કે મારે આ બંડખોર સંસ્થા જોવી. મેં બારીકાઈથી બધું જોયું. મને લાગે છે કે આને મારા અમલદારો બંડખોર કહેતા હોય તો હું ઇચ્છું છું કે આવાં બંડ મારા રાજ્યમાં ગામેગામ થાય. મેં નવસારી, અમરેલીમાં આવી સંસ્થા ઊભી થાય તેવાં સ્વપ્નાં સેવ્યાં પણ હું નિષ્ફળ ગયો. અહીં મારું સ્વપ્નું સાકાર થતું જોયું છું.''

મહારાજા સાહેબ સંસ્થાની પ્રવૃત્તિઓથી સંતોષ પામીને રેસ્ટ હાઉસમાં પરત ગયા.

ત્રણ વાગે તેમનું ફરમાન આવ્યું. વિદ્યાર્થીઓ વગેરેને તેમના તરફથી સાત વાગ્યા પહેલાં જમાડવા. મેનુ એમણે નક્કી કર્યું. રજવાડી શાકાહારી ભોજન વિદ્યાર્થી જમવા બેસે તેની ખબર આપવાની, પછી મહારાજા સાહેબ જમવા બેસે.''

**મણિભાઈ પ્રજાપતિ**

## ક્યાં લાંછન છે ?

આપણી તમામ સરકારો આજે નાણાભીડમાં છે. નાણાંની તંગ સ્થિતિને લીધે આપણે પ્રજા-કલ્યાણનાં ઘણાં કાર્યો કરી શકતા નથી. પણ જો આપણે ગરીબ પ્રજા હોઈએ, તો આપણે ગરીબ છીએ એમ સ્વીકારવામાં આપણને ક્યાં લાંછન છે ? ગરીબ માણસો પોતાનો ઘરવ્યવહાર ગરીબાઈને ધોરણે ગોઠવે છે. આપણી સરકારો ગરીબ છે, તો આપણું સરકારી તંત્ર પણ ગરીબાઈને ધોરણે શા માટે ન ગોઠવાય ? આપણી રાજધાની શા માટે ગરીબીને ધોરણે ઊભી ન થાય ? આપણી ન્યાય-કોર્ટોનો પ્રભાવ ગરીબાઈથી શા માટે ઓછો થાય ?

પણ જો આપણને પોલીસને માટે પૈસા મળતા હોય, નવાં પાટનગરો ઊભાં કરવા માટે જો આપણને પૈસા મળતા હોય, આલીશાન ન્યાયમંદિર બાંધવા માટે આપણને જો પૈસા મળતા હોય અને ગામડાની શાળા માટે ઝૂંપડું બાંધવાના પૈસા ન મળતા હોય, તો આ સરકારો માટે આપણે શું સમજવું ?

**નાનાભાઈ ભટ્ટ**

(મહેન્દ્ર મેઘાણી સંપાદિત 'અરધી સદીની વાચનયાત્રા-૧'માંથી સાભાર)

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર
**વર્ષ : ૪, અંક : ૩, મે-જૂન, ૨૦૧૪, સળંગ અંક ૨૧**
સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**
પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૨૩૨૪૪૬૯૦**
ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬૪૨૭૯**



## સી. એમ. પટેલ કૉલેજ ઑફ નર્સિંગ, ગાંધીનગરના ઉદ્‌ઘાટન સમારોહનાં દૃશ્યો













Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar
Year 4, Issue No. 3 May-June, 2014
Editor : Manibhai Prajapati
Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,
L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016
Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6



સી. એમ. પટેલ કૉલેજ ઑફ નર્સિંગ, ગાંધીનગર

